કુમાર

અંક ૧૯


ઉગતી પ્રજાનું માસિક

અષાડ વર્ષ ૨ અંક ૭

૧૯૮૧



તંત્રી
રવિશંકર રાવળ



ચિત્રકાર:–
રવિશંકર રાવળ

ભરત અને મૃગ.

Lakshmi Art, Bombay, 8



એક જ દે ચીનગારી

(ભૈરવી)

એક જ દે ચીનગારી,
મહાનલ, એક જ દે ચીનગારી.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ખરચી જીંદગી સારી:
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી:
મહાનલ, એક જ દે ચીનગારી.

ચાંદો સળગ્યો, સુરજ સળગ્યો,
સળગી આભ–અટારી;
ના સળગી એક સગડી મારી—
વાત વિપતની ભારી:
મહાનલ, એક જ દે ચીનગારી.

ઠંડીમાં મુજ કાયા થથરે,
ખુટી ધીરજ મારી:
વિશ્વાનલ, હું અધિક ન માગું—
માગું એક ચીનગારી:
મહાનલ, એક જ દે ચીનગારી.



હરિહર ભટ્ટ



મોટી ખોટ

દેશબંધુ ચિત્તરંજન દાસના અકાળ મરણથી આપણે એક મહારથી ગુમાવ્યો છે. હીંદુસ્તાનના એકેએક ભાગમાં એ પુરુષસિંહના અવસાન માટે શોક પ્રદર્શિત કરવા ઠરાવો થયા છે; પણ તેથી શું? દેશબંધુ દાસે જે શક્તિથી દેશસેવા કરી બતાવી તેનો અંશ માત્ર પણ અનુકરણ કરવાની વૃત્તિ એ ઠરાવોની પાછળ દરેકે-દરેક જણની ન હોય તો એ ઠરાવો દંભ માત્ર છે.

ભ્રમણા

માબાપો વેતરૂં કરી કરી છોકરાંઓના હાથમાં મીઠાઇ મેવા આણી આપે છે તેમ દેશનેતાઓ સ્વાર્પણ કરી, દુઃખો વેઠી, જીવ આપીને પણ લોકોને આરામમાં રાખી સ્વરાજ હાથમાં મુકી દેશે એવી ભ્રમણા રાખનારા આપણા દેશમાં કેટલા બધા છે!

કોઇ કરશે

કોઈ આવીને આપણી સમાજસ્થિતિ સુધારી દેશે; કોઇ આવીને આપણું સાહિત્ય સમૃદ્ધ કરી દેશે; કોઇ આવીને

સ્વપ્નાં

તમને કદિ સ્વપ્નાં લાધે છે?

આ કંઈ આપણે રાત્રે ઉંઘમાં આવતાં સ્વપ્નોની વાત નથી કરતા. હું જે કહું છું તે તો તમારી આ અવસ્થાની સંપત્તિની વાત. એ તમારી બાળપણની દોલત છે, તમારી ઉગતી વયની કમાણી છે. તમે એ કમાણી અત્યારે કરી હોય તો જ તમારી આ ઉમર એળે નથી ગઇ.

તમને એમ નહિ સમજાય.

નીશાળના કમ્પાઉન્ડની પાળ પર બેસી એકીટશે આકાશ સામું જોઈ રહેલા, અથવા કોઇ ઝાડ તળે પડ્યાં પડ્યાં ઘાસની એકાદ સળી મોંમાં ઘાલી જાણે ઝાડનાં પાંદડાં ગણતો હોય તેમ, આળસુપણે પડી રહેલા



કાંઈ બેદરકાર લાગતા છોકરાને તમે જોયો છે? આપણને લાગે કે એમ એદીની પેઠે સુમસામ પડ્યો રહી એ એનો વખત વેડફી નાખે છે.

પણ ના; એ વખતે તે સ્વપ્નાં અનુભવતો હોય છે;—પોતાની ભવિષ્યની જીંદગીનાં સ્વપ્નાં જોતો હોય છે.

હવે તમને સમજાયું હશે. તમે પોતે પણ ઘણીવાર, સવારસાંજ નવરા પડ્યા ઘરને હીંચકે હીંચકતાં ભાવિનાં સ્વપ્નાં ઘડો છો: કોઈ વાર રાત્રે પથારીમાં આળોટતાં ઘરના ઝાંખા દીવાના પ્રકાશમાં, આવતા દિવસોનાં સ્વપ્નાં જુઓ છો; કોઇ કોઈ વખત ચોપડીના પાઠમાં કોઇ મહાન નરનું જીવન વાંચતાં તમારૂં મન તેમાંથી ખસી જઈ ભવિષ્યમાં તમે પણ કેવાક મહાન થશો એની કલ્પના કરવા મંડી પડે છે; કેટલી યે વાર ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય ત્યારે નીશાળનાં લેસન-

આપણાં બાળકોને મજબુત બનાવી દેશે એવી એવી આશામાં આપણા લોકો એકે તરફ જાતપ્રયત્ન કર્યા વિના કાળના પ્રવાહમાં ખેંચાયા જ જાય છે.

હું પછી કરૂં

એકાદ કુસંસ્કાર કે કુરિવાજ તોડવાની જરૂર જણાય છે ત્યારે દરેક માણસ એવો જ વિચાર કરે છે કે બીજું કોઇ પહેલ કરે પછી હું કરૂં. અને બીજો કોઇ માણસ આગળ ચાલે છે ત્યારે પણ તેનો અખતરો ક્યાં સુધી જાય છે તે જોતા જોતા અવતાર એળે કાઢે છે ને પોતાના જીવનની ભુલો સંઘરી જ રાખે છે.

પરાધીન મનોદશા

આવી નબળી મનોદશા આપણી ઉગતી પ્રજાને વારસામાં મળી છે. માબાપો અને શિક્ષકો તેના જીવનનો ક્રમ નક્કી કરે છે. વિદ્યાર્થીને પોતાના વીશે કંઇ પણ યોજના કરવાની રહેતી જ નથી. માબાપ જે નીશાળે બેસાડે ત્યાં વખતસર જવું, જે શિક્ષક પાસે મુકે તેની બધી જોહુકમી વેઠવી, રમત-

ગમત, અભ્યાસ બધાનો જે વખત શિક્ષકો નક્કી કરી રાખે તે પ્રમાણે ગુલામની માફક મનમાં ગમે કે ન ગમે તોપણ મુંગે મોંએ વર્ત્યે જવું. જરા પણ વિરૂદ્ધ ઇચ્છા બતાવે તો તેને માટે જાત જાતની સજાઓ વડીલો પાસે તૈયાર. નીશાળના પાઠો કંટાળાભરેલા લાગે એટલે મનગમતી વાર્તા કે કવિતાનું પુસ્તક વાંચવા માટે વિદ્યાર્થીને ચોરીછુપી શીખવી પડે છે અથવા પોતાની વૃત્તિ કચરી નાખવી પડે છે.

એક આશા

દક્ષિણામૂર્તિભવનના કુલપતિ નૃસિંહપ્રસાદ ભટ્ટ વિદ્યાર્થીઓની આ દશા સામે મોટી ઝુંબેશ ઉઠાવી રહ્યા છે. રાષ્ટ્રીય શિક્ષણ મંડળની એક સભામાં તેમણે દૃઢપણે જણાવ્યું કે હીંદુસ્તાનને સ્વરાજ જોઈતું હોય તો તેની શરૂઆત શાળામાંથી થવી જોઇએ.

વિદ્યાર્થીનું રાજ્ય

વિદ્યાર્થીઓને તેમના બાલજીવનમાંથી તેમના ક્રમ નક્કી કરવાની, તેમની ઈચ્છા નીડરપણે જાહેર કરવા દેવાની, તેમની જ બહુમતીથી સંસ્થાની ગોઠવણ કરવાની, અને તેમના પર વડીલો તરફથી ગેરસમજથી અણગમતી વર્તણૂક થતી હોય તે સામે અવાજ આપવાની છુટ મળવી જોઇએ. વિદ્યાર્થીઓ જ શાળાનાં સમયપત્રકો નક્કી કરે, વિદ્યાર્થીઓ જ છાત્રાલયની વ્યવસ્થા રાખે: શાળા અને બોર્ડિંગની :યુનિસિપાલીટી પણ વિદ્યાર્થીઓના જ હાથમાં હોય, અને વિદ્યાર્થી-સભા જ તે સર્વેનું નિયંત્રણ જાળવે. દેશનેતાઓ કહે છે કે ભુલો કરવાની તક પણ સ્વરાજમાં હોય. વિદ્યાર્થીજીવનમાં પણ ભુલો કરતાં કરતાં જ ઘણું શીખવાનું મળે છે.

શું કરીશું ?

બધે એક જ સવાલ છે: શું કરીશું ? દરેક વિદ્યાર્થી નીશાળ છોડતાં પુછે છે, હવે શું કરવું ? જે દેશમાં કેળવણી લીધા પછી વિદ્યાર્થીને આ સવાલ પુછવાનો રહે તે દેશ કેટલો નિર્ધન અને દુર્ભાગી ?

આંખફુટામણી કૉલેજો આત્મશ્રદ્ધા વિનાના આ વિદ્યાર્થીઓને ખેંચી રહી છે. કુટુંબના ભરણપોષણમાં વાંધા પડતા હોય તોપણ ચાલો કૉલેજમાં ભણીએ એમ કરી કેટલા વિદ્યાર્થીઓ હજારો રૂપીઆ અને જીવનનાં કીમતી વર્ષો ખરાબ કરે છે! સરેરાશ દરેક વિદ્યાર્થી ભણતર પાછળ લગભગ પાંચ

માથી ચિત્ત ખસેડી શૂન્ય નજરે બારીમાંથી બહાર, વરસતા વરસાદની ધારા સાથે તમારી કલ્પનાની ધારાને વહેતી મુકી દઈ તમે મોટપણના મનોરથો રચ્યા છો. ઘણી યે વાર તમે ચાર મિત્રો ભેગા થઈ બપોરની નીશાળની રજામાં કે સાંજે ઘેર જતાં સાધારણ વાતોમાંથી ચાતરી ભવિષ્યની મહત્વાકાંક્ષાઓ ઘડવા નથી મંડી પડતા ?

હું જે સ્વપ્નાં કહું છું તે એ જ. સ્વપ્નાં એટલે ભવિષ્યના જીવનની સોનેરી કલ્પનાઓ; ભાવિની અમોલી મહત્વાકાંક્ષાઓ: મનના મોંઘા મનોરથ.

દુનીઆડાહ્યાં એને ખ્યાલી સ્વપ્નાં કહી હસી કાઢે છે, મહત્વાકાંક્ષાઓ રચનારને તરંગી કહી તેની ઠેકડી કરે છે, અને મનોરથો ઘડનારની હાંસી કરી તેને નિરાશ બનાવી મુકે છે.

પણ હું કહું છું કે એ જ તમારી ખરી દોલત છે; એ જ તમારી આ વયનું જવાહીર છે. એનું જીવની પેઠે જતન કરજો, અને એને સાચાં પાડવા પાછળ ખુવાર થવાની તાકાદ કેળવજો.

ઉગતી વયે જેમણે એવાં સ્વપ્નો અને મનોરથો રચ્યા છે તે જ મોટપણે મહાન થઈ શક્યા છે, કે પોતાના જીવનનું સાર્થક કરી શક્યા છે.

ચેતનનો જેનામાં થનગનાટ છે, અંતરનો જેને ઉછાળો છે, જેની રગેરગમાં પ્રાણ ધબકે છે તે જ સ્વપ્નાં જુએ છે ને ઘડે છે; તેનામાં જ મનોરથો રચવાની ને પાર પાડવાથી તાકાદ છે. જેને સ્વપ્નાં નથી લાધતાં, જેને જીવનની મહત્વાકાંક્ષા નથી, જેને ભાવિની સોનેરી કલ્પનાઓ નથી તેણે જીવતર જીવ્યું જાણ્યું નથી. દુનીઆને એક ખુણે પોદળાની પેઠે પડી રહી તે મુડદાલપણે જીંદગી ગાળી નાખે છે.

તમે ખુબ—બાખુબ સ્વપ્નાં રચો; તમારી કલ્પનાના ઘોડાને પુરપાટ છુટ્ટા મુકી દો; તમારા મનને ઉંચામાં ઉંચા પ્રદેશમાં જઈ મનોરથો ઘડવા દો.

અને જે મનોરથો ઘડો તેમાં મક્કમ રહો; તેને રોજેરોજ ઘુંટતા જઇ પાકા કરતા રહો; અને તક મળતી જાય તેમ તેને દૃઢતાથી પાર પાડવા મથો.

એ ઘડી તમારી કસોટીની હશે; કેમકે મનોરથો પાછળ મથનારને દુનીઆ શરૂઆતમાં તો હીણે છે ને હાંસી કરે છે. સ્વપ્નાં પાછળ ખુવાર થવાની તમારામાં તાકાદ નહિ હોય તો એ સ્વપ્નાં 'સ્વપ્નાં'જ રહેવાનાં છે.



દરેક કાળમાં અને દરેક દેશમાં નવજવાનો જ સ્વતંત્રતાની લડત લડતા આવ્યા છે. નવજવાનો જ હંમેશાં વધુ નિષ્પાપ જુસ્સાવાળા અને આત્મબલિદાનને માટે વધુ તૈયાર હોય છે. તમે તો હીંદુસ્તાનની આશા અને હીંદુસ્તાનની કીર્તિ છો. સાચી કેળવણી 'બે ને બે ચાર' ભણી જાણવામાં નહિ, પણ જનની જન્મભૂમિ માટે બની શકે તે સેવા અર્પવામાં છે. એ જન્મભૂમિ આજે તમને સાદ કરી રહી છે. તમારામાંના કોણ, કેટલા એના સાદને ઝીલી લેવા તૈયાર છો ?

—દેશબંધુ દાસ

હુન્નર શીખ્યા ખરે છે: અને છેવટે તો પાછા દરેક ધંધામાં, દરેક નોકરીમાં નવા નીશાળીઆ જ રહે છે. અને થોડા પગારની ખાતર પોતાનાં ઉત્તમ જ્ઞાન અને અભ્યાસ ગમે તેના હાથમાં મુકી ગુલામી જીવન ગુજારે છે. નીશાળો અને કૉલેજોમાં આપણે શું શીખીએ છીએ ? દફતરી કામ સીવાય આપણામાં શી લાયકાત આવે છે ! નીશાળમાં ગોખીને પહેલા નંબર રાખનારા વિદ્યાર્થી દુનીઆમાં પડ્યા પછી પહેલા રહેતા નથી.

કેળવણી કઈ ?

છાપેલી ચોપડીઓની ગોખણપટ્ટી એટલે કેળવણી નહિ. અભ્યાસ અને કેળવણીથી માણસ પોતાના વ્યવહાર જાતે સંભાળી શકે, પોતાના જીવનનું વિધાન જાતે કરી શકે, પોતે જ પોતાની જોખમદારી ખેડી શકે એવો થાય તો જ તેને ખરી કેળવણી મળી કહેવાય.

અત્યારનો વિદ્યાર્થી

અત્યારની શાળાનો વિદ્યાર્થી પોતાના ઘરમાં ઉપયોગી થઈ શકતો નથી: શહેરની સેવા કરવા અશક્ત હોય છે: નાત અને ગામના વિચારોમાં ભળી શકતો નથી. કે નથી સામે થઈ શકતો: નથી પોતાનું સ્વમાન સાચવી શકતો: નથી તેના અભ્યાસનો વ્યવહારમાં પ્રયોગ કરી શકતો. કેટલીક વાર ભણતરનો ભોગ આપવામાં યે કેળવણી રહેલી છે એ ઘણા વિદ્યાર્થીઓ જાણતા નથી. ઘરમાં માતા માંદી હોય અને ભાઇ બીજાં નાનાં ભાંડુઓને મુકી ગમે તે ખાઈ નીશાળે દોડે અને ત્યાં જઈ શ્રવણની ભક્તિનો પાઠ વાંચે એ કેળવણી કેવી? એ આપનારા કેવા!

સ્વશિક્ષણ

બધી શાળાઓ સુધરી જાય તે દિવસ તો હજી દૂર લાગે છે. પણ દોસ્તો ! તમે તમારી કેળવણી જાતે જ હાથમાં લો. તમારા હૃદયમાં જે જે મનોરથો ભર્યા હોય તે દબાવી ન દો. શુદ્ધ અને પવિત્ર માણસો પાસે જઈ તેમની સલાહ લો; કુશળ પુરુષો પાસે જઈ તમારી ફુરસદે તેમની તાલીમ મેળવો; મંડળો બાંધી વ્યવસ્થાશક્તિ કેળવો; તમારી પોળની ટોળી કરી પોળની સ્વચ્છતા અને સમાધાની સાચવો; તમારા મહેમાનોનું આતિથ્ય કરતાં શીખો; ઘરનાં કામકાજ કરતા રહો: એ બધાં સાચી કેળવણીનાં અંગ છે. સ્વરાજનાં પગથીઆં છે.



મનોરથ

: લાવણીનો ઢાળ :

તું ઉઠ દોસ્ત, તું ચાલ દોસ્ત, હું બનું કર્મ-ઘેરૈયો,
હું બનું કર્મ-ઘેરૈયો;
જો, જગવે ચેતન જેમ કૃષ્ણ—રસછૈયો.
આ ફુદી ઉઠે છે રક્ત અંગ પ્રત્યંગે-અંગ પ્રત્યંગે,
'જય ભારતી' સાંભળું વ્યક્ત હૃદયને ધડકે.
જ્યાં રહે આળસુ હાથ, હું રંગ ચઢાવું-રંગ ચઢાવું;
જ્યાં જડે અપંગ અનાથ, હું સાથ ચલાવું.
તું ઉઠ દોસ્ત, તું ચાલ દોસ્ત, હું બનું કર્મ-ઘેરૈયો,
હું બનું કર્મ-ઘેરૈયો;
મુજ બોલત અંગ પડો નવ પ્રાણ અર્પૈયો.

§

તું ઉઠ દોસ્ત, તું ચાલ દોસ્ત, હું બનું ધર્મ-બજવૈયો,
હું બનું ધર્મ-બજવૈયો;
સુણ, પ્રગટે અંતરબોલ કૃષ્ણ—તપભૈયો
હું રમું ગીતાના મંત્ર, જગત વ્યવહારે જગત વ્યવહારે,
હું રચું પ્રણયનું તંત્ર સકળ સંસારે.
જ્યાં જામે જીવનજુદ્ધ, મોરચો માંડું-મોરચો માંડું;
જ્યાં શોભે સંયમ શુદ્ધ, ભોમ ના છાંડું.
તું ઉઠ દોસ્ત, તું ચાલ દોસ્ત, હું બનું ધર્મ-બજવૈયો
હું બનું ધર્મ-બજવૈયો;
ને અમર વિજય હું વરું પ્રેમ લડવૈયો.

દેશબંધુ

'જનની જણ તો ભક્તજન, કાં દાતા, કાં શૂર'

—અને ચિત્તરંજન દાસ શું નહોતા? ભક્ત હતા, દાતા હતા, શૂર પણ હતા. ધન્ય છે એમની જનનીને!

એ 'દેશબંધુ' થયા હતા. આવી ગરીબ અને દુ:ખી દશાને ટાણે ભારત જેવા દેશના બંધુ—જમણી બાંહ્ય બની એ ઉભા રહ્યા. ભારતમાતાના પનોતા પુત્ર થવાના કોડ કરવા કરતાં ભારતદેશના ભડવીર 'ભાઈ' બની ઉભા રહેવું ભારે કપરૂં છે.

પ્રત્યેક વીર્યવાન પ્રજામાં વીરપૂજા હોય છે. આપણે ત્યાં તો એ મુળથી જ છે. બોલીને કે લખીને આપણે ખરી વીરપૂજા નથી કરી શકતા જે 'આચરીને' કરી શકીએ. એમાં જ વીરની ખરી પૂજા છે, આપણું સાચું કલ્યાણ છે.

કોઈ કોઈ નિરાશા લાવી કહે છે 'સુરજ આથમ્યો!' ખરે જ એ નરકેસરીના જવાથી ભારતને ભારે ખોટ પડી છે. પણ એ 'બંગમાર્તંડ'નો અથાક પ્રકાશ આજ આપણને વીંટળાઇ વળ્યો છે–આપણી આંખોમાં પુરાઈ રહ્યો છે. 'એ તો ગયા' એવી નબળી હાયમાં કે 'એમાં શું?' એવી બેદરકારીમાં આપણે રહીએ તો તો ચોક્કસ આપણે ઘણું ખોયું છે. એમની શક્તિનો પ્રતાપ અને ગુણોનો પ્રભાવ આજ વેરાએલો પડ્યો છે. એને અનેકધા વધારી, ઉગતી પ્રજા તે સંચી શકે છે, અને ધારે તો સેંકડો ચિત્તરંજનો નીપજાવી શકે છે.

ભરતખંડની વસુંધરા અનેક રત્નોવાળી છે. એને કશી ખોટ નથી. માત્ર એ તેજપુંજ ઝીલીને આપણે તૈયાર થવું બાકી છે.

ઉગતી પ્રજામાં ચેતન છે, જોમ છે; આતુરતા છે, કોડ છે;—પણ એને માર્ગ મળતો નથી. જુવાન વાંચનાર! આ નીચે તારી આગળ એક પુરુષસિંહની જીવનરેખા પડી છે: એમાંથી તને જોઇએ એટલાં પ્રોત્સાહન પ્રેરણા ને પ્રકાશ સાંપડશે.

પંચાવનેક વરસ પહેલાં, ઇ. સ. ૧૮૭૦ ના નવેમ્બર મહીનાની પાંચમી તારીખે, કલકત્તામાં વસતા–મુળ ઢાકાના રહીશ—ભુવનમોહન દાસને ત્યાં, ભારતના ઇતિહાસમાં અમર રહેવા સરજાએલ એક બાળકનો જન્મ થયો. એનું નામ ચિત્તરંજન પાડ્યું.

ભુવનમોહન દાસ કલકત્તા હાઈકોર્ટના પ્રખ્યાત ઍટર્ની હતા. એ વખતે બંગાળામાં બ્રહ્મોસમાજનું પુર જોશ હતું, અને ભુવનમોહન બાબુ એ પ્રવૃત્તિના પંકાએલા અગ્રણી હતા. તેમની જ્વલંત દેશભક્તિ અને દેશપ્રેમની આગ એ વખતના બંગાળી તરુણોમાં નવચેતન પુરતી. તે સમયનાં બંગાળનાં વર્તમાનપત્રોમાં પણ ભુવનબાબુનો જબરો હિસ્સો હતો. 'બેંગાલ પબ્લિક ઓપીનીઅન' (બંગાળ પ્રજામત) નામના છાપાના તે તંત્રી હતા.

ભવાનીપુરની લંડન મિશનરી સ્કુલમાં બાળક ચિત્તરંજનનો અભ્યાસ શરૂ થયો અને ૧૮૮૬માં એણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાંથી ૧૮૯૦માં બી. એ. થઈ તરત જ આઈ. સી. એસ. થવા માટે એ ઇંગ્લંડ ઉપડી ગયા.

વિલાયતમાં

તેજસ્વી યુવાનોનો પ્રાણ ક્યાંયે ચમકારો કર્યા વિના રહેતો નથી. યુવાન ચિત્તરંજન ઈંગ્લંડમાં હતા એ વેળા દાદાભાઈ નવરોજીએ ત્યાંની પાર્લામેન્ટના સભાસદ થવા માટે પોતાની ઉમેદવારી બહાર પાડી હતી. તરુણ વિદ્યાર્થી ચિત્તરંજને પાર્લામેન્ટમાં દાદાભાઈનો પ્રવેશ કરાવવા સારૂ એમને અનહદ મદદ આપી. અનેક ઠેકાણે એણે એવાં તો સુંદર અને અસરકારક ભાષણો આપવા માંડ્યાં કે ચોમેર એથી ખળભળાટ થઈ રહ્યો અને ઈંગ્લંડના પ્રધાનો સુદ્ધાંનું ધ્યાન એના તરફ ખેંચાયું.

લગભગ આ જ અરસામાં એક બીજો બનાવ પણ બન્યો. ઈ. સ. ૧૮૯૨માં, ઈંગ્લંડની પાર્લામેન્ટના જેમ્સ મૅકલિન નામના એક સભ્યે 'હીંદુ-મુસલમાન' વીશે લંડનમાં એક ભાષણ આપ્યું;—એવું કે એમાં મુસલમાનોને 'ગુલામ' અને હીંદુઓને 'ગુલામના પણ ગુલામ' કહીને હીણી નાખવા જેટલી તેણે હીંમત કરેલી. તેજસ્વી ચિત્તબાબુથી આ કેમ સહ્યું જાય ? એમણે તરત જ સામેથી બધા હીંદી વિદ્યાર્થીઓ તથા હીંદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓની એક સભા ભરી અને તેમાં મૅકલિનના ભાષણ સામે સખત અણગમો અને અસંતોષ જાહેર કર્યા. આ સભામાં કરેલા દાસ બાબુના વેગવાન ભાષણની અસર આખા લંડન ઉપર થઈ.

ભલભલા રાજનીતિજ્ઞો અને વર્તમાનપત્રકારોની આંખો આંખો ઉઘડી ગઈ; ઈંગ્લંડના અખબારોમાં મૅકલિનના શબ્દોની સખત ઝાટકણી પ્રગટ થઈ અને થોડા વખત માટે તો એ ભાષણ જ આખા લંડનની ચર્ચાનો વિષય થઈ પડ્યો. છેવટે ગ્લૅડસ્ટનના પ્રમુખપદ નીચે એક પ્રચંડ સભા થઈ, તેમાં ચિત્તરંજને સમર્થ ભાષણ કર્યું. અંગ્રેજોની મેદની એના પર મુગ્ધ બની ગઈ. પરિણામે મૅકલિનને જાહેર માફી માગવી પડી એટલું જ નહિ, પણ પાર્લામેન્ટના સભાસદ તરીકેનું રાજીનામું પણ આપવું પડ્યું.

આ બે કારણોને લીધે ચિત્તરંજન આઈ. સી. એસ. માં પસાર થવા છતાં એમને હીંદી સરકારની નોકરી ન મળી ! સરકારે સંભળાવી દીધું કે જેટલા પાસ થાય એ બધાયને નોકરી મળે જ એવું કાંઈ ધોરણ નથી. એ તો જેટલી જગ્યાઓ ખાલી પડે એટલાને જ નોકરી આપી શકાય છે. આમાં ખાસ ખુબીની વાત તો એ હતી કે નોકરી નહોતી મળી એ ઉમેદવારોની નોંધ એમનાથી જ શરૂ થતી હતી! આ વખતે પણ એમણે નિરાશ ન થતાં માત્ર એટલું જ કહ્યું. 'કંઈ નહિ; જેમને નોકરી ન મળી એમાં તો હું પહેલો આવ્યો !' આમ, આઈ. સી. એસ. તો ન થવાયું—ભવિષ્યમાં થઈ શકાય એવો સંભવ પણ નહોતો, એટલે આખરે બૅરિસ્ટર થઈ ૧૮૯૩ માં એ હીંદ પાછા ફર્યા.

દાનવીર કુટુંબ

દાસ કુટુંબની દાનવીરતા તો પેઢીઉતાર હતી. છેલ્લી પાંચેક પેઢી થયા દરેક જણ સંસ્કારી જીવન ગાળી અઢળક દ્રવ્ય કમાતો, અને તે ગરીબોને વહેંચી દઈ પુત્રને કરજનો વારસો સોંપી જતો. એ દાનવીર કુટુંબના અતિથિ-સત્કારની એક અસરકારક વાત ચિત્તરંજન દાસના શબ્દોમાં જ અહીં નોંધવા જેવી છે: 'કોઈ પણ મહેમાન અમારે ત્યાંથી પાછો જાય એ ન બને. મારા એક વડદાદાની રમુજી વાત સાંભળવા જેવી છે. એમના હુકમ હતા કે ચોવીસે કલાક ઘરનાં બારણાં ખુલ્લાં રહે અને ચોવીસે કલાક પોતાને ત્યાં આવનાર અતિથિની આગતાસ્વાગતા થવી જ જોઈએ.

આને લીધે મારાં દાદીને ઘણીવાર સુવાનું પણ ભાગ્યે જ મળતું, એટલે કોઇવાર ત્રાસતાં. એકવાર પોતાના હુકમ બરોબર પળાય છે કે નહિ તે જોવા માટે દાદા પરગામ ગયા, અને રાત્રે બે વાગે કોઇક સાધુ-નો વેશ ધારીને ઘેર આવ્યા અને ઉતારો માગ્યો. દાદી બીચારાં સુવાને માટે તે વેળા જ પરવાર્યાં હતાં. તેમણે કહ્યું, 'બે વાગે યે મુઓ મહેમાન!' એ 'મુઓ' શબ્દ સાંભળીને ડોસાને ઝાળ ચઢી, અને પાંચ વર્ષ સુધી ઘરનો ત્યાગ કર્યો! એવી અમારા વડવાની મહેમાની હતી.'



સ્કેચ: રવિશંકર રાવળ દેશબંધુ
અમદાવાદમાં મળેલી છેલ્લી મહાસમિતિની બેઠક વખતે લીધેલો સ્કેચ: જેનાપર દેશબંધુની સહી છે.

પરાપૂર્વથી ચાલી આવતી આ દાનવીરતા અને કરજ બંનેનો વારસો ભુવનમોહન બાબુને પણ મળ્યો હતો. ચિત્તરંજન વિલાયતમાં અભ્યાસ કરતા એ અરસામાં ભુવનબાબુની ઉદારતા એટલી ઉડાઉ બની ગઇ હતી કે પોતાની મોટી આવક છતાં ઈંગ્લંડ ભણતા પુત્રને મોકલવા માટે ઘણીવાર પૈસા ન રહેતા. કેટલીયે વાર વિલાયતમાં, ચિત્તરંજનને પૈસા ન હોવાને કારણે માત્ર ગરમ પાણી અને પાંઉના ટુકડા ઉપર બબ્બે દિવસો કાઢવા પડતા. અંતે વિલાયતવાસના એમના છેલ્લા દિવસોમાં તો પિતાની સ્થિતિ એટલી કરજાઉ બની ગઇ કે તેમની મનોવ્યથાનો કોઈ પાર રહ્યો નહિ. આખરે ચિત્તરંજનને ઝટપટ બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી તત્કાળ કલકત્તે આવવું પડ્યું.

જીવનમાં પ્રવેશ

કોઇ નવજવાન હજુ તો જીવનમાં પ્રવેશ કરતો હોય, અને આરંભમાં જ એની સામે મુસીબતોના ડુંગર ખડા થાય તે વેળા એને કેટલું દુઃખ થાય? ભાવિના મનોરથ, જીવનના કોડ અને આવતા દિવસો-નાં આશાભર્યાં સ્વપ્નો, બધું નજર સામે કચરાઇ જતું જોવું એ વેદના ઓછી નથી. પણ તરુણોમાં ઇશ્વરે પ્રાણનો થનગનાટ પુર્યો હોય છે તે એ મુસીબતો સામે લડવા માટે જ. તેજસ્વી વીર એ બધા સામે બાથ ભીડી, તરીને પાર ઉતરે જ છે.

કલકત્તે આવીને ચિત્ત-રંજન જુએ છે તો ભરણ-પોષણનાં પણ કુટુંબને સાંસાં હતાં. પિતાના કરજનો આં-કડો સાઠ હજાર ઉપરનો હતો! આ તોડવા માટે એમણે ૧૮૯૩માં કલકત્તા-માં વકીલાત શરૂ કરી. પણ શરૂઆતમાં તો આવક એટલી જુજ થતી કે તે-માંથી નિર્વાહ પણ ભાગ્યે જ થઇ શકતો. બીજી તરફથી પિતાના લેણદારોએ આકરો તકાદો શરૂ કર્યો. આ ત્રાસમાંથી છુટવા માટે, છેવટે, ભુવનમોહન દાસે કોર્ટમાં નાદારી નોંધાવી. જુવાન ચિત્તરંજનને આ રૂચ્યું તો નહિ, પણ અત્યારે કશું વળે એમ નહોતું, એટલે ચુપ રહેવું પડ્યું; પરંતુ એ જ ઘડીએ એમણે નિશ્ચય કર્યો કે પહેલી તકે પિતાનું કરજ ભરી દેવું.

પિતા નાદાર થવાથી ચિત્તરંજનને ધંધામાં ભારે વિઘ્ન નડ્યું. નાદાર પિતાના પુત્રને વકીલ કોણ રાખે? પૈસાની તો એટલી તંગી રહેવા માંડી કે કેટલીક વાર તો ટ્રામના ભાડા માટે એક આનો પણ ગજવા-માં ન હોવાથી કલાકો સુધી પગે ચાલીને કોર્ટમાં જવું પડતું. પરંતુ આ બધાં વિઘ્નોથી હારી જાય એવો એ નિર્બળ આત્મા નહોતો. તેણે એ બધા વિકટ માર્ગો ઉપર સ્થિર પગલે અને હીંમતપૂર્વક મજલ કરી, અને બુદ્ધિની તેજસ્વિતા તથા અંતરની

પ્રામાણિકતાથી ધીમેધીમે પોતાની પ્રતિષ્ઠા જમાવી.

પિતૃભક્તિ

પણ હજી પિતાની નાદારીનો ડાઘ તેમના દિલમાંથી ગયો નહોતો. તેમણે જોયું કે અંગ્રેજી અદાલતે ભલે આપણને કરજમુક્ત કર્યા, પણ આપણે ખરેખરા કરજમુક્ત નથી થયા. પિતાની માલમિલ્કતના જેમ આપણે વારસ થઈએ છીએ, તેમ તેમના કરજનો વારસો પણ આપણે કબુલ રાખવો જોઈએ. મનથી આવી ગાંઠ વાળીને એ પિતૃભક્ત પુત્રે પંદર વરસ સુધી અતિ કરકસરથી રહી પોતાની આવકનો સંચય કર્યો. અને પિતાના લેણદારના પુત્ર બાબુ સુરેન્દ્રનાથ મલ્લિકને એક દિવસ પત્ર લખી જણાવ્યું કે, 'તમારા સ્વર્ગસ્થ પિતાએ મારા સ્વર્ગસ્થ પિતાને જે કરજ ધીરેલું તે આજે પાછું વાળવાને ઇશ્વરકૃપાથી શક્તિમાન થાઉં છું.' સુરેન્દ્ર મલ્લિક તો આભા જ બન્યા. એકે કરજની મુદત તો રહી જ નહોતી. કોઈએ તેમની પાસે માગણી યે કરી નહોતી. પણ રોકડા રૂ. ૬૭૦૦૦ તેમણે પિતાના ઋણમાંથી મુક્ત થવાને મોકલી આપ્યા! સર લૉરેન્સ જેન્કિન્સ તે વેળા કલકત્તા હાઇકોર્ટમાં જજ હતા, અને કહેવાય છે કે હાઇકોર્ટમાં તેમણે આ પ્રસંગનો ખાસ ઉલ્લેખ કરીને કહેલું કે 'આવા દાખલાઓ ઇતિહાસમાં વિરલ જ છે.' એકે વાતમાં તેમની પાસે મધ્ય માર્ગ જ નહોતો. દરેક વસ્તુની ટોચે તેઓ પહોંચ્યા. આ કિસ્સાએ બંગાળમાં દાસ બાબુને એક અતિ પવિત્ર પુરુષ તરીકેનું સ્થાન આપ્યું.

ચડતો સિતારો

અત્યાર સુધી દેશની કોઈ પણ સાર્વજનિક હીલચાલમાં ચિત્તરંજન ભાગ ન લેતા.

ભારતની સ્વતંત્રતાના ઇતિહાસમાં ૧૯૦૭-૮ની સાલ કદિ નહિ ભુલાય. પેલા જબ્બર માનવી પણ નિષ્ફળ વાઇસરૉય લૉર્ડ કર્ઝને એ સાલમાં બંગાળના ભાગલા પાડ્યા. બંગાળની છાતીમાં આ ચીરો કરી કર્ઝને તેને હચમચાવ્યું, અને બંગાળના ક્રોધની ગર્જનાથી આખો ભારતવર્ષ ગાજવા માંડ્યો. દેશ આખો ખળભળી ઉઠ્યો.

ઈ. સ. ૧૯૦૮ના મે માસની ત્રીજી તારીખે સાધુચરિત અરવિંદ ઘોષ ઉપર, કાવતરાબાજીથી સરકારી અમલદારોનાં ખુન કર્યાનું તહોમત મુકવામાં આવ્યું, તેમને તથા તેમના તરુણ સાથીઓને પકડી કેદ કરવામાં આવ્યા, અને 'અલીપુર બૉમ્બ કેસ'નો પેલો મશહૂર મુકદ્દમો ચાલુ થયો.

આ સમય ભારે કટોકટીનો હતો. કોઈ અરવિંદ બાબુનો બચાવ ન કરે ને તેઓ દોષિત ઠરે તો બીજા દિવસનું બંગાળ કેવું બનશે એ પ્રશ્ન જેટલો ગૂઢ તેટલો જ ગંભીર હતો. વળી સરકાર સામે પડીને એમનો બચાવ કરવાની હીંમત પણ કોઈ વકીલ કે બૅરિસ્ટરમાં નહોતી. આવે અણીને વખતે એ ગરીબ દેશભક્તનો બચાવ કરવા આ ગરીબ—કરજદાર બૅરિસ્ટર ચિત્તરંજન આગળ આવ્યા, અરવિંદનો કેસ હાથ લીધો અને હજી આટલું બસ ન હોય તેમ મહેનતાણા માટે એક પાઈ સરખી પણ લેવાની ના પાડી!

જ્વલન્ત દેશભક્તિથી પ્રેરાઈ, બીજી બધી વકીલાત છોડી દઈ, અથાગ મહેનત લઈ, કાયદાની નિપુણતા અને અપૂર્વ બુદ્ધિપ્રભાવ દાખવી એમણે અરવિંદ ઘોષનો બચાવ કર્યો. એ મુકદ્દમાને અંતે ચિત્તરંજને બચાવનું જે છેવટનું ભાષણ કર્યું તેણે છટા અને ઓજસ્વિતામાં અંગ્રેજી વક્તૃત્વમાં ઉંચું સ્થાન લીધું છે.

કેસ નવેક મહીના લંબાયો હતો. દિવસે દિવસે પરિણામની આતુરતા અને ચિંતા વધ્યે જતાં હતાં. લોકોની કલ્પના રોજ નવાં નવાં રૂપ ધારણ કરતી. આખરે ન્યાયનો દિવસ પણ આવી પહોંચ્યો. કોર્ટ કહીએ તેટલી ચીકાર હતી. સૌના જીવ તાળવે ચોંટ્યા હતા. જ્યાં ન્યાયાધીશ ન્યાય સંભળાવવા ઉભા થયા, ત્યાં આખી કોર્ટ જડ બની ગઈ. એ હોઠના ફફડાટને પણ ત્યારે અવકાશ નહોતો. આવી અનુપ શાન્તિમાં ન્યાયાધીશે ધીમેથી ઉચ્ચાર્યું, 'મિ. અરવિંદ ઘોષ નિર્દોષ હોવાથી એમને છોડી મુકવામાં આવે છે.'

આભ ફાડી નાખતી મેઘગર્જનાની પેઠે થએલા જયના ધ્વનિથી આખી કોર્ટ ગાજી ઉઠી. આ અદ્વિતીય આનંદ વચ્ચે આપણા દાસ અને આપણા ઘોષ હાથમાં હાથ મેળવી કોર્ટને સલામ કરી ચાલી નીકળ્યા.


વિજયમાળ

'જે ધર્મની રક્ષા કરે છે તેની રક્ષા ધર્મ કરે



ફોટો: એન. વી. વીરકર: મુંબાઇ

સ્વ. દેશબંધુ
ચિત્તરંજન દાસ





કુમાર
એપ્રિલ
૧૯૮૧

ગરવી
ગુ
જ
રા
ત

ફોટો :
બાબુરાવ ઠાકોર

કપડવણજનો કીર્તિસ્તંભ

તમારી સામે જે આ કમાન જેવું છે તેને કીર્તિસ્તંભ કહે છે. ગુજરાતના સ્થાપત્યના સુંદર અવશેષોમાં એ કીર્તિસ્તંભની ગણના થઈ છે. એ દરવાજા જ છે — કોઇ વાર કોઇ મંદિર તરફ જવાના માર્ગ પર એ ખડા કરવામાં આવ્યા છે, તો કોઇ વાર પાણીના કુંડ પર પ્રવેશમાર્ગ તરીકે થયા છે. તમે જે કીર્તિસ્તંભ અહીં જુઓ છો તે કપડવણજના એક કુંડ પરનો દરવાજો જ છે. તે એકલો અટુલો ઉભો રહેતો કપડવણજના ભૂતકાળનું સ્મરણ કરાવે છે.

આવા દરવાજા કીર્તિસ્તંભ શા માટે અને ક્યારે કહેવાયા એ કહી શકાતું નથી. કારણકે એ સ્તંભ નથી અને એ કંઈ કોઇના સ્મરણ માટે જ ઉભા થયા નથી. સ્મરણ માટેના જ હોય તો કોઈ મંદિરના માર્ગ પર કે કુંડના કાંઠાપર ન થયા હોય. ચોખ્ખા સ્મરણ માટેનો સ્તંભ — કે સ્મારક તો ચીતોડનો લડાયક સ્તંભ કહેવાય. એટલે આને કીર્તિસ્તંભ તરીકે ગણવામાં કંઈક ભુલ છે.

આ કીર્તિસ્તંભ ૨૩ ફુટ ઉંચો છે અને એની વચ્ચેનો માર્ગ ચારેક ફુટ પહોળો છે.

માપમાં અને રૂપમાં આનાથી ચઢી જાય તેવો એક કીર્તિસ્તંભ વડનગરમાં છે જે અમે કોઇ વાર આપવા ધારીએ છીએ.

ગજાનન પાઠક
-સ્થપતિ-

જ છે.' અરવિંદ બાબુના મુકદ્દમા દરમીઆન, બીજી કશી આવક નહિ હોવાથી કુટુંબનિર્વાહને માટે ચિત્તરંજનને કરજદાર બનવું પડેલું. પણ અરવિંદ બાબુ છુટયા તે દિવસથી ચિત્તરંજન દાસનો સિતારો તેજ થયો અને તેમની વકીલાત દિવસે દિવસે વધતી ચાલી.

ચિત્તરંજનની શક્તિનું માપ આ એક જ કેસથી કરવાનું નથી. ડુમરાજરાવના લાંબા મુકદ્દમામાં પણ એમને રોકવામાં આવ્યા હતા. જ્યારે મધ્ય પ્રાંતની હોમરૂલ લીગના સેક્રેટરી શ્રી. વૈદ્યને અઢાર માસની સખ્ત જેલ મળી ત્યારે દાસ બાબુ પોતાની જ ઇચ્છાથી ત્યાં ગયા અને શ્રી. વૈદ્યને છોડાવ્યા પણ ખરા. રંગુનમાં ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને પકડવામાં આવ્યા ત્યાં પણ દાસ બાબુ જઇ પહોંચેલા અને એમને છોડાવેલા. કુતુબુદિયા કેસમાં પણ એમની જ મદદ હતી. અરે! અસહકારના યજ્ઞમાં એમણે પોતાની વકીલાત હોમી એ પહેલાં થોડા વખત ઉપર જ ખુદ સરકારે એમને પોતા તરફથી એક કેસમાં રોકયા હતા!

જ્યાં જતાં ત્યાં એમના કંઠમાં વિજયની જ માળા પડતી. બૅરિસ્ટર તરીકેની એમના જેવી સફળ અને જ્વલંત કારકીર્દિ ભાગ્યે જ હીંદમાં કોઇની હશે. બૅરિસ્ટરીમાંથી એમના જેટલું કોઇએ કમાઇ પણ જાણ્યું નથી. અસહકારનાં યુદ્ધદુંદુભિ વાગતાં એમણે વકીલાત છોડી તે વેળા એમની માસિક આવક અધલાખ રૂપીઆ સુધી પહોંચી હતી!

ઘેલી ઉદારતા

અને એમણે ખરેખરૂં કમાઇ જાણ્યું. કારણકે આટઆટલું કમાતા છતાં એ પોતે ગરીબ ને ગરીબ જ રહ્યા હતા. તેમણે વકીલાત છોડી ત્યારે તેમની પાસે ભવિષ્યને માટે એક પાઇ સરખી નહોતી:— ઉલટું ત્રણ લાખનું કરજ હતું! ત્યારે લાખોની એ આવક જતી ક્યાં?

દેશબંધુની ઉદારતા ઘેલી હતી. એ જેમ લાખો કમાતા, તેમ લાખો ખરચતા. બંગાળી યુવાનોના શિક્ષણની પાછળ તેઓ લખલૂટ પૈસો છુટે હાથે વેરતા. અનેકાનેક બંગાળી વિદ્યાર્થીઓનું ભવિષ્ય એમનાં નાણાં અને એમના દિલની હુંફથી ઉજળું થયું છે. કોઇ પણ વિદ્યાનો અર્થી એમને ત્યાંથી ખાલી હાથે કે ભાંગેલ હૈયે પાછો નથી ફર્યો. બંગાળની એવી કોઇ પણ સેવાસંસ્થા નહિ હોય જ્યાં દેશબંધુની સહાય જરા યે શોર વિના પહોંચી નહિ હોય.

પલટો

૧૯૧૯ના એપ્રિલમાં પંજાબના જલિયાંવાલાના હત્યાકાંડની તપાસ કરવા સારૂ મહાસભાએ નીમેલી સમિતિમાં દાસબાબુ પણ હતા. એ વખતે બ્રિટિશ અફસરોના જુલમના ભોગ બનેલાં પંજાબી સ્ત્રીપુરુષો અને બાળકોની જુબાનીઓ લેતી વેળા, પંજાબીઓ ઉપર વરસેલા કાળા કેરનો અહેવાલ એ અભણ સ્ત્રીઓ અને નિર્દોષ બાળકોની ભાંગીતુટી ભાષામાં સાંભળીને દેશબંધુની આંખોમાંથી આંસુ ટપકતાં. એ દિવસોમાં જે જુલ્મકથાઓ સાંભળી એની એમના જીવન ઉપર કાયમની અસર થઇ. દરરોજ જુબાની આપવા આવતાં નવાંનવાં પંજાબી સ્ત્રીપુરુષોને જોઇ, હીંદીઓની અત્યંત લાચાર દશા, તેમની બેહદ ગરીબી, તેમની પામર દીનતા, તેમની માંદલા જેવી શરીરસ્થિતિ, એ બધાંએ દેશબંધુને ગભરાવી જ દીધા. તે દિવસથી તેમના જીવનમાં પલટો શરૂ થયો.

દેશબંધુએ પોતાની રિદ્ધિસિદ્ધિનો દેશની કંગાલીયત સાથે મુકાબલો કર્યો, તેમણે પોતાની શક્તિ અને દેશની નિર્બળતા એ બેની વચ્ચે સરખામણી મુકી જોઇ, અને નિશ્ચય કર્યો કે એ રિદ્ધિસિદ્ધિ અને એ શક્તિ દેશની સેવામાં ખરચવાનો વખત હવે આવી લાગ્યો છે. અને પછી તો તેમને દેશબાંધવોનાં દુઃખો હરવાની અને તેમની દરિદ્રતાના ભાગીદાર થવાની દિલમાં ઝંખના જાગી. એટલી પ્રબળ એ ઝંખના હતી કે તેને દાબી દેવી અશક્ય હતી.

ઝંપલાવ્યું

૧૯૨૦નો ઉત્તરાર્ધ આપણા રાષ્ટ્રીય ઇતિહાસનો જ્વલંત વિભાગ છે. ૧લી ઑગસ્ટે લોકમાન્ય તિલકનું અવસાન: અને એમની ભસ્મમાથી એ જ દિવસે અસહકારનો જન્મ. આ પ્રસંગો ભુલ્યા ભુલાય એવા નથી. દેશને સહૃદયી સેવકોની ખોટ હતી. લોકોનાં અર્ધજાગ્રત–અર્ધનિદ્રિત મનને જગાડવાને વીરહાક મારનાર જોઇતા હતા. આ ટાણે અસહકારની નોબત ગડગડી. દાસ બાબુ પોતાનું કામ સંભાળવા નીકળી



'સમાલોચક'ના સૌજન્યથી]
બંગાળકેસરી દેશબંધુ : જેલમાંથી છુટ્યા તે વખતે

પડ્યા. એમણે વકીલાત છોડી. મહીનાની પચાસ હજારની આવકને તિલાંજલિ—છેલ્લી તિલાંજલિ આપી, અને દેશસેવાનો પરમ મંત્ર ઝીલી એક પગે તૈયાર થયા. એમનો દેશપ્રેમ, એમની વીરતા, એમનું અર્પણ દુનીઆ ફાટી આંખે જોઈ રહી !

સાહિત્યસેવા

વિદ્વાન, ધનવાન, દાનવીર અને ત્યાગી એ દાસ બાબુ સાહિત્યસેવી પણ હતા. સાહિત્યમાં પ્રતિભાવાન કવિ અને ઓજસ્વી લેખક તરીકે એમણે નામ કાઢ્યું હતું. એમણે અનેક ઊર્મિપ્રધાન કાવ્યો બંગાળીમાં લખ્યાં છે. 'માલા' ને 'કિશોરકિશોરી' એ બે એમના સુંદર કાવ્યસંગ્રહ છે. 'નારાયણ' નામના બંગાળી માસિક અને 'બાંગાલેર કથા' નામના સાપ્તાહિક દ્વારા એમણે સંગીન સાહિત્યસેવા કરી છે. એમનાં સૌથી શ્રેષ્ઠ ગણાતાં 'સાગરસંગીત' કાવ્ય જોનારને એમની પ્રતિભા સ્પષ્ટ જણાઇ આવે. એમનાં ભજનો અને કીર્તનોમાં એમના ભક્તિભીના હૃદયની ઝાંખી થાય છે.

વર્તમાનપત્રોની દુનીઆમાં પણ એમનું સ્થાન એટલું જ ઉંચું છે. હજી વરસદિવસ પહેલાં જ એમણે સ્થાપેલા અંગ્રેજી દૈનિક પત્ર 'ફૉરવર્ડ'ની પ્રગતિ, પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા હીંદુસ્તાનનાં વર્તમાનપત્રોના ઇતિહાસમાં વિરલ છે. તેની આજે ચાળીસ હજાર નકલ ખપે છે.

દેશબંધુ

સવાસાત લાખની વાર્ષિક આવક જતી કરીને ચિત્તરંજન દાસ દેશસેવક બન્યા અને અસહકારમાં

જોડાયા ત્યાર પછીનું એમનું કાર્ય—એમની દેશસેવા મશહૂર છે.

એ ચારે દિશાએથી કામમાં ઘેરાએલા રહેતા. કલકત્તામાં રાષ્ટ્રીય વિદ્યાપીઠ ખોલવા અને ખોલ્યા પછી એને સુખેથી ચલાવવા માટે એમણે અથાક મહેનત લીધી. રેંટીઆનો સંદેશ પણ એમણે બંગાળના એકેએક ઘેર પહોંચાડ્યો અને દેશપ્રેમની ભાવનાને એમણે જ્વલંત કરી. ત્યાં વળી તિલક સ્વરાજ્ય ફાળાના એક કરોડ રૂપીઆની વાત આવી. ૧૯૨૧ ના જુનની ૩૦મી પહેલાં જો ધારી રકમ એકઠી ન થાય તો દેશને શરમાવાનું હતું.

અને એ ૩૦મી આવી. રાતોના ઉજાગરા કરીને ગાંધીજી જ્યાં કોઈ બોલાવે ત્યાં દોડી જતા, ફાળા માટે લોકોને વીનવતા, અને લોકો પણ સામે જે હાથ આવે એ ઉતારી આપતા: પુરુષો ગજવાં ઠાલવતા, સ્ત્રીઓ ઘરેણાં ઉતારતી. રોજ સાંજે ને રોજ સવારે લોક રકમોના આંકડા વાંચી વાંચી ઓર ઓર ઉત્સાહમાં આવી જતું, વળી પોતાથી બને તેટલું આપી દેતું: અને તોપણ—તોપણ કરોડ થશે કે કેમ એ સૌના દિલનો બળતો પ્રશ્ન હતો. ૩૦મી સાંજે વાત બહાર આવી કે ૮૦ લાખ થયા હતા. અને ધાર્યા ધ્યેયને પામવા માટે કશો ઉપાય નહોતો રહ્યો. એવી નિરાશ ઘડીએ બંગાળમાંથી એક સમાચાર ઉડીને આવ્યા, ને લોકોના—ખાસ કરીને એ પરમ ભિખ્ખુ ગાંધીજીના હૈયામાં પ્રાણ આવ્યા. દાસ બાબુએ તાર કર્યો હતો: 'બંગાળા ૨૫ લાખ આપે છે!' દુનીઆમાં આવા પ્રસંગ વિરલ હોય છે.

આ પ્રસંગથી દાસ બાબુનું નામ બદલાયું. જેમણે તિલકને લોકમાન્ય તરીકે સ્થાપ્યા, ગાંધીજીને મહાત્મા તરીકે સ્વીકાર્યા, ઍન્ડ્રુઝને દીનબંધુ સંબોધ્યા એ જ હીંદની જનતાએ દાસ બાબુને 'દેશબંધુ' કહીને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું, અને તેમના ઉજ્જ્વળ ત્યાગ અને જ્વલંત દેશભક્તિની કદર કરી એ વરસ (૧૯૨૧) ની અમદાવાદમાં ભરાએલી પેલી યાદગાર અને અપૂર્વ મહાસભાના પ્રમુખ નીમ્યા.

વીરહાક

એ વરસે હીંદની જનતાના ઉત્સાહનાં પુરને પ્રચંડ ભરતી ચડી હતી. સવિનય ભંગની વેળા આવી અને દેશનેતાઓએ સ્વયંસેવકો નોંધવા માટે દેશભરના લોકોને સાદ દીધો. દેશબંધુની વીરહાકથી આખું બંગાળ ધણધણી ઉઠ્યું. સંખ્યાબંધ વકીલો અને વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં એમને ચરણે આવી વસ્યાં. કલકત્તામાંથી પાંચ હજાર સ્વયંસેવકો નોંધાયા હતા; પણ દેશબંધુને સંતોષ નહોતો. સર્વન્ટ પત્રના એ વરસની ૭મી ડિસેમ્બરના અંકમાં એમણે કલકત્તાના વિદ્યાર્થીઓને હાક દીધી:

'...પણ કલકત્તા ક્યાં છે? આ સવાલ મને રાતદિવસ દુ:ખ દઇ રહ્યો છે. માત્ર પાંચ જ હજાર સ્વયંસેવકો નોંધાયા છે. આટઆટલી શાળા-કૉલેજોવાળા આવડા જંગી શહેરમાંથી માત્ર પાંચ હજાર જ સ્વયંસેવકો!...શું કલકત્તાના વિદ્યાર્થીઓને આમાં કશું જ કહેવાનું નથી? આ શું અભ્યાસનો વખત છે? કળા અને સાહિત્ય, ને વિજ્ઞાન ને ગણિત? —અરે! જ્યારે માતૃભૂમિ એક બાજુ પોકાર કરી બોલાવી રહી છે ત્યારે આ બધા તેની વ્હારે ન ધાય એ શરમને હું કેવી રીતે વર્ણવું?

આ અફાટ શહેરમાં જાણે હું એકલો પડી ગયો છું. **જ્યાં જાઉં છું ત્યાં હજારો નવજવાનોને હું મને વીંટી વળતા જોઉં છું. પણ તેમના ચહેરાઓને હું દુનીઆદારી ડહાપણથી અકાળે ઘરડા બનેલા અને તેમનાં અંતઃકરણ ઠરીને મરી ગએલાં દેખું છું. હું ઇચ્છું છું કે ઇશ્વરે મને આજે શક્તિ આપી હોત કે એમનાં અંતરમાં હું ફરી એકવાર જીવનની જ્યોત પ્રગટાવું અને તેઓને ફરી નવજવાન બનાવું.**

હું તો દિવસે દિવસે ઘરડો થતો જાઉં છું, અશક્ત પણ થતો જાઉં છું: અને સ્વતંત્રતાની લડત તો હજુ શરૂ થઇ રહી છે. સરકારે મને હજી પકડ્યો નથી, પણ હું તો અત્યારે મારા કાંડા પર હાથકડીઓ અને શરીર પર જંજીરોનો ભાર અનુભવી રહ્યો છું. ગુલામી શું જેવીતેવી વ્યથા છે?...

એક વાત ચોક્કસ છે. હું મરૂં કે જીવતો રહું, પણ મહાસભાનું કાર્ય ચાલુ રાખ્યે જ છુટકો છે. આવડા મોટા શહેરમાંથી માત્ર પાંચ જ હજાર સ્વયંસેવકો? અને મહાસભાનું કાર્ય બંધ પડવાની તૈયારી? ફરીફરીને હું પુછું છું કે કલકત્તાના વિદ્યાર્થીઓ આ સાંભળે છે?'

કારાવાસ

દેશભક્તિની આગથી ધગી રહેલા આ બળબળતા શબ્દો સાંભળી હજારો યુવકો દેશબંધુની ધન્ય સર-

દારી તજી જેલજાત્રા માટે તૈયાર થયા. દેશબંધુના પુત્ર ચિરંજનનું નામ આ નામાવલિમાં પહેલું હતું.

૧૯૨૧ની ૭મી ડિસેમ્બરે એમણે વિદ્યાર્થીઓને સાદ દીધો, અને ૮મી ડિસેમ્બરે એક બીજો જાણવાજોગ બનાવ બન્યો. બંગાળાના ત્યારના ગવર્નર લૉર્ડ રેનાલ્ડશેએ દેશબંધુને બંગાળાની પરિસ્થિતિ પર વિચાર ચલાવવા આમંત્રણ આપ્યું. દેશબંધુ ગયા અને વાટાઘાટ પણ ખુબ ચાલી, પરંતુ પરિણામે કશું ન વળ્યું. બેમાથી એકેય નમતું આપે એ અસંભવિત હતું. આ મસલતના સમાચાર જ્યારે વાઇસરૉયને મળ્યા ત્યારે એ નિશ્ચય થયો કે દેશબંધુને પકડયા સિવાય છુટકો નથી.

અને સાચે જ એમ બન્યું. માત્ર બે જ દિવસ પછી ૧૦મી તારીખે સ્વયંસેવક નોંધવાના ગુન્હા માટે દેશબંધુને કારાવાસનું આમંત્રણ આવ્યું !

આ આમંત્રણ માટે દેશબંધુ પહેલેથી જ તૈયાર હતા. ભલા મહારાજાને પણ આંજી નાખે એવા વૈભવથી રહેનાર દેશબંધુ જેલ તરફ સીધાવ્યા અને પાછળ એમનું કામ એમનાં પત્ની શ્રીમતી વાસંતીદેવીએ તથા એમનાં બ્હેન શ્રીમતી ઊર્મિલાદેવીએ કોડથી ઉપાડી લીધું. દેશબંધુ જેલ ગયા પણ બંગાળની સ્થિતિ તો એટલી ને એટલી ઉત્સાહિત રહી.

ઉગતી પ્રજાનો પ્રાણ

વીદ્યાર્થીઓને તો દેશબંધુ પ્રાણસમાન હતા. બંગાળાના સંખ્યાબંધ વીદ્યાર્થીઓને એમની હુંફ હતી; ઉગતી પ્રજા આગળ એમના તેજસ્વી જીવનો આદર્શ પડેલો છે; બંગાળના તરુણ વર્ગમાં એમણે જ જાણે પ્રાણસંચાર કર્યો છે.

અને પોતે તો ઉગતી પ્રજાના જાણે ભક્ત હતા. તેમનામાં એમને અપાર શ્રદ્ધા હતી.

એમના જેલ જવાથી મહાસભાના પ્રમુખ તરીકેનું તેમનું સ્થાન ખાલી પડેલું, પણ એમની ગેરહાજરીમાં હકીમ અજમલખાને એમનું ભાષણ વંચાવી એ પદનું કામ ચલાવેલું. પ્રમુખ તરીકેના એમના એ ભાષણમાં તરુણ વિદ્યાર્થીઓની પ્રશંસા કરીને લખેલા શબ્દો નોંધવા જેવા છે:

'કીર્તિપટમાં કોતરેલાં બધાં નામો તમને વાંચી સંભળાવવા જેટલો તો અત્યારે વખત નહિ રહે, પરંતુ મારે વિદ્યાર્થીઓનું નામ ભુલવું ન જોઇએ. તેઓમાં દેશની આશા અને દેશની કીર્તિ એકીસાથે વસેલી છે. આપણા રાજદ્વારી જીવનની વચ્ચે રહેવાની મને તક મળી હોવાથી હું જોઇ શક્યો છું કે વિદ્યાર્થીઓએ બતાવેલી અડગ દેશભક્તિ અને અદ્ભુત હીંમત તો અપૂર્વ હતાં. તેમની હું મુક્તકંઠે સ્તુતિ કરૂં છું. લડતને વીશે રહેલું ઉત્સાહનું પુર તેમનું છે, અને વિજયમાળ પણ તેમના કંઠમાં જ પડશે. જે શુભ દિનની સવારી ચાલી આવે છે તેના તેઓ મશાલચી છે; મહાયાત્રાએ નીકળેલા તેઓ યાત્રાળુઓ છે. દુઃખ વેઠવાનાં જો આજે તેમને ભાગે આવ્યાં છે તો વિજયમાળના પણ તેઓ જ અધિકારી છે.'

દેશબંધુ જેલમાંથી છુટયા એ વખતે કલકત્તાના વિદ્યાર્થીઓએ તેમને આવકાર આપેલો, અને તેમાં દેશબંધુનાં સમર્પણની ભારે સ્તુતિ કરેલી. એનો જવાબ આપતાં તેમણે કહ્યું, 'મેં ત્યાગ નથી કર્યો; મારા જેવાઓએ તે શાં બલિદાન દીધાં છે? બલિદાન આપનારા તો તમે—તમે છો;—મારા યુવાન બધુઓ, તમે જ ખરો ત્યાગ રેડનારા છો.' અને એ કહેતાં એમની આંખોમાંથી દડદડ આંસુની ધારા ચાલી !

સ્વરાજપક્ષ

૧૯૨૨ના ઑગસ્ટની નવમીએ એ જેલમાંથી છુટયા તે વેળા અસહકારનાં પુર ઉતરવા લાગ્યાં હતાં. ગાંધીજી જેલમાં હતા અને દેશને દોરનાર કોઇ વિભૂતિ નહોતી. ચોમેર નિરાશાનું વાતાવરણ ફેલાએલું હતું.

આ પરિવર્તનને દેશબંધુ બરોબર કળી ગયા અને અસહકારનાં બંધનોને જરાં ઢીલાં કરવાની વાત તેમણે ગયાની મહાસભા વખતે પ્રમુખસ્થાનેથી સુચવી. સંપૂર્ણ અસહકાર કરવાનું ન બની શક્યું ત્યારે હવે આ સ્થિતિમાં તો ધારાસભાઓમાં જઇ સરકારનાં દંભ અને પોગળ ઉઘાડાં પાડી ધારાસભાઓ તોડવાનો, અને એ માર્ગે લોકોમાંથી ગએલું ચેતન પાછું લાવવાનો એ એક જ ઉપાય એમને સુઝયો અને ગયાની મહાસભામાં એમણે ધારાસભા પ્રવેશ કરવાના પોતાના મતવાળાઓનો નવો 'સ્વરાજ પક્ષ' સ્થાપ્યો. ચુસ્ત અસહકારીઓ આની સામે પડયા. પણ દેશબંધુ તો અડગ હતા.

એવામાં ગાંધીજી પણ છુટ્યા. એક બાજુ ગાંધીજી અને એમના ચુસ્ત અસહકારીઓ: બીજી બાજુ દેશબંધુ તથા પંડિત મોતીલાલ નેહરૂનો સ્વરાજ પક્ષ. ધારાસભાના પ્રવેશ સંબંધી સામસામા અનેક વાદ-વિવાદ થયા. ગાંધીજી એમની અગાઉની માન્યતામાં હજુ મક્કમ હતા, અને દેશબંધુ તથા પંડિતજી પણ એટલા જ મક્કમ હતા. આખરે દરેક પક્ષે પોતપોતાના માર્ગે કામ કરવાનું નક્કી થયું અને દેશબંધુએ પોતે લીધેલા માર્ગની સફળતા માટે અથાગ અને ઉત્સાહી કામ કરવા માંડ્યું. છેવટે એમણે અને એમના પક્ષે બંગાળાની ધારાસભામાં પ્રવેશ કરી ત્યાંની અંધાધુની અને દંભ સામે સખત વાંધો ઉઠાવી તેને ખુલ્લાં પાડ્યાં, પોતાની બહુમતીથી ધારાસભા તોડી નાખી અને બંગાળ સરકારની દ્વિમુખી સત્તાનો અંત આણ્યો. આ વખતના અખંડ પરિશ્રમને લીધે એમની તબીઅત છેક લથડી ગઈ હતી.

ત્યાગ

અને હજીયે, જાણે ઉણપ રહી ગઇ હોય તેમ, લાખોની કમાણી છોડી પળવાર પણ જંપ્યા વિના દેશભરમાં ઘુમી સેવા કરી રહ્યા છતાં દેશબંધુને સંતોષ નહોતો; માતાને કાજે જેલમાં જઇ આવ્યા છતાં એમને તૃપ્તિ નહોતી. એમને સદા લાગ્યા જ કરતું કે હજી કંઇક અધુરૂં છે. અને એ અધુરૂં પુરૂં કરવાને માટે, આજથી છએક માસ પહેલાં પોતાની આઠ લાખની મિલ્કત—એ મહાલય સરખું મકાન અને ધન—પોતાનું સર્વસ્વ દેશને ચરણે ધરી દીધું અને હીંદના ગરીબમાં ગરીબની જોડે રહેવા માટે ફકીર બની ચાલી નીકળ્યા. આમ એમણે જીવનનો પરમ સંતોષ મેળવ્યો.

ગઇ સોળમી જુનની અભાગણી સાંજે, હિમાલયના દુર્જય લિંગ-દાર્જિલિંગને શિખરેથી સમાચાર આવ્યા કે ફકીર બનેલા એ અમીર દેશબંધુનો પુનિત આત્મા ઉડી ગયો છે! ગરીબ હીંદનું એ અણમુલ રત્ન કાળે ઝડપી લીધું અને આખા દેશનાં હૈયામાંથી એક ઉંડી ચીસ નીકળી પડી.

એમના દેહની વિદાય ભવ્ય હતી;—એટલી જ દર્દભરી હતી. દાર્જિલિંગથી કલકત્તા લાવેલા એ દેહનો પાંચ લાખ માણસની અપૂર્વ મેદનીના શોક વચ્ચે ચંદનની ચિતા પર અગ્નિસંસ્કાર થયો.

સંદેશ

"એકવીસ વરસની ઉગતી વયે એના વક્તૃત્વે દરીઆપારના દેશોમાં ડંકા દીધા; એના બુદ્ધિવૈભવે કેટકેટલાયે ચમરબંધીઓને કલકત્તાની અદાલતમાં ડોલાવ્યા; એના કવિત્વે અસામાન્ય કવિઓમાં સ્થાન લીધું; પિતૃભક્તિની પરાકાષ્ટા બતાવી એણે પિતાનું કરજ ચુકવ્યું; વૈભવના કાળમાં ભલભલા રાજાને પણ આંજે એવી રીતે રહ્યા; મુઠીઓ ભરીભરી ખેરાતો કરી; ડાબો હાથ ન જાણે એવાં છાનાં દાન જમણે હાથે દીધાં; મહીને અધલાખની કમાણી રળીરળીને દુઃખીદરિદ્રી દેશવાસીઓમાં લુંટાવી દીધી; અને વખત આવ્યે એ ચરણ ચાંપતી બેઠેલી લક્ષ્મીને ઠોકર મારી, ગોપીચંદને યાદ અણાવે એવી રીતે એ અમીર ચિત્તરંજને પલકવારમાં વૈભવનો ત્યાગ કરી પ્રસન્ન ચિત્તે કંગાલીઅત સ્વીકારી દેશને માટે ફકીરી લીધી, અને દેશસેવા કરતાં કરતાં દેહ પાડીને પોતાના ત્યાગમંદિર ઉપર સુવર્ણકળશ ચડાવ્યો.

એ પુરુષવરે પોતાની બધી અદ્ભુત શક્તિઓને લોકકલ્યાણને માર્ગે યોજી, તેની સાધનામાં જ જીવનની ખાખ કરી નાખી, તેથી જ જનતા આજે એના મૃત્યુ ઉપર આંસુ સારે છે.

એવાઓની સેવાની પાછળ સળગતા, ધગધગતા અને સર્વને દઝાડતા સ્વદેશપ્રેમનું અગાધ પ્રેરણાબળ ઉભું હોય છે. એટલે જ તેઓ દુનીઆને દુષ્કર લાગતા ત્યાગ સાવ સહેલાઇથી કરી શકે છે. દેશબંધુના સ્વદેશપ્રેમે તેમની પાસે વકીલાત છોડાવી, તેમની સ્વાધીનતાની તૃષાએ તેમની પાસે મહેલત્યાગ કરાવ્યો અને ફકીરની કફની પહેરાવી.

પોતાના સ્વદેશ અને સ્વદેશબાંધવોની પાછળ માત્ર સમૃદ્ધિનો ત્યાગ કરીને તે ન અટક્યા. પણ પોતાનું શરીર સાવ ક્ષીણ બની ગયું ત્યાં સુધી એ કાયામાંથી લોહી અને માંસનું બલિદાન તેમણે દીધા કર્યું અને તોયે તેમને સંતોષ ન થયો, એટલે તેમણે પોતાની આખી કાયાને દેશના હોમકુંડમાં હોમી દીધી અને નિર્દેહ બની સંતોષાયા.

કલ્પના જેને પહોંચી શકે નહિ, બુદ્ધિ જેને પામી શકે નહિ, હૃદય જેના ચરણમાં ભક્તિ ધરતાં થાકે નહિ, એવા એ અદ્દભુત અને પ્રતાપી દેશબંધુ પડ્યા. ત્રીસ કરોડ માનવપ્રાણીઓની વચ્ચેથી એક વિરાટ પુરુષ ઉડી પડ્યો! પંજાબથી મદ્રાસ અને બંગાળથી સિંધ: એ સીમાડાઓવાળા ખંડ જેવા વિશાળ આ આર્યાવર્તને ત્રણ પગલે માપી લેતો તે નરસિંહ કલકત્તાના ચોકમાં ઉભતો, પણ તેના પ્રચંડ દેહમાનથી તે આખા ભરતખંડને ભરી દેતો.

કેશવાળી હલાવતો કોઇ કેસરી ગર્જતો હોય તેવી સિંહગર્જના કરતો, દુશ્મનોની છાતી વીંધતો શક્તિનો સાગર ઘુઘવતો હોય તેવાં પહાડકાયી મોજાં ઉછાળતો, આખી અવનીને સમેટી લેતું કોઇ વિનાશક વાવાઝોડું ધસ્યું આવતું હોય એમ ધસમસતો, એ નરકેસરી. એ સાગર, એ ઝંઝાવાત—એ શક્તિનો અવતાર આપણી વચ્ચેથી આજ અદૃશ્ય થયો છે.

એમના જીવનમાં અમાપ મહત્તા ભરી હતી. એથી યે વધુ કરુણા એમના અંતરમાં છલકાતી. એ મહાન હતા એટલા જ ઓલીયા હતા; ભવ્ય હતા એટલા જ ભલા હતા. માનવીની ખરી ભવ્યતા જીવનના ભીતરમાં છે. કુટુંબપ્રેમમાં, દંપતિજીવનમાં, નાની નાની નીતિઓમાં, નાની નાની કરુણાઓમાં— ગમે ત્યાં દેશબંધુનું જીવન ઉકેલો. બધે જ એ ભવ્ય, અને એ કરુણ મૂર્તિ ઉભી છે.

જીવનના સંગ્રામમાં પડતા જુવાનોને માટ તો દેશબંધુના જીવનમાંથી અનેક પ્રેરણાભર્યા સંદેશા છુટે છે. અદ્દભુત એમનો દેશપ્રેમ અને સેવાભાવ ક્યાં થવાનાં છે? એમનો પુરુષાર્થ અને એમની બુદ્ધિપ્રતિભાની જોડી ક્યાં જડવાની છે? એમનો ત્યાગ, એમની ઉદારતા, એમની નીડરતા અપ્રતિમ નથી?

ભારતના ઇતિહાસમાં અત્યારે અંધારી રાત્રી છે; પણ તેમાં તારાઓ પ્રકાશના અક્ષરે એક નામ આલેખી રહ્યા છે. એ નામ દેશબંધુનું. દેશબંધુએ હીંદના ઇતિહાસમાં અક્ષય નામ મુકયું છે. જ્યાં લગી હીંદુસ્તાન છે, જ્યાં સુધી હીંદુસ્તાનનો ઇતિહાસ છે, ત્યાં લગી દેશબંધુ પણ છે. દેશબંધુ અમર છે."

અથાણું

દીર્ઘશંકા

: મનહર છંદ :

એક માણસે વિવાહ કરવા વિચાર કર્યો,
પણ એક દીર્ઘશંકા મનની પતી નહિ:
'પુત્ર થશે તેને પરણાવીશ હું કોના ઘરે'
વિચારમાં આખી 'મે વેકેશન' જતી રહી.

નંદલાલ

એક મૂર્ખાને રસ્તા પરથી આરસી મળી. તેણે તે ઉંચકી અને પોતાનો ચહેરો એમાં જોઈ ને તરત જ પાછી મુકી દીધી અને બોલ્યો, 'માફ કરજો સાહેબ, મને નહોતી ખબર કે આ આપની છે!'

*

કેડેથી વાંકો વળેલો એક વૃદ્ધ લાકડીને ટેકે રસ્તે ચાલ્યો જતો હતો. તેને જોઈ એક જુવાને મશ્કરીમાં પુછ્યું, 'કાકા, આ ધનુષ્યનું તમે શું આપ્યું? હું પણ એવું એક ખરીદવા માગું છું!'

'બેટા!' પેલા વૃદ્ધે જવાબ આપ્યો, 'જરા થોભી જા; હમણાંથી પૈસા બગાડવાની જરૂર નથી. થોડાં વરસ વધારે જીવ એટલે વિનામૂલ્યે તને એ ધનુષ્ય મળી જશે.'

*

એક માણસે પોતાના દીકરાને અરેબિક શીખવા નીશાળે મુકયો. થોડા મહીના પછી તેણે, દીકરો કેટલું શીખ્યો અને કઈ કઈ ચોપડીઓ વાંચી તેની પુછપરછ કરી. છોકરાએ ચોપડીઓનાં નામો જણાવ્યાં. 'જોઉં' કહી બાપે એક ચોપડી ઉપાડી, ખોલી અને જે પાનું અડસટ્ટે મળ્યું તેના પહેલા જ અક્ષર પર આંગળી મેલી છોકરાને પુછ્યું કે 'આ શું લખ્યું છે?'

હવે બાપ અરેબિક જાણતો ન હતો. વળી સંજોગ એવો બન્યો કે જે શબ્દ પર તેણે આંગળી મેલી હતી તે શબ્દ 'લાઅઇલમ' હતો, જેનો અર્થ 'હું જાણતો નથી' એવો થતો હતો.

છોકરાએ તે શબ્દ જોઈ ને તરત કહ્યું 'હું જાણતો નથી.'

'શું?' બાપે બુમ પાડી, 'તું જાણતો નથી? આટલા મહીના તેં શું કર્યું? હરામખોર! પૈસા પાણીમાં નાંખ્યા!'

છોકરો ઘણું યે સમજાવવાનું કરે,-પણ બાપા સમજે જ શાના?

(ન. સો. ગોળવાળા)

મગર સાથે બાથંબાથી

કરી મગરને મ્હાત કરી તેના જડબામાંથી જીવતા આવેલા એક તરુણ રબારીની ખરી બનેલી કહાણી

ચિત્રકાર
રવિશંકર પંડિત



'ઉંડાં કોતર ઉતરે
ચડે ગિરિ કરાડ'

એવું મહી નદીનાં કોતરોનું કવિ પ્રેમાનંદે જે વર્ણન કર્યું છે તેવી એક જગાએ મલુ બકરાં ચરાવતો હતો. ગયા જેઠ મહીનામાં ચોમાસું જરા વહેલું બેઠું. વરસાદ ખુબ થયો અને મહીસાગરમાં પુર આવ્યું; નાનાં નાનાં ઘણાં વહેળીઆં, અને મહીસાગરને મળનારી નાની નાની નદીઓ, તમામ એ કાંઠામાં આવી ગયાં.

મલુ રહેવાશી તો છેક કચ્છ-ભુજનો; પરંતુ બકરાં ચરાવતો ચરાવતો એ ઠેઠ ત્યાંથી નીકળી કાઠીઆવાડ મુકી, અમદાવાદ જીલ્લો વટાવી, ચરોતરને છેડે મહીસાગરના કાંઠાનાં ખેતરો સુધી આવી પહોંચ્યો હતો. એની સાથે એનો કાકો, બીજા વડીલો અને સાથીઓ પણ હતાં, કેટલીક બાઇઓ પણ હતી; પણ વરસાદ વખતે બધાં પોત-પોતાનાં બકરાં લઇ છુટક છુટક વહેંચાઇ ગયાં હતાં. રાત્રે બધાં એક સ્થળે ભેગાં થઇ બકરાં એકઠાં બાંધતાં અને વહાણું વાયે પાછાં વેરાતાં.

પુર આવ્યાં તે દિવસે બકરાંને ટેકરા ટેકરી ઉપર અને કોતરોમાં નવો ઉગેલો ચારો ચરતાં મુકી મલુ પાસેના એક વહેળીઆમાં પાણી પીવા ગયો. વાંકો વળીને એ ખોબેખોબે પાણી પીતો હતો એવામાં પુરથી વાંકામાં તણાઈ આવેલો એક મોટો મગર મલુને બાવડે બાઝયો.

અને એ તો મગરની ચુડ: એ કંઇ છુટે? મલુ ચેત્યો તો ખરો પણ હવે થાય શું?

મગર મલુને પાણીમાં ખેંચી ગયો! મલુએ ચીસ પાડી તે આઘેથી સાંભળીને એનો કાકો તથા બીજા એકબે રબારી દોડી તો આવ્યા, પણ શું કરવું એની એમને કંઇ ગમ પડી નહિ. શું થયું એ પણ એમનાથી પુરૂં ન સમજાયું. વહેળીઆમાં પાણી ખળખળ વહી રહ્યું હતું.

થોડીવારે એમણે મલુને વહેળીઆમાં ગડથોલા ખાતો જોયો, અને તણાતો હશે એમ લાગ્યું; પણ

કોઈની એને બચાવવા જવાની હામ ચાલી નહિ.

મગર પાણીનો રાજા, મલુ વગડાનો રાજા. વનવગડામાં મલુ અધરાત મધરાત એકલો ફરેલો. એણે કદિ ભૂતપ્રેતની કે વાઘવરૂની બીક સરખી યે જાણેલી નહિ. સરકારે એની પાસે હથીઆર તો રહેવા ન દીધેલાં, છતાં એ તો પુરો નિર્ભય હતો. ખેડુત રબારી કે ભરવાડનો પણ સરકાર વિશ્વાસ નથી કરતી ને એ કોઇથી બંદુક પીસ્તોલ વગેરે હથીઆર રખાતાં નથી; તો યે માત્ર ધારીઆં કે કડીઆળી ડાંગ લઈ આ મલુ જેવા વગડાઉ લોક વગર બીકે ગમે ત્યાં ફરે છે અને કોઇ મનુષ્ય કે પ્રાણીથી બીતા નથી.

પણ અત્યારે તો મલુ પાસે ડાંગ પણ નહોતી. હથીઆરમાં હતો ફક્ત એક હાથ અને બીજું હતું શુરાતન.

એ પંપાળીપંપાળીને ઉછેરાયો નહોતો. ભજીઆંપુરી કે ચ્હાચેવડાથી એનું શરીર નહોતું પોષાયું.

એ ખાતો હતો જાર કે બાજરીના જાડા રોટલા, પીતો શેડકઢું દુધ કે જાડી છાશ અને સુતો ખુલ્લાં ખેતરોમાં કે જંગલમાં. શહેરોની સાંકડી પોળો કે ઉંડી હવેલીઓની હવા એને નસીબે નહોતી માંડી. ઘોડાગાડી, મોટર કે રેલગાડીમાં પણ એ ફરનારો નહોતો. લાંબી મજલો પગે જ કાપેલી હોવાથી એ મજબુત બન્યો હતો, અને સેંકડો બકરાં એક નજર તળે સાચવી સાચવી એનામાં ચાલાકી આવી હતી. તરતાં એને નહોતું આવડતું.

મગરે એને ઉંડા પાણીમાં ખેંચવા માંડ્યો અને મલુએ મગરને કિનારા તરફ ધસડવા માંડ્યો. એની વચ્ચે જાણે ગજગ્રાહની રમત (ટગ ઑફ વૉર)ની ખેંચાખેંચ ચાલી રહી.

એમ કરતાં કરતાં લાગ શોધી મલુએ મગરને દાવમાં લીધો. પોતાના છુટા રહેલા હાથે એણે નીચેથી મગરની ગળચી દબાવી અને એવું તો જોર કર્યું કે શ્વાસ લેવા માટે મગરને ડાચું પહોળું કરવું પડ્યું.

આ વખતે મલુ વહેળીઆને સામે કિનારે પહોંચવા આવ્યો હતો. મગરનું મોં પહોળું થતાં એનો પકડાએલો હાથ છુટો થયો; પણ હજી મલુએ ગળચી તો દબાવ્યે જ રાખી. એમ ને એમ મલુ મગરને ધસડતો ધસડતો કિનારે લાવ્યો અને પોતે ધીમેધીમે પાણીમાંથી બહાર નીકળ્યો.



મલુ

પાણીની બહાર આવવાથી, અને શ્વાસ રૂંધાઇ જવાથી મગર ખુબ ગભરાયો અને તરફડીઆં મારવા લાગ્યો. હજી યે ખેંચાખેંચ તો ચાલુ જ હતી; પણ હવે મલુને બીક નહોતી. અંતે મુંઝવણથી મગર તદ્દન નિર્બળ બની જવા આવ્યો. મલુએ આ લાગ બરાબર આવેલો જાણ્યો. પોતાનામાં હતું એટલું જોર કરી મલુએ છેલ્લો ધક્કો મારી, ગળચી છોડીને મગરને પાણી તરફ હડસેલી દીધો, અને ગુંગળાટથી ગભરાએલો મગર જીવ લઇને પાણીમાં પેસી ગયો.

મગરના ડાચામાં પકડાએલું, ઠેઠ પાણીમાં ઘસડાએલું કોઈ માનવી, આ રીતે મગર સાથે બાથંબાથ કરી, મગરને હરાવીને જીવતું બહાર નીકળ્યું હોય એવું અત્યાર સુધીમાં કદિ સાંભળ્યું નથી.

ઉપરનો બનાવ બન્યાને આઠમે દહાડે મલુ મારે દવાખાને હાથની દવા કરાવવા આવેલો. સુભાગ્યે 'કુમાર'ના તંત્રી એ વખતે ત્યાં અચાનક હાજર હતા. એમણે ઘાયલ મલુનો ફોટો લીધો તે ઉપર

આપ્યો છે; અને એની ઉપરની ખરી બનેલી હકીકત મને 'કુમાર' માટે લખી આપવા એમણે કહ્યું, તે જેવી હતી તેવી સાચેસાચી મેં આપી છે.

ગુજરાત સ્વરાજ્ય ભોગવતું હોત તો મલુ જેવા શરવીરને લશ્કરમાં કોઇ મોટી નોકરી આપત; એની રાષ્ટ્રીય શાળાઓ કે પાઠશાળાઓ સમર્થ હોત તો મલુનાં ચિત્રો વિદ્યાર્થીઓના બોધ માટે તૈયાર કરાવત. પણ એ દિવસ હજી વેગળા છે. દરમીઆન, 'કુમાર'-ના વાચકો મલુને ઓળખી રાખે, અને સોળ વરસની ઉમરનો એક ઉગતો જુવાન શું કરી શકે એટલું ધ્યાનમાં રાખે તો યે ઘણું છે.

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

[જોડેના કૉલમને અનુસંધાને ચાલુ]

વાવાઝોડાએ જાણે નુકસાની કરી હોય!

ટોળાબંધ રહે છે એટલે આ પ્રાણી ઝાઝું નુકસાન કરતું નથી, પણ ક્યાંક એકલું મળે તો ભયભરેલું ખરૂં. તેની આંખ, અથવા કાનની પાછળના ભાગ સિવાય આખા શરીર પર કયાંય ગોળીનો ઘા ફુટી શકતો નથી, એટલે તેની સામે મુકાબલો કરવો ભારે થઇ પડે. છતાં આફ્રીકાના જંગલીઓ ભાલાં વડે બહુ ચાલાકીથી હિપોનો શીકાર કરે છે. હિપોની ચામડીમાંથી મજબુત કોયડા, તેના દાંતમાંથી બનાવટી દાંત તથા રમકડાં અને તેની ચરબીમાંથી તેલ બનતાં હોવાથી જંગલીઓ તેનો બહુ શીકાર કરે છે. શીકારનું ભોગ ન થઈ પડે તો એ પ્રાણી આશરે ત્રીસથી ચાળીસ વરસ જીવે છે.

સ્વીકાર

સ્વર્ગનો ખજાનોઃ સ્વર્ગનું વિમાનઃ સ્વર્ગની કુંચી સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆરનાં લખેલાં અતિ વખણાએલાં અને જનસમાજને બોધક સ્વર્ગનાં પુસ્તકો. દરેક ૩૦૦-૩૫૦ પાનાનું, સુંદર છપાઈ, જાડા કાગળ, પાકું પુંઠું છતાં કીમત માત્ર દરેકનો રૂા. ૧-૬-૦

પ્રીતમદાસની વાણીઃ સંત પ્રીતમનાં લોકપ્રિય ભજનોનો ૪૨૦ પાનાંનો સંગ્રહ; કીંમત પાકા પુંઠાનો રૂા. દોઢ. ઉપલાં ચારે પુસ્તકના પ્રકાશકઃ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ.

નવાં ગીતો (ભાગ ૨): લેખક, ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ; પ્રકાશક, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૪-૦.

બોધકઃ લેખક અને પ્રકાશક, છગનલાલ ઠાકોરદાસ મોદી, બાલાજી રોડ, સુરત.

સરજનહારની સૃષ્ટિ



જળ હાથી : **હિપોપૉટેમસ** : કીઓકા

આ બેડોળ, વિચિત્ર અને ભારે પ્રાણીનું આખું ચિત્ર તથા થોડું વિશેષ વર્ણન આ અંકમાં 'આફ્રીકાના પત્રો'માં છે. બાર ફુટ લાંબું ને ચારેક ફુટ ઉંચું આ ગોળમટોળ પ્રાણી એટલું તો જાડું હોય છે કે એનો ઘેરાવો પણ આશરે બારેક ફુટ થાય! એટલે એને જળહાથી કહીએ તો ખોટું નહિ. જોકે હિપોપૉટેમસનો ખરો અર્થ 'જળ-ઘોડો' થાય; અને એના મુળ રહેઠાણ આફ્રીકામાં એને કીઓકા કહે છે.

તેના રાક્ષસી શરીરના પ્રમાણમાં તેના કાન બહુ જ નાના હોય છે, અને માખીની પાંખોની પેઠે તે આખો દહાડો ફફડયા કરે છે. મગર અથવા સાપની પેઠે તે પોતાનાં પ્રચંડ જડબાં ફાડે છે ત્યારે તેની અંદરના ખપાળી જેવા મોટા જબ્બર દાંત જોઇ ભયભીત જ થઈ જવાય!

ત્રીસ-ચાળીસનાં ટોળાંમાં આ પ્રાણી નદીઓમાં અથવા નદીકાંઠે વસે છે ને નદીમાં ઉગતી વનસ્પતિ તથા કાંઠાપરનો ઘાસચારો ખાઇ જીવે છે. આટલું ભારે શરીર છતાં તે બહુ જ ઝડપથી તરી શકે છે અને ડુબકીઓ મારી ઘણા લાંબા સમય સુધી પાણીમાં રહી શકે છે; એટલું જ નહિ, પણ પાણીને તળીએ ચાલી પણ શકે છે. આફ્રીકાની નદીઓમાં નાની હોડીમાં સફર કરવી સલામત નહિ, કારણકે, જો રમતે ચડયું હોય, તો ગમે તે પળે પાણીને તળીએથી ફુટી નીકળી માથાની એક જ ઠીકરડે તે હોડીને ઉંધી વાળી ડુબાવી દે છે!

ઘણુંખરૂં રાતના ભાગમાં તે બહાર ચરવા નીકળે છે, અને ભોગજોગે જો કોઇ ખેતર હાથ પડયું તો કીઓકાનું એક ટોળું એટલું રમણભમણ કરી મુકે છે કે કોઈ પ્રચંડ

[અનુસંધાન જોડેના કૉલમને છેડે]



પહેલાં તો આપણાં નદીવાળાં કોઇ પણ ગામમાં કોઇ એવાં સ્ત્રી બાળક કે પુરુષ ન હતાં, જેમને તરતાં ન આવડે. અરે, તેઓ પચાસ પચાસ ફુટની ઉંચાઇએથી વાવ-કુવાઓમાં ધુબકા ખાતા; તરવાની પણ જુદી જુદી રીતો એમને આવડતી. આજે એ કળા ભુલાતી જાય છે.

દરીઆનું આપણું અજ્ઞાન ભયંકર છે, અને તેથી યે ભયંકર તો આપણને એની બીક લાગે છે એ છે. જુના વખતમાં હીંદના વેપારીઓ વહાણ ભરીને મીસર અથવા જાવા વગેરે તેજાનાના ટાપુઓ સુધી સફરો ખેડતા અને વરસો પછી સ્વદેશ વળતા. જે વેળા સમુદ્રપ્રવાસમાં અનેક અડચણો હતી અને દરીઆઇ તોફાનમાંથી બચી જવા આપણી કને ન જેવાં સાધન હતાં ત્યારે દરીઆનું જોખમ ખેડવા પ્રજામાં ભરપુર પ્રાણ હતો. આજે સાધનો ઘણાં અને સહીસલામતીવાળાં છે, મુસાફરીમાં સુખ અને સગવડો છે ત્યારે આપણે દરીઆના ડરકુ બન્યા છીએ અને દરીઆને જોવો પણ છોડી દીધો છે!

બીજી પ્રજાઓ જ્યારે જળ, સ્થળ અને હવાનાં વાહનો ઉપર સત્તા મેળવે છે, પાણીની અંદર ચાલનારી આગબોટો (સબમરિન) ચલાવી અંદરની માપણી કરે છે, હવામાંથી રસ્તાઓ કાઢી ઝડપી વિમાનો ઉડાવે છે, જમીન, સમુદ્ર અને આકાશમાં ચાલી શકે તેવાં યંત્રો બનાવે છે, ત્યારે હીંદી પ્રજા સમુદ્રદર્શન પણ કરી શકતી નથી!

જે સમયમાં નાળીએરી પુનમે પ્રવાસી વેપારીનાં સગાંસબંધીઓ સાકર નાળીએર લઇ બંદર પર આવતાં અને નાળીએરો ફેંકીને સમુદ્રપૂજન કરતા, તે દિવસે આર્યાવર્ત સાહસિક, સુખી અને સમૃદ્ધિવાન હતો. તે દિવસોમાં સમુદ્રમાં દૂર કોઇ વહાણ આવતું દેખાય કે તરત આખું ગામ ઉલટીને કાંઠે મળતું, આવનાર વતનીને હરખેહરખે વધાવતું. આજ એ બધું બદલાઇ–પલટાઈ ગયું છે. જે હીંદુસ્તાન દ્વિપ-

સમુદ્રનો સાદ

તમે કોઈ બુઢ્ઢા વહાણવટીને કે ખારવાના બાળકને વહાણના ડોલ ઉપર સઢ ચડાવતો જોયો છે? તોફાની પવનમાં વહાણ આમતેમ હાલકડોલક થાય, નમીને એક બાજુ ઢળી જાય અને પાણી ભરાવાની તૈયારી હોય, ત્યારે જે હીંમત, સાહસ અને જોમથી એ થાંભલે ચડી કામ ધપાવે છે એ કોઇપણ શૂરવીરને છાજે તેવું છે.

દરીઆકાંઠે તમે ખારવાનાં બાળકોને પાણીમાં તરતાં અને કાદવે ખરડાતાં જોયાં છે ખરાં? એમના સુખની તમને બે ઘડી અદેખાઇ આવે. તેઓ એવા તો સરસ તરીઆ હોય છે કે દરીઓ એમને મધ સમ મીઠો લાગે છે; જાણે રમતગમતનું વિશાળ મેદાન જ હોય નહિ!

તેઓનું ઘર પણ નાના જેવા વહાણમાં જ હોય છે. મહીનાના મહીના તેઓ દરીઆમાં જ કાઢે છે. દરીઓ એમનો સાથી જ થઈ ગયો હોય છે.

તમને ઇટાલીના વેનિસ શહેરની તો ખબર છે ને? ૧૦૮ જેટલા નાના ટાપુઓ ઉપર બંધાએલું એ શહેર છે. એની શેરીઓ, પોળો અને બજારો દરીઆના પાણીની છે. કોઇને મળવા જવું હોય કે વસ્તુ લેવા જવી હોય તો તે હોડીમાં બેસીને. આપણે ત્યાં કાશ્મીરની રાજધાની શ્રીનગર પણ એવું જ છે.

કલ્પ છે, જેની ત્રણ બાજુ સાગર ઉછળી રહ્યો છે, જે ભરતખંડનો કાંઠો ઘણાંઘણાં બંદરોથી ભરેલો છે, જે દેશમાં વહાણો ચાલી શકે એવડી મોટી નદીઓ આવેલી છે; ત્યાંની જ પ્રજા આજ દરીઆથી–દરીઆઇ જીંદગીથી ડરી મરે છે; કેમ જાણે વરુણદેવનો શ્રાપ હોય!


લક્ષ્મીના પિતા (સમુદ્ર)થી આપણે રીસાયા છીએ, તો લક્ષ્મી આપણાથી રીસાઇ છે, દેશ કંગાળ અને નિર્બળ બન્યો છે, સાહસ અને શૌર્યનાં પૂર સુકાઈ ગયાં છે અને પરદેશીઓની નજરે આપણે હીણા પડ્યા છીએ.

બાઈરન નામનો એક અંગ્રેજ કવિ કહે છે કે સમુદ્ર તો મારો મિત્ર છે. મારા બાળપણના દિવસોમાં મેં એની યાળ પકડીને એની પીઠ પર ખુબ સવારી કરી છે; અને આજ જ્યારે જ્યારે સમુદ્ર જોઉં છું ત્યારે ત્યારે મને એના પર અથાગ પ્રેમભાવ જાગે છે. હીંદમાં આવો બાઇરન ક્યારે જન્મ લેશે?

એકવાર પરમાત્માએ વરાહનો અવતાર લઇ પૃથ્વીને સમુદ્રમાં ડુબતી બચાવી હતી. એ જ પરમાત્માનાં આપણે સબળ સંતાન છીએ. મોતની બીક આપણને ન હોય. શરીરને જાળવીને આપણે પ્રાણ ગુમાવ્યો છે—આત્મા ખોયો છે. ઉગતી પ્રજાએ સમુદ્રનો સાદ સાંભળવો જોઇએ.

રમણીય સાગર


સાગરના અવલોકન અને અભ્યાસ કરનાર એક માણસે કાચની નળીને તાંબાના નળમાં મુકી અને દરીઆમાં ઘણે ઉંડે બુડાડી જોઈ. તેને પાછી કાઢી ત્યારે માલુમ પડ્યું કે પાણીના દબાણને લીધે એ તાંબાનો નળ, માથે હથોડા માર્યા હોય તેમ, દબાઇને કુચો થઈ ગયો હતો. દરીઆમાં રહેનારાં પ્રાણીઓ આવા દબાણને લીધે જ ચપટાં થઈ જાય છે. ઉંડે વસનારાં પ્રાણીઓ જો ઉપર સપાટીએ રહેવા આવે તો ઉલટાં ફુલી જાય છે! દરીઆના ઉંડાણમાં અજવાળું ઘણું થોડું મળતું હોવાને લીધે ઇશ્વરે એમની આંખો મોટી કરી છે અને એમને ત્યાં ખોરાક થોડો જડતો હોવાને લીધે તેમના મોં મોટાં બનાવ્યાં છે.


ઢાલ કાચબો અને નાની માછલીઓ


પોર્ટુગીઝ મનવાર નામનો ઝુડો અને તેની સાથે રમતી નાની માછલીઓ


શાર્ક માછલી
...Magazine.

સમુદ્રનો શો ઉપયોગ છે એ મનુષ્યજાતને હજુ હવે સમજાતું જાય છે. સમુદ્રની પીઠ ઉપર દેશપરદેશની સફરો તો જુના કાળથી ખેડાય છે. આપણને ઘણી જાતના ખાર દરીઓ જ આપે છે. તે ઉપરાંત દરીઆના પાણીથી નહાવું એ ઘણું તંદુરસ્તી આપનારૂં છે. સૂર્યના તાપને એ સરખી રીતે વહેંચીને પાથરી દે છે. ખેતીને એ મદદરૂપ છે, અને હવાને ઠંડી તથા ચોખ્ખી કરે છે. એ વરસાદ પુરો પાડે છે અને પૃથ્વીની ધુળને વેરી કાઢે છે. માણસોને ખાવાના કામમાં આવે એવી વનસ્પતિ ઉગાડે છે; અને કદિ સુધારવો કે સમરાવવો ન પડે એવો દેશપરદેશને જોડનારો રસ્તો પોતે બની રહ્યો છે.



દરીઆઈ કુંભળા નામનો જીવડો

છીપોમાં વસતા જીવડા

શંખમાં વસતા કરચલા

શેળાના ઘાટનો દરીઆઈ જીવડો અને નાની માછલીઓ

એનીમોન નામનો દરીઆઈ જીવડો

જીવડાઓએ રહેઠાણ માટે બનાવેલા વાદળી અને કરચલો

My Magazine

છે કે જાણે કેમ દરીઆમાં ડુબી જતા હોય ! આપણે ફરી દરીઆઇ જીવન શરૂ કરવું જરૂરનું છે, એટલું જ નહિ પણ સમુદ્રને આપણો મિત્ર જ બનાવી લેવો જોઇશે.

આપણું વિજ્ઞાન સમુદ્રનું અજાયબ જેવું વર્ણન કરે છે. અંધારાઘોર અને અતિશય ઠંડીવાળો, વનસ્પતિ કે હવા વિનાનો વિશાળ પ્રદેશ કલ્પો. ચિત્રવિચિત્ર પેટે ચાલનારાં પ્રાણીઓથી વસાએલો ઉંડો પ્રદેશ કલ્પો. પાણીના દબાણથી તે એટલો ભરેલો છે કે પૃથ્વી ઉપરના સૌ પર્વતો કરતાં પણ ત્યાં વસનારને વધુ ભય લાગે, અને ત્યાં વાસ કરનાર મનુષ્ય કે વસ્તુનો કચ્ચરઘાણ વળી જાય.

આપણી પૃથ્વીનો પોણો ભાગ આવો ભયાનક છે; ભયાનકની સાથે રમુજ ઉત્પન્ન કરે એવો પણ એટલો જ છે. સમુદ્રનાં લાખો તરેહનાં પ્રાણીઓ, સમુદ્રનું વિશાળ પેટાળ, સમુદ્રની રંગબેરંગી લીલોતરી—આ સૌથી સમુદ્ર મનોહર, રળીઆમણો, ગંભીર અને પ્રેરણા પાનાર બને છે. પૃથ્વી ઉપર ૧૪ કરોડ ચોરસમાઇલ સમુદ્રના પાણીનો પટ છે અને બાકીની ૫ કરોડ ૭૦ લાખ ચોરસમાઇલ જમીન છે.

કોઈ પર્વતની ટોચ ઉપર ચડીએ છીએ ત્યારે આપણે હબકીને તમ્મર ખાઇ જઇએ છીએ. પરંતુ સમુદ્રની સરેરાશ ઉંડાઇ મોટામાં મોટા પર્વતના કરતાં યે પાંચગણી છે. આટલાન્ટિક મહાસાગર સપાટીથી ૧૯,૨૦૦ ફુટ અને પાસિફિક મહાસાગર ૩૨,૧૧૩ ફુટ ઉંડા છે. સમુદ્રની સરેરાશ ઉંડાઈ અઢી માઇલ છે. ઘણુંમાં વધુ ઉંડાણ ચારથી છ માઇલ સુધીનું છે !

આપણે હીંદુઓએ તો સમુદ્રને લક્ષ્મીનો તાત કહ્યો છે, અને 'રત્નાકર' (રત્નોની ખાણ) કહ્યો છે. દેવોએ સાગરમંથન કરીને લક્ષ્મી, ચંદ્ર, પાંચજન્ય શંખ, કૌસ્તુભમણિ વગેરે ચૌદ રત્ન એમાંથી મેળવ્યાં છે. સમુદ્રના ઉપયોગ સમજવા આપણે એનો વધુ અભ્યાસ કરવો જરૂરનો છે. પણ આપણા ઘણાખરા જુવાનોએ તો દરીઓ જ જોયો નથી હોતો! અને દરીઆની વાતો સાંભળતાં એવા હબકી જાય

જો હિમાલયનું ગૌરીશંકર શિખર સમુદ્રમાં નાખી દીધું હોય તો તે આખું ડુબી ગયા પછી પણ સમુદ્રની સપાટીથી અરધો માઈલ હેઠળ રહે.



ધારો કે ખાડાટેકરા અને પહાડપર્વત પાડીને આખી પૃથ્વીની જમીન સપાટ બનાવીએ અને તેમ કરતાં નીકળેલી એ બધી માટીને દરીઆમાં પુરીએ તોપણ દરીઓ સરેરાશ પોણાબે માઇલ ઉંડો રહે.

દરીઆને ઠેઠ તળીએ હજુ કોઈ પહોંચી શક્યું નથી. અત્યાર સુધીનો અનુભવ કહે છે કે કોઇ માણસ ત્યાં જઈ શકશે નહિ. આજ લગી સમુદ્રની શોધખોળ 'ઓશનોગ્રાફ' નામના યંત્ર વડે થઈ છે.

સમુદ્રના ઉંડાણમાં ટોળાવવાળી ખીણો અને લાંબી સાંકડી ફાટો છે. આ ખીણો અને ફાટો ધરતીકંપને લીધે થઇ હશે એમ મનાય છે. પૃથ્વી ઉપર છે એટલા જ પર્વતો સમુદ્રમાં પણ સમાએલા છે.

આપણે જાણીએ છીએ કે દરીઓ મજાના આસમાની રંગનો છે. કદાચ આકાશના પ્રતિબિંબને લીધે એ વાદળી હોય. પણ કાંઠાથી દૂરનો દરીઓ આસમાની હોય છે, એટલે દરીઆની ઉંડાઈ એ પણ એક કારણ હશે. છીછરૂં પાણી હોય ત્યાં દરીઓ લીલો દેખાય છે. દરીઆ નીચેની વનસ્પતિને લીધે પણ એ કોઈવાર લીલો લાગે છે. આર્કિટક મહાસાગર લીલો છે. લાલ સમુદ્રની સપાટી ઉપર એક જાતનું રાતું ઘાસ ઉગી નીકળે છે તેથી એનો રંગ અને એનું નામ 'લાલ' છે. ઉત્તર પ્રદેશમાં સફેદ બરફરૂપે જામી જતો હોવાથી ત્યાંનો સમુદ્ર 'ધોળો સમુદ્ર' કહેવાય છે. 'કાળા સમુદ્ર'માં પાણી અગાધ ઉંડાં હોઈ કાળાંભમ્મર લાગે છે. 'પીળો સમુદ્ર' નામ તો એને કાંઠે વસતી ચીન જાપાનની પીળી ચામડીવાળી પ્રજા ઉપરથી પડયું હશે. પાણીની ચોખ્ખાઈ પણ દરીઆના જુદા જુદા રંગનું કારણ હશે. ચોખ્ખા પાણીની ટાંકી ભરી હોય તો તેમાં વાદળી રંગ દેખાય છે. જમીનના ક્ષાર અને ધાતુઓને લીધે પણ રંગફેર બને.

દરીઓ ચળકતો અને પારદર્શક તો સપાટી ઉપર જ છે. ૩૦૦૦ ફુટ (૫૦૦ ફૅધમ)થી નીચે સૂર્યનો પ્રકાશ જઇ શકતો નથી. એટલે દરીઆઇ લીલોતરી પણ ૩૦૦૦ ફુટની ઉંડાઇ સુધી જ ઉગી શકે છે, કારણકે વનસ્પતિને સૂર્યનો પ્રકાશ તો ખાસ જોઇએ. ૧૫૦૦ ફુટ (૨૫૦ ફૅધમ)થી આગળ નીચે સૂર્યનાં ગરમ કિરણો ઉતરતાં નથી, અને એની ઉપર પણ કિરણોની ગરમી ઘણી ઓછી રહે છે. આનું પરિણામ એ આવે છે કે દરીઆની સપાટી

[જુઓ અનુસંધાન પાને ૨૬૯ મે]

'ઘડા' થયા પહેલાં



અણ્ણા (રઘુનાથ)   બાબા (મંગેશ)
કેશુ વિષ્ણુ દત્તુ ગોંદુ (ગોવિંદ)

૩

જામફળ અને જલેબી

સતારાથી અમે ઘણીવાર શાહપુર આવતા. શાહપુર અને બેલગામ લગભગ એક જ છે. શાહપુર અમારૂં મોસાળ. એ દિવસોમાં રેલવે ન હતી એટલે મુસાફરી બળદગાડીમાં થતી. અમે એકવાર બળદગાડીમાં બેસીને સતારાથી શાહપુર આવેલા તેનું સ્મરણ હજી છે. અમે અમારા વચલા ભાઇ વિષ્ણુના લગ્ન પ્રસંગે જતા હતા. વાટમાં એક સુંદર પથરાના પુલ તળે નદીને કાંઠે ઉતર્યા હતા. પિતાશ્રી સાથે ન હતા. ગાડાંની મુસાફરીમાં વખત ઘણો જાય, અને એમને એટલી રજા મળે એમ ન હતું, એટલે તેઓ પાછળથી ટપાલના ટાંગામાં આવવાના હતા. મારા ભાઇએ નદીને કાંઠે ત્રણ પથરા ગોઠવી મંગાળો માંડી રસોઇ કરવાની તૈયારી કરી. એટલામાં બાએ કહ્યું, 'અહીં રસોઇ ન થાય; ચાલો આગળ જઇએ.' આવો મઝાનો પુલ, મીઠી છાયા અને ભુખનો વખત, એવે સમયે બાએ કુચ કરવાનો હુકમ કેમ આપ્યો હશે એની કંઇ સમજણ ન પડી. બાએ કહ્યું, 'નદીનું પાણી બધું પરપોટાવાળું છે.' જોઉં તો સાચે જ, પાણી ધીમે ધીમે વહે છે અને ઉપર ગંદાં ફીણ અને પરપોટા ખુબ છે. મેં દલીલ કરી, 'પણ માંહ્યનું પાણી તો સારૂં છે ને!' બાએ કહ્યું, 'ના, પણ નદી અપવિત્ર છે. શાસ્ત્રમાં કહ્યું છે કે નદીમાં આવા પરપોટા હોય ત્યારે એ પાણીને અડાય પણ નહિ.'

શાહપુર આવ્યા ત્યાં તો નવી જ દુનીઆ. જમીન બધી લાલ લાલ. પહેલે દિવસે મેં કેટલા યે લાલ કાંકરા ભેગા કર્યા. મારા મામાની દીકરી મારી સાથે બોલે તે ભાષા હું ન સમજું. મારી ભાષા મરાઠી, એમની કોંકણી. બધું જંગલી જંગલી જેવું લાગે. લાડુ બ્હેન મને કહે, 'ચાલ, આપણે મોડકા માસ્તરની નીશાળે ભણવા જઇએ.' મોડકા માસ્તર એક વિચિત્ર વ્યક્તિ હતી. કદમાં ઠીંગણા, સ્વભાવે ઉગ્ર અને બંને હાથે ઠુંઠા! ધોતીઉં બદલવું હોય ત્યારે સ્ત્રીની મદદ લે! પણ ભણાવવામાં એક્કા. એમને ત્યાં ચોકમાં છોકરાઓ હારબંધ બેસતા. મોડકા માસ્તર દરેક છોકરા આગળ વારાફરતી આવીને બેસે. પગમાં પેન ઝાલી સ્લેટ ઉપર સુરેખ અક્ષર લખી આપે અને કહે ઘુંટ. કાગળ પણ જમીન પર રાખી કલમ પગના અંગુઠા અને પાસેની આંગળી વચ્ચે પકડી એવા તો સરસ અક્ષરે ઝપાટાબંધ લખતા કે જાણે આજકાલના રિપોર્ટર!

ચાંદવડકર માસ્તરનો અનુભવ તાજો જ હતો, પણ મોડકા માસ્તરને જોયા પછી મનમાં વિચાર આવ્યો, અહીં તો આપણે સલામત છીએ. જ્યાં હાથ જ નથી

ત્યાં સોટીનો ભો શો? પણ મારો એ આનંદ ઝાઝો વખત ટક્યો નહિ. હું જરા આમતેમ જોતો હતો એવામાં મોટા માસ્તરે આવીને મારી ખુલ્લી જાંઘ પર પગ વતી એવી તો ચુંટી ખણી કે હું ચીસ પાડીને નીશાળમાંથી નાસી જ ગયો! બીજે દિવસે આપણે નીશાળે જવાની સાફ ના પાડી. મેં વિચાર કર્યો કે અહીં ક્યાં બાબા છે તે મને ડરાવીને નીશાળે મોકલશે? પણ મારા દુર્ભાગ્યે બાબાનું કામ મારી મોટી મામીએ કર્યું. મને ઉપાડીને કેડે બેસાડી તે નીશાળે લઇ ગઇ. રસ્તામાં જ મેં મનસુબો કર્યો કે આજે હાર્યા તો નીશાળની બલા હમેશ માટે કપાળે—અથવા સાચું કહું તો જાંધે—ચોટવાની! એટલે નીશાળને બારણે મામી મને જમીન પર મુકે એટલી જ વાર. બંને પગનો પુરો ઉપયોગ કરી શેરીનો બીજો છેડો મેં સાંધ્યો! મામીનું શરીર કંઈ હળવું નહોતું કે મારી પાછળ પડીને મને પકડી શકે. અંતે મારો વિજય થયો અને શાહપુરમાં હોઉં ત્યાં સુધી નીશાળે ન જવાની મને છુટી મળી. મારે લીધે લાડુબ્હેન પણ ઘરમાં જ રહેવા લાગી, અને અમે લોકવાર્તાઓની ઉજાણી શરૂ કરી.

બેળગુંદી એ અમારૂં મુળ ગામડું. શાહપુરથી લગભગ આઠ માઇલ પર તે આવેલું છે. બે મઝાની ટેકરીની તળે એક બાજુ પર પથરાએલું છે. અમે એક વાર બેળગુંદી જોવા ગયા અને મામાને ત્યાં રહ્યા. પહેલે જ દિવસે મા સાથે ગ્રામજોશીને ત્યાં સહેજ ગયા હતા. ત્યાં ગયા કે તરત જ તેમની ઝુંપડીના નીચા છાપરાની વળી પકડીને આપણે તો હીંચકા ખાવા માંડ્યા! ગામડાનું છાપરૂં, એ કંઇ એવાં અટકચાળાં ખમે? એણે તરત જ કરડડ કરડડ અવાજ કરી મારી સામે ફરીઆદ કરી. બધાં મારા પર ચીડાયાં. મને ત્યાંથી યુક્તિથી હાંકી કાઢવા ખાતર મારી નાની મામીએ કહ્યું, 'અમારી આ નાની યેસુને લઇને ઘેર જા. એને ખુબ સાચવજે હો. રસ્તામાં ઠોકર ખાઇને બંને પડતાં નહિ.' વીરો બ્હેનીને લઇને ચાલ્યો તો ખરો, પણ 'મામાનું ઘર કેટલે' તે યાદ ન રહ્યું! બેનનો હાથ ઝાલીને ચાલચાલ કર્યા જ કર્યું. ગામની સામેની બાજુની ભાગોળ આવી, અંત્યજ-વાડો આવ્યો, તોપણ અમે ચાલ્યા જ જતાં હતાં. આખરે એક મ્હેતરાણી ડોશીએ અમને જોઇને કહ્યું, 'આ કોનાં છોકરાં છે? ક્યાં જાય છે?' મારી આગળ આવીને મને પુછે, 'બાળ, તૂ કોણાચાં? (બેટા તું કોનો દીકરો?)' હું રસ્તો ભુલી ગયો છું અને મારો પત્તો મેળવવા આ ડોશી મને પુછે છે એટલું યે મારા ધ્યાનમાં ન આવ્યું. મેં તરત જ જવાબ વાળ્યો, 'મી આઇચા (હું મારી માનો.)' રસ્તા પરના બધા લોકો હસવા લાગ્યા. મારો જવાબ કંઇ એટલો બાઘાઇભરેલો ન હતો. અમારા ઘરમાં અમારાં સગાંવહાલાંમાંથી કેટલી યે ડોશીઓ આવીને, અમારો પક્ષપાત મા તરફ છે કે પિતા તરફ તે જાણવા સવાલો પુછતી કે 'બેટા તું કોનો?' પછી તે દિવસની લહેર પ્રમાણે અમે કહી દેતા, બાનો અથવા બાપાનો. મને થયું કે આ ડોશી પણ એ જ ભાવે લાડ લડાવવા પુછે છે, એટલે મેં મારો સ્પષ્ટ જવાબ આપી દીધો હતો. ડોશીએ યેસુ ભણી વળીને પુછ્યું, 'અને દીકરી, તું કોની?' એની કંઇ વીરાને બેવકૂફ નીવડે? એણે પણ તરત જ કહ્યું, 'મી નાનાચી.' અમારી પાસેથી આના કરતાં ઝાઝી હકીકત મળે એમ તો હતું જ નહિ, એટલે ડોશીએ કહ્યું, 'દીકરા, ચાલ મારી સાથે; હું તને ઘરભેગો કરી દઉં. આ નથી તારો રસ્તો.' અમે ડોશીની પાછળ પાછળ ચાલ્યા. રસ્તામાં પુછપરછ કરતી કરતી ડોશી અમને મામાના ઘર સુધી લઈ આવી. ત્યાંથી જ એ પાછી વળી જાત તો હું એનો ઉપકાર આ-જન્મ ભુલત નહિ. પણ એ ડાકણે તો અમારા સવાલજવાબનો રીપોર્ટ પણ અક્ષરેઅક્ષર મામાને આપી દીધો! બધાં હસી પડ્યાં. જ્યાં જાઉં ત્યાં મારી ઠેકડી થવા લાગી. જે મને જુએ તે કહે, 'મી આઇ ચા.' દત્તુ સાવ બાઘો છે એવી મામાને ઘેર બધાંને ખાતરી થઇ ગઈ; પણ ઇશ્વરકૃપાથી બીજે જ દિવસે મારી લાયકી સિદ્ધ કરવાનો પ્રસંગ મને મળી આવ્યો.

અમારી માશીના બગીચામાં જામફળ બહુ સારાં પાકતાં. અંદરથી પુરેપુરાં લાલ હોવા છતાં ઝાઝાં બીઆં નહિ. માશીએ એક મોટો ટોપલો ભરીને મોટમોટી નારંગી જેવડાં જામફળ મોકલ્યાં હતાં. નોકર ટોપલી જમીન પર મુકે તે પહેલાં તો અમે

બધાં છોકરાં ત્યાં પહોંચી ગયાં અને એકેક જણે એકેક મોટું જામફળ હાથમાં લઈ લીધું. નાનાં બાળકો આખું જામફળ ખાઈ જાય તો માંદાં પડે એવી બધાંની માન્યતા, એટલે મારા મોટા ભાઈ અણ્ણા અને વિષ્ણુ અમારી પાછળ દોડયા અને કહે, 'લાવો બધાં જામફળ પાછાં.' છોકરીઓ તો બધી બીકણ. હથીઆરબંધીનો કાયદો થયો ત્યારે જેમ હીંદુસ્તાનના લોકોએ પોતાનાં શસ્ત્રો સરકારને સોંપી દીધાં હતાં તેમ છોકરીઓએ એક પછી એક પોતાનાં જામફળ ટપોટપ પાછાં આપી દીધાં. પણ અમે છોકરાઓ તો બહારવટીઆ રહ્યા, એટલે જ્યાં સુધી શ્વાસ ટકે ત્યાં સુધી શરણે ન જવાનો અમારો નિશ્ચય હતો. અમે પલાયનયુદ્ધ શરૂ કયુ! અણ્ણા અને વિષ્ણુ અમારી પુંઠે પડયા. કેશુ, ગોંદુ વગેરે બધા પલાયનયુદ્ધમાં પ્રવીણ હતા. કોઈ હાથમાં ન આવ્યો. હું સૌથી નાનો; મારૂં શું ગજું હોય? તરત જ અણ્ણાએ મને પકડી પાડયો. પાછળથી આવી મારાં બે પડખાં ઝાલી મને એમણે અદ્ધર ઉપાડી જ લીધો. કેશુ ગોંદુએ હાહાકાર કર્યો. અને કેમ ન કરે? પોતાના પક્ષનો એક મહારથી (જોકે મહાપગી કહેવું જોઇએ) પડે એ કેમ સહ્યું જાય? અને જો મારૂં જામફળ છીનવી લેવામાં આવે તો પછી જામફળ ખાવામાં સ્વાદ કેમ આવે? એમનાથી મને કશી સહાય કરી શકાય એમ તો હતું જ નહિ. કેશુ કહે, 'ફેંકી દે તારૂં જામફળ મારા ભણી.' પણ એને શી ખબર કે વિષ્ણુ પાછળથી આવીને ક્રિકેટના ક્ષેત્રપાળ (ફીલ્ડર)ની પેઠે એની પાછળ જ આવીને ઉભો છે. હું ફેંકું કે એ તરત અદ્ધરથી જ ઝીલી લે. હવે શું કરવું? મારા હૃદયમાં એ ક્ષણે કેટલો વક્ષેપાત થતો હતો! આજે હારી જાઉં તો આખી એળગુંદીમાં મારી આબરૂ ન રહે. હજી ગઈ કાલે જ આપણી ફજેતી ગવાઈ ગઇ છે. પણ ભગવદ્‌ગીતામાં કહ્યું છે 'દદામિ બુદ્ધિયોગં તમ.' એ પ્રમાણે મને યુક્તિ સુઝી. મારા હાથ છુટા હતા. મેં જામફળને એક મોટું બચકું ભર્યું અને અણ્ણાને કહ્યું, 'હવે લો આ એઠું જામફળ ખાવું હોય તો.' એણે મને જમીન પર મુકી દીધો, અને સાથે જ મારા હાથમાંથી જામફળ લેવા માટે હાથ લંબાવ્યો. મેં મનમાં અભેદબુદ્ધિ રાખી જામફળના જેટલા જ સ્વાદથી એના પહોંચાને બચકું ભર્યું! એ ચીડાય એ પહેલાં જ કેશુ અને ગોંદુએ વિજયધ્વનિ કર્યો. મારી બહાદુરીથી રાજી થઈ વિષ્ણુ પણ મારી કદર કરવા લાગ્યો. એટલે અણ્ણાએ પણ હવે ચીડાવા કરતાં હસી પડવામાં જ ડહાપણ માન્યું.

જામફળ નીરાંતે આરોગી લીધા પછી જમવાની ભુખ ઓછી હતી. પણ કેશુ કહે, 'જો આજે આપણે ઓછું જમ્યા તો ટીકાને પાત્ર જ થવાના. આપણે તો સિદ્ધ કરવું જોઇએ કે જામફળ ખાવાં એ તો છોકરાઓ માટે રમતવાત છે.' એટલે અમે પોતાની શાખ બેસાડવા ખાતર તે દિવસે રોજ કરતાં વધારે ખાધું. અમને કોઇને એ ન સુઝ્યું કે સાચી શાખ તો માંદા ન પડવામાં છે. એકલા જામફળથી જે ન થાત તે આબરૂના આ ખોટા ખ્યાલથી થયું, અને ગોંદુ ખરેખાત માંદો પડયો.

બીજે દિવસે એકાંત સાધી મેં અને કેશુએ ગોંદુને ખુબ ધિક્કાર્યો. અમે કહ્યું, 'તું સાચો વીર જ નથી. આબરૂ જાળવવા ખાઇએ તેમાં માંદા પડાતું હશે! બે દિવસ પણ તારાથી રાહ ન જોવાઈ?'

ચાર દહાડા પછી ગોંદુ બે લીલાં મરચાં લઈ આવ્યો અને મને કહે, 'ચાલ દત્તુ, આમાંનું એક ખા જોઇએ.' મેં કહ્યું, 'કેમ વારૂ?' એ કહે, 'તને ખબર છે? આજે આબા (નાના) કહેતા હતા કે બાળપણમાં કષ્ટ વેઠશો તો મોટપણે સુખી થશો. નાનપણમાં કડવું ખાશો તો મોટપણે ગળ્યું મળશે. ચાલ, આપણે બંને આજથી મરચાં ખાઇએ એટલે મોટપણે આપણને પેંડા જલેબી મળશે.' નાનાની વાત તો મારે ગળે ન ઉતરી, પણ ના પાડું તો કાયરમાં ખપું એ બીકે ગોંદુની બાવાઇનો હું ભોગ થઈ પડયો! અમે બંને જણાએ એકેક મરચું ખાધું. ગોંદુને આટલું તો સમાધાન હતું કે આના વ્યાજમાં મોટપણે ગળ્યું ગળ્યું ખાવાનું મળશે. મારી પાસે તો એટલું સમાધાન પણ નહોતું. મારૂં તો શુદ્ધ નિષ્કામ કર્મ હતું.

થોડા જ દિવસમાં અમે પાછાં શાહપુર ગયાં. કોણ જાણે શાથી મારામાં અને ગોંદુમાં જેટલી નીતિનિષ્ઠા હતી તેટલી કેશુમાં ન હતી. એ ગમે ત્યારે,

ગમે ત્યાંથી, ગમે તે વસ્તુ (બેશક ઘરની હોય તોજ) ગમે તે રીતે ઉપાડી લાવતો. એના નીતિશાસ્ત્રમાં ચોરીની હદ પારકા ઘર સુધી જ ગણાતી. પોતાને ઘેર ગમે તે થઇ શકે!

લગનગાળો આવ્યો. પિતાશ્રીએ કબાટમાં કંડીઓ ભરીને જલેબી રાખેલી હતી. બીલાડીને પણ ખબર પડે તે પહેલાં કેશુને એની ખબર પડી ગઈ! એણે એમાંથી બેચાર ગુંચળાં કાઢી લીધાં. પણ વહાલા દત્તુ વગર ખવાય કેમ? મને એકાંતમાં બોલાવી કહે, 'લે આ જલેબી ખા.' આ પહેલાં મેં કોઈ કાળે જલેબી જોઈ કે ખાધી ન હતી. સ્વાદ જાણ્યા વગર એનો આકાર કોઇને ગમે એવો તો નથી જ હોતો. એક કટકો મેં મોઢામાં નાખ્યો, પણ એનો ખટમીઠો સ્વાદ મને ગમ્યો જ નહિ. મેં ખાવાની ના પાડી. પોતાની બહાદુરી એળે જતી જોઇને કેશુને મારા પર ચીડ ચડી. એણે મારો ગાલ પકડી જોરથી અમળાવ્યો અને કહે, 'મ્હારડ્યા, (દેડા) ખા. ખા નાહિતર મારતો બધ.' મારની બીકે મેં જલેબી ખાધી અને કસાણું મોં કરી ત્યાંથી નીકળી ગયો. ચારપાંચ દિવસ સુધી રોજ જલેબી ખાવાની આ જબરદસ્તી મારા પર ચાલી. અને એ 'કેળવણી'ને અંતે મને જલેબી ભાવતાં આવડી!

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર


['મધપુડા' પાસેથી]

મુંબાઈ ભગિનીસમાજનું
કલાપ્રદર્શન
જુલાઇને બદલે સપ્ટેમ્બરમાં ભરાશે

પોતાના કામના નમુના મોકલવા ઈચ્છનારે ઑગસ્ટ આખર સુધીમાં મંત્રીને સન્ડહર્સ્ટરોડ ગીરગામ મુંબાઈ ૪-એ સરનામે મોકલવા.

ફુલવાડી

લાઠીના ઠાકોર સાહેબ સુરસિંહજી ગુજરાતી ભાષાના એક મોટા કવિ થઇ ગયા. કવિ તરીકે એમણે પોતાનું નામ 'કલાપી' રાખ્યું હતું, અને હાલ તેઓ સાહિત્યની દુનીઆમાં 'કલાપી'ને નામે જ ઓળખાય છે. 'કલાપીનો કેકારવ'—એ પુસ્તકમાં સંગ્રહાએલી એમની સુંદર કવિતાઓ ઉપરાંત એમણે કેટલાક સરસ સંવાદો, કાશ્મીરનો પ્રવાસ અને બેએક અધુરી નવલકથાઓ પણ લખી છે. પરંતુ એ બધા કરતાં યે સુંદર અને અમૂલ્ય સાહિત્ય તો એમણે મિત્રો અને સ્નેહીઓને લખેલા પત્રો રૂપે સંગ્રહાયું છે. ગુજરાતી સાહિત્યમાં કલાપીના પત્રોનું સ્થાન ઉંચું છે.



કલાપી

સંવત ૧૯૩૦માં જન્મી એ સંવત ૧૯૫૬માં માત્ર છવીસ વરસની ઉગતી વયે વિદેહ થયા. પણ એટલાં વરસમાં એમણે એટલું અને એવું તો સારૂં સાહિત્ય આપણને આપ્યું છે કે એમના અવસાનને પચીસ વરસ વીત્યાં તો યે એ એટલું જ તાજું અને અસરકારક આજ પણ લાગે છે.

કલાપીની પ્રજ્ઞા એટલી અકળ હતી કે આજ સુધી કોઈ ચોકસ કહી શકતું નથી કે એ તે પ્રેમી હતી, કવિ હતા, જ્ઞાની હતા—કે એ સૌ જ હતા !

એમની કવિતા સાદી, સ્પષ્ટ અને સરળ છે. એમના કાવ્યભાવ પણ ઉંચા, જોરદાર અને સીધી હૃદયપર ચોટ કરે એવા અસરકારક છે. આને લીધે ઘણા કાચા તરૂણો કલાપી વાંચીને 'ગાંડા' બની જાય છે અને ખરા કલાપીને ઓળખતા નથી, એ સાચે જ શોકજનક કહેવાય. સાચો કલાપી તો દુનીઆની માયાથી નિર્લેપ એક યોગીનો નર્યો પ્રેમળ આત્મા છે.

એમની વિશિષ્ટ શૈલી બતાવતું 'ભરત' નામનું એમનું એક સુંદર કાવ્ય થોડું ટુંકાવીને ચિત્રો સાથે આ નીચે આપ્યું છે.

ભરત

અનુષ્ટુપ

ભરત ઉમ્મરે પ્હોંચી, છોડી વૈભવ રાજ્યને,
વનમાં ગંડકી તીરે આશ્રમ બાંધીને રહ્યો.

વસંતતિલકા

ઓંકારના રટનમાં દિન જાય ચાલ્યા,
એકાગ્ર ચિત્તથી ભજે પરિબ્રહ્મ રાજા;
આહાર કંદફળનો કરતો સદા એ,
એકાંત શાંત સ્થળમાં સુખથી વસે છે.

શિખરિણી

જટા પીળી શીર્ષે કૃશ અવયવો ઉપર રહી,
દિસે છે તે મોટી મધુર ફુલના પુંજ સરખી;
સમાધિવેળાએ જળસીકરથી સિક્ત બનતી,
અને એ મોતીડાં વિખરી ખરતાં કેશ પરથી.

ઉપજાતિ

તપસ્વીના આ તપમાં રહી છે,
મહા દયાની અતિ તીવ્ર રેખા;
ફુલો, લતા ને તરુ, મેઘ માંહીં,
આનંદ પીતાં નયનો સદા છે.

અનુષ્ટુપ

સંધ્યાકાળે પ્રભાતે એ તપસ્વી નદીએ જતો,
સ્નાનાદિ ત્યાં કરી નિત્યે ટેલતો વનમાં હતો.

ઉપજાતિ

નદી વહે છે ગિરિથી રમંતી,
ફુલો તણાં ગીત હજાર ગાતી;
ગાયત્રીનો મંત્ર જપે નદીમાં,
ઉભો રહીને ઋષિ એક દિ' ત્યાં.

મંદાક્રાંતા

ત્યાં ઘૂઘૂઘૂ ગિરિ નભ મહીં ગાજતો નાદ આવે,
મોજાં તેના પ્રાતર્ધ્વાને તણાં ભેખડે આથડે છે;
વારિ કંપ્યું, ડગમગી ગયાં શૃંગ આદ્રતણાં, ને
ત્રાસે નાસે વનચર બધાં, કાંઈ ધ્રુજી પડે છે.

ઉપજાતિ

સિંહધ્વનિથી જયગર્જનાથી
ડરી મૃગો કૈં ઋષિ પાસ આવે;
ફલંગ મારી ઝરણું કુદે છે,
તપસ્વી તે ચિત્ર ઉભો જુએ છે.

વસંતતિલકા

ત્યાં એક બાળ મૃગ કો હજુ જે અશક્ત,
કુદી જતાં ઝરણુ તે જળમાં પડયું, ને
એ પુરમાં તરફડી ઘસડાતું જોઇ
લાગ્યું ઋષિહૃદય એ અનુકંપવાને.

અનુષ્ટુપ

ઉપયોગી થવા પ્રેરે તપસ્વી દિલને દયા,
પડે છે વારિમાં તેથી યોગી તે મૃગ ઝાલવા.

માલિની

બળ કર મહીં આવ્યું પુરને વીંઝવાને,
ગરીબ મૃગ બચાવા કાંઈ ચિંતા દિસે છે;
ઋષિ પદ ગ્રહી તેનો ખેંચીને બ્હાર લાવ્યો,
હરિણ ઉગરવાથી કાંઈ આરામ આવ્યો.

અનુષ્ટુપ

પંપાળ્યું, પાણી પાયું ને આશ્રમે ઉચકી ગયો;
તૃણાદિ ત્યાં દઈ તેને કુદતું ઋષિએ કર્યું.

શિખરિણી

રમે છે, કુદે છે, ઋષિચરણ ચાટે જીભ વડે,
અને એ યોગીની મૃગ પર અમીની નજર છે;
ઉગી તેને શિરે ચળકતી રૂપાળી શીંગડીઓ,
ઋષિની પાસે એ કરતી ચળ નાની કુમળીઓ.
ઋષિની છાયા શું ફરતું દિનરાત્રિ ઋષિ કને,
પિતા, માતા, બંધુ, સહુ મૃગ ઋષિને સમજતું;



ચિત્રકાર: રવિશંકર પંડિત

પડે છે વારિમાં તેથી યોગી તે મૃગ ઝાલવા

ઋષિ તેને દેતો કુમળું તૃણ ને પર્ણ કુમળાં,
અને બાંધે માળા કુસુમકળાંની ડોક ઉપરે.

ઇન્દ્રવજ્ર

આભાર ભુલી મૃગ ના ગયું'તું,
જોતાં ઋષિને દિલ રીઝતું'તું;
કૈં ગેલથી તે ઋષિને હસાવે,
ને એ મહાત્મા દિલને હલાવે.

મંદાક્રાંતા

દૂરે જાતાં મૃગ વન મહીં યોગી બેચેન થાતો,
ખોવાતું તો શ્રમ લઈ વને શોધવા દૂર જાતો;
પીઠે તેને ઉચકી વળતો આશ્રમે હર્ષભેર,
સુખી તેને નીરખી વહતાં નેત્ર આનંદરેલ.

યોગી ચાલ્યો જપતપ ભુલી પ્રેમખેંચાણ માંહીં,
ચાલ્યો ને તે અટકી ન શકે આટલે દૂર આવી;
ધક્કો દેતાં હૃદય પીગળે આર્દ્રતાને અરેરે !
ખેંચે તેને હૃદય કુમળું કોણ ઠેલી શકે છે ?

અનુષ્ટુપ

બીનાં નેત્ર ઋષિ ધીમે ક્યારે ક્યારે કહી જતો,
'દૂર થા ! દૂર હુંથી થા ! રે વ્હાલા મૃગબાળ તું !'
રાગ ને ત્યાગની વચ્ચે હૈયું એ ઝુલતું હતું,
એક દિ' યોગી ઉરે આ ઉદ્‌ગારો નીકળે કંઈ:

વંશસ્થ

' કંઈ દુખે છે ! દુઃખ તો જણાય છે !
કહીં દુખે શું ? પણ ના કળાય તે !
મને રૂચે આ મૃગ છોડવું નહિ,
કહીંય આસક્ત થવું રૂચે નહિ !

અનુષ્ટુપ

બચાવ્યું મેં ભલે તેને, હવે છો કુદતું ફરે,
પડે જો સિંહપંજે તો નિર્માયું તે ભલે બને.

શાર્દૂલવિક્રીડિત

ચાલે સૌ પર જેમ ચક્ર ફરતું નિર્માણનું સૃષ્ટિએ,
તેવું તે મૃગ ઉપરે સુખથી છો એ ચક્ર ચાલે હવે;
રોકાશે મુજથી નહિ, કયમ પછી ચિંતા નકામી ધરૂં ?
જે મારૂં, જગનું અને સહુતણું તે છો બને તે તણું.



રા. જી. અ. મ્હેતાના સૌજન્યથી

માલિની

ફર સુખથી હવે તું શોધીને કોઈ ટોળું,
ફરી કદિ પણ મારા આશ્રમે આવવું ના;
જપતપ કરનારો પાળશે આ તને ના,
અરર ! પણ સુખે તું છોડશે કેમ સ્નેહ ?'

* * *

શિખરિણી

વહ્યા કૈં દહાડા ને મૃગ પ્રિય હજુ છે ઋષિદિલે,
વહેશે કૈં દહાડા, મૃગ પ્રિય રહેશે ઋષિદિલે;
અહાહા ! બંધાયો જગત તજનારો મૃગ મહીં,
અરે ! છુટ્યો ફાંસો સમજણ છતાં એ કદિ નહિ !

મંદાક્રાંતા

ધીમે ધીમે શરીર પર એ મૃત્યુના હસ્ત લાગ્યા,
કિંતુ ઓછી નવ થઇ અરે ! બંધની કાંઇ પીડા;
પંપાળે છે શિથિલ કરથી યોગી તેનું કુરંગ,
નિત્યે નિત્યે વધુ વધુ હજુ યોગમાં થાય ભંગ.

અનુષ્ટુપ

જટાથી ટેકવી માથું સુતો છે ઋષિ એક દિ',
મૃત્યુથી તુટતી નાડી જોરથી ધબકી રહી.

જટાથી ટેકવી માથું સુતો છે ઋષિ એક દિ'

ઇન્દ્રવજ્રા

પાસે ઉભું છે દુઃખિયું કુરંગ,
શું થાય છે તે સમજ્યું હતું તે;
ચાટે ઋષિના કર ને કપાળ,
ને નેત્ર નેત્રે મળી દર્દ રોતાં.

ભીના હતા ગાલ ઋષિ તણા એ,
અશ્રુ હતું એક તહીં રહેલું;
બોલ્યો ઋષિ, 'રે ! મુજ બાળ, બાપુ !
આ આશ્રમે હા કયમ જીવશે તું ?

તું એકલાની સ્થિતિ શું ? અરેરે !
ટોળું હવે શોધીશ ક્યાં નવું તું ?
રે ! શું થશે મૃત્યુ અકાલ તારૂં ?'
પંચત્વ પામ્યો વહી એમ યોગી.

* * *

અનુષ્ટુપ

કથા એવું કહે છે કે જન્મશે મૃગ એ ઋષિ !
વાંછના જે રહી તે તે પુરી સૌ કરવી પડે.

કલાપી

દરીઆની વાતો

અનુસંધાન પાન ૨૬૧થી ચાલુ

ઉપર ગરમ કોકરવરણા પાણીનો એક થર હોય છે; પછી ઉંડે તો ટાઢું પાણી. સપાટીથી ૧૦૦ ફૅધમ ઉંડે ગરમીના માપમાં કશો ફેર પડતો નથી; પણ ૫૦૦ ફૅધમ પછીનું બધું પાણી—એટલે દરીઆના પોણા ભાગનું પાણી ૪૦ ડિગ્રીથી પણ વધુ ટંડું છે. છેક તળીએ માત્ર ૩૨ ડિગ્રી જેટલી જ ગરમી છે. ખારૂં પાણી ૨૮॥ ડિગ્રીએ જામીને બરફ થઇ જાય છે.

લાલ સમુદ્રની માફક જ્યાં તાપને લીધે ઘણું પાણી વરાળ થઇ ઉડે છે ત્યાં પાણીમાં ક્ષારનું પ્રમાણ વિશેષ હોય છે. સામાન્ય રીતે ૧૦૦૦ શેર સમુદ્રના પાણીમાં આશરે ૩૫ શેર ખાર ભર્યો છે. આપણે તો દરીઆના ક્ષારને 'મીઠું' કહીએ છીએ, પણ ખરી રીતે 'ક્ષાર' કહેવા જોઇએ. એટલે કે ઘરમાં આપણે જે મીઠું (સોડીઅમ ક્લોરાઇડ) વાપરીએ છીએ તેના સિવાય બીજા ઘણા ક્ષાર દરીઆમાંથી મળે છે. ૯૨ તત્ત્વોમાંથી ૩૨ જેટલાં તો એક સમુદ્ર-જળમાંથી જ જડે છે.

સમુદ્રમાં ઉતરનારા ૨૦૦ ફુટની ઉંડાઇ જેટલે ઉતરી શક્યા છે. આથી ઉંડે સમુદ્રજળના દબાણને લીધે તેઓ જતા નથી. તમે કુવા કે તળાવને તળીએ તાગ લેવા જતા હશો ત્યારે પાણીનું આવું દબાણ લાગ્યું હોવું જોઇએ. તમારા કાન વળી જાય છે. તમારા માથા અને વાંસા ઉપર કચડી નાખે તેવું જોર લાગે છે. વીસ ફુટ જેટલી ઉંડાઇએ આટલો ભાર જણાય તો પછી દરીઆના ઉંડાણની શી વાત? સમુદ્રના કાંઠા પરના ભાગના પ્રમાણમાં એક ચોરસ ઇંચે ૨॥ ટન વજન લાગે છે, અને ઉંડાણમાં તો ૫ ટનથી પણ વધુ લાગે છે.

એક કાચની બાટલી લો અને તેને બુચ મારી, વજન બાંધી દરીઆમાં ડુબાવી દો. થોડોક વખત રહીને એને પાછી કાઢો. તમે ધારી શકો છો કે શું થયું હશે? પાણીના દબાણને લીધે બુચ અંદર બેસી ગયું હશે અને બાટલીમાં પાણી ભરાઈ ગયું હશે! કાચનો પોલો ગોળો લો અને તેને દરીઆમાં ડુબાવો તો તમને માલુમ પડશે કે કાં તો એ દબાણને લીધે ભાંગી ગયો હશે અથવા કાચનાં બારીક છિદ્રોમાંથી પાણી ગોળામાં પેસી ગયું હશે.

દરીઆનું પાણી દરરોજ ફરતું-વહેતું રહે છે. એમાં પણ નદીઓ, સરોવરો વગેરે હોય છે. સૂર્યની અસરને લીધે એમાં આવા ભેદ પડે છે. સૂર્યની વધતીઓછી ગરમીથી વાયુમાં અને પાણીમાં ફેરફાર થતા રહે છે.

દરીઆની નવાઇઓ તો છેક તેના ઉંડાણમાં છે. જમીનના કરતાં ઘણાં વધુ જીવજંતુ, પ્રાણી અને વનસ્પતિ ત્યાં છે. આ જળચર જીવજંતુ ને વનસ્પતિનાં રૂપરંગ ગૂઢ અને વિચિત્ર છે. એવાં રૂપરંગ જમીન ઉપર કે આકાશનાં પક્ષીઓમાં પણ મળતાં નથી.

ઉંડા દરીઆનાં જીવજંતુઓ ને પ્રાણીઓ વનસ્પતિના છોડ જેવાં દેખાય છે. એમના આકાર ચિત્રવિચિત્ર અને રંગ મધુર હોય છે. એમનો દેહ થડ અને ડાળીઓ ઉપર જાણે ફુલો ઉગ્યાં હોય તેવો જણાય છે. પણ આ કાંઈ વનસ્પતિ નથી કારણ કે દરીઆના ખુબ ઉંડાણમાં વનસ્પતિ ઉગી શકતી નથી.

ફોટોગ્રાફીની હરીફાઇ

(૧) પોતાના કુટુંબ, મિત્રમંડળ સગાસંબંધી કે પડોશના, બાળક, યુવાન કે વૃદ્ધ સ્ત્રી અથવા પુરુષનો, કલા અને કલ્પનાભરી બેઠક અને રચનાનો (પૉર્ટ્રેટ) ફોટોગ્રાફ હરીફાઈ માટે મોકલવો જોઇએ.

(૨) ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી મોટો હોવો ન જોઈએ.

(૩) અગાઉની કોઈ હરીફાઇમાં કોઈ પણ ઠેકાણે એ પ્રગટ થએલો ન જોઇએ (એટલે કે ખાસ 'કુમાર'ની હરીફાઇ માટે જ તૈયાર કરેલો હોવો જોઇએ).

(૪) ફોટો મોકલનારે ફોટોની પાછળ જ પોતાનું નામ, ઠેકાણું, ઉમર, અભ્યાસ કે ધંધો તથા ફોટાનું નામ અને લીધાની તારીખ તથા વખત લખી જણાવવાં.

(૫) આ અંક બહાર પડ્યા પછી પંદર દિવસની અંદર બધા ફોટોગ્રાફો ' કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર અમદાવાદ ' એ ઠેકાણે પહોંચવા જોઇએ.

(૬) હરીફાઈમાં દાખલ થએલા ફોટોગ્રાફો પાછા મળી શકશે નહિ. નહિ દાખલ થએલા ફોટોગ્રાફો પાછા મેળવવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટેજ ચોડેલું કવર સાથે જ મોકલવું.

(૭) એક ઈનામ ' કુમાર કૅમેરા ક્લબ 'ના સભ્યો માટે અલગ રહેશે.



પૉર્ટબેલ બંદર

કંપાલા જતાં

આફ્રીકાના પત્રો

૧૯મી તારીખની સવાર પડી. સૌ હજી ભર ઉંઘમાં હતા. હું તો પલંગ પરથી ઉતરી બહાર આવ્યો, ને ઓટલા પર જઇ જોઉં તો કેવો અદ્દભુત દેખાવ! નાનજીભાઇનું ઘર એક ઉંચી ટેકરી પર છે. બરાબર સામે કાપેલા ઘાસનું મોટું ખાતું મેદાન પડ્યું છે. એ મેદાનના છેડા પર થોડાંએક છાપરાં, અને છાપરાંની પેલી પાસ લાંબું સુતેલું વિકટોરીઆ સરોવર. આટલો દેખાવ જ મને મુગ્ધ કરવાને બસ હતો. પણ વધારેમાં એ સરોવરની પાછળ એક ઉપર એક ઝઝુમી રહેલી ટેકરીઓ, અને એ ટેકરીઓની પાછળથી ઉગતો આવતો પ્રાતઃકાળનો બાલસૂર્ય—એટલું ઉમેરો એટલે તો પછી પુછવું જ શું?

દાતણપાણી કરી હું પરવાર્યો. અહીં જીન્જામાં પાણીનું બહુ દુઃખ છે. કુવા તો છે જ નહિ. સરોવર પણ ઠીક છેટે ગણાય. લોકો મોટે ભાગે નાઇલનું પાણી પીએ છે. પણ એ પાણી ઘણે દૂરથી લાવવું પડે. અને લાવવું શામાં? કોણ લાવે? બળદો તો નજરે ઓછા જ પડે છે; અને ઘોડા તો ભાગ્યે જ હશે. રહી એકલી મોટરો અને સાઇકલો. સામાનની હેરફેર માટે કાં તો મોટરલૉરી અથવા તો માણસો ખેંચે તેવી મોટી ગાડીઓ જ વપરાય છે. પાણી પણ એમ માણસો જ ગાડીઓ ખેંચીને લઈ આવે છે. અહીંથી દોઢેક માઇલ દૂર નાઇલમાં ઉતરીને તેઓ પાણીના ડબ્બા ભરી, તેવા આઠદસ ડબ્બા એક ગાડીમાં મુકી ઢાળ ચઢાવીને હાંફતા હાંફતા ખેંચી લાવે છે. પાણીની આટલી મૂડી પર ચોવીસ કલાકનો વેપાર. આ લોકો દિવસમાં આવી બે ગાડી ભાગ્યે જ લાવી શકે છે. દક્ષિણા-મૂર્તિમાં નળ અને પાણીની ફરીઆદો તથા તકરારો સુ-પ્રસિદ્ધ છે. દક્ષિણા-મૂર્તિનાં માણસો જી-ન્જા આવે તો પાણી-ના સંબંધમાં આપણે કેવાં ભાગ્યશાળી છીએ તેનો જરૂર ખ્યાલ આવે. અહીં કોઇ એક ટીપું સરખું યે પાણી નકામું વાપરતું નથી. કપડાં ધોવામાં પણ બહુ જ કરકસર કરવી પડે છે. ઘણાંખરાં કપડાં તો દર ત્રીજે દિવસે ધોબી જ લઈ જાય છે.



નાઈલ નદીને કાંઠે

આજે જમ્યા પછી અમે નાઇલ નદીનું મુળ જોવા ગયા હતા. રસ્તાઓ બહુ જ સુંદર છે. આસ-પાસ ચારે બાજુ ટેકરીઓ અને વચ્ચે ઉંચાનીચા ભાગના લાલ રસ્તાઓની સેંથી મજાની લાગે છે. અમે મોટરમાં ગયા હતા. મેં તો મારા જીવનમાં ત્રણ નદીઓનાં મુળ જોયાં છે. એક શાહોરની નદીનું મુળ, એક વરતેજની નદીનું મુળ ખોખરા પાસેના ડુંગરોમાં, અને સૌથી સુંદર નાસીક પાસેના ડુંગરોમાં ગોદાવરીનું મુળ. આ ત્રણે જગ્યાએ જોએલા મુળ પરથી સમજાએલું, કે નદીનું મુળ એટલે ડુંગરમાથી થોડું થોડું પાણી ઝમી ઝરણા રૂપે વહે તે. બસ, પછી પાછળથી આવાં અનેક ઝરણાં એકઠાં થઇને મોટી ગોદાવરીનું રૂપ ધારણ કરી રાજમહેન્દ્રી પાસે તો ગંગાસાગર જેવી જણાય એ જુદી વાત. પણ મુળમાં તો પ્રવાહ પાણીની સેર જેવો પણ નહિ. પરંતુ નાઇલ નદીનું મુળ તો આથી તદ્દન જુદું જ છે. અહીં તો વિકટોરીઆ સરોવરમાંથી એક મોટો ધોધ પડ્યે જાય છે તેની નાઇલ શરૂ થાય છે. આ ધોધ લગભગ ૩૦૦–૩૫૦ ફુટ પહોળો હશે. ઉંચાઈ તો માંડ ૩૦



રિપન ફૉલ્સ: વિકટોરીઆ સરોવરમાંથી પડતો ધોધ
નાઈલ નદીનું મુળ



હિપોપોટેમસને શીકારે નીકળેલા સીદીઓ

ફુટની હશે; પણ એ ધોધ એવા તો જોસભેર પડે છે કે પાણી ઘણા ઉંડા ભાગ સુધી જઈને પાછું ઉછળે છે અને ચોમેર પીંજેલા રૂના પોલ જેવાં ધોળાં ફીણ જમાવી મુકે છે. પાણીનો એ ધોધમાર જથ્થો સરોવરમાથી ધસી આવતો જોઈએ ત્યારે આપણને એમ જ થાય કે હમણાં આખું સરોવર ખાલી થઈ જશે. પણ આજે હજારો વર્ષ થયાં એ ધોધ એમ પડી જ રહ્યો છે, અને છતાં વિકટોરીઆ સરોવર તો એનું એ જ છે. હું તો આ ધોધ પડે છે તેની પાસેના ખડક પર સુતો અને ધોધમાંથી ઉછળીને ત્રીસેક ફુટ ઉંચે ચઢતાં પાણીનાં કણોની ઠંડક ભોગવવા લાગ્યો. અહીં મગરો તેમજ ઢીઓકા (હિપોપોટેમસ) પુષ્કળ રહે છે. નાઈલને કાંઠે એક મોટા મગરને જોઈને ગૌરીશંકર તો દિઙ થઇ ગયા! મગરો રોજ એક બે કાળા માણસોનો ભોગ લે છે. પેલા ઢીઓકાની તો વળી વાત જ ન્યારી છે! ઢીઓકાનો ડોક વગેરેનો ભાગ ઘોડાને બહુ જ મળતો આવે છે, એટલે જ આપણે તેમને જળઘોડા કહેતા હોઇશું. ઢીઓકા જળમાં રહે છે, છતાં ખાય છે તો કાંઠા પરનું ઘાસ જ! રાત્રે અંધારૂં ઢળે અને માણસોની અવરજવર બંધ થાય એટલે આ જનાવર ટોળાંબંધ પાણીમાંથી બહાર આવે છે અને કાંઠા પરનું ઘાસ ચરે છે તથા ત્યાં જ વીસામો લે છે. તેઓ માણસોથી બહુ જ બીએ છે, અને બનતાં સુધી કોઇને ઇજા કરતાં નથી, છતાં જંગ્ગનનાં ઘણાં માણસોને તેમણે પ્રસાદી ચખાડી છે ખરી. કોઈ વખત સાંજના અંધારૂં થયા પછી કોઇ વિકટોરીઆ સરોવરમાં નાની હોડીમાં ઉતરે તે વખતે આખી હોડીને પાંચ છ ઢીઓકા સાથે મળીને પકડે છે. અને તેને ધોધ પાસે ખેંચી જઇ ઉંધી પણ વાળી નાખે છે! પરંતુ સામાન્ય રીતે આ ધોધ પાસે તો મગરોનો ત્રાસ છે તેવો ઢીઓકાનો નથી.



રિપન ફૉલ્સ: પ્રવાહ ૧લો તથા ૨જો



હિપોપોટેમસ: ઢિઓકા

આ ધોધને નાઇલના મુળ તરીકે સ્પેક નામના એક અંગ્રેજે પહેલો શોધી કાઢયો અને તેને રિપન ધોધ એવું નામ આપ્યું. આ ધોધ પાસે એક ઉંચા પથ્થર પર આ મી. સ્પેકનું નામ કોતરવામાં આવ્યું છે.

અહીં જીન્જામાં બીજું જોવા જેવું સ્થળ લાયબ્રેરી છે. આ લાયબ્રેરી 'નાનજી કાલિદાસ લાયબ્રેરી' કહેવાય છે. શેઠ નાનજીભાઇએ તે મકાન બંધાવી આપ્યું છે. મેં સાંભળ્યું છે કે લાયબ્રેરીમાંથી સારાં સારાં પુસ્તકો લોક લઈ જાય છે તે પાછાં આવતાં-જ નથી! થોડાંએક દૈનિકો તથા માસિકો-ત્રિમાસિકો વગેરે આવે છે; પણ તેનો ઉપયોગ બહુ ઓછો થતો હશે. હું ત્રણચાર દિવસથી સવારમાં રોજ વાંચવા જાઉં છું તે વખતે તો કોઈ આવતું જણાતું નથી. લાયબ્રેરી સાથે જ ટેનિસકોર્ટ છે તેમાં સાંજે આપણા ભાઇઓ રમવા આવે છે. જગ્યા સારી છે, પણ જોઇએ તેવા ઉત્સાહથી કોઇ વ્યવસ્થા કરતું જણાતું નથી.

જીન્જામાં આપણા લોકોની વસ્તી સારા પ્રમાણ-માં છે. તેમાં પણ લોહાણાઓ ઠીક સંખ્યામાં અને સારી સ્થિતિમાં છે. તેઓ બધા નાનજીભાઈ તરફ માન અને પ્રતિષ્ઠાની નજરે જુએ છે, અને દરેક કોમી બાબતમાં તેમના સામી દૃષ્ટિ કરે છે. આપણા ભાઈઓ અહીં મોટે ભાગે કમાવા વાસ્તે આવ્યા હોય છે, એટલે કમાવા ઉપરાંત જીવનનો તેમને બહુ ખ્યાલ હોતો નથી. સ્વચ્છતાથી રહેવું, જીવનનો આસ્વાદ લેવો, ખરી નિષ્ઠાથી મહેનત કરવી અને કમાવું, જીવનનો કોઈ ઉદ્દેશ નક્કી કરવો, સ્ત્રી બાળકો મળીને ગૃહજીવન રચવું વગેરે બાબતો હું આ વેપારીઓમાં જોઈ શક્યો નથી. શેઠ નાનજીભાઈ પોતે સ્વતંત્ર વિચારના અને આગળપડતા માણસ છે, પરંતુ કમનસીબે અત્યારે પોતે અહીં નથી એટલે તેમનો તોલ હું બાંધી શકતો નથી. પણ બીજાઓની જીવન-મર્યાદા મને બહુ ટૂંકી જણાય છે.

અહીં જીન્જાના સમાજમાં નાનજીભાઈનો રસો-ઇઓ ખાસ ધ્યાન ખેંચી રહ્યો છે. મને એમ પણ જણાયું કે એ રસોઇઓ પોતાની રસોઈઆની ન્યાત-માંનો જ એક છે; કોઇ રીતે ખાસ જુદો પડતો નથી. અહીં રસોઇઆઓને માસિક ૬૦-૬૫ રૂપીઆ (દેશમાં ૯૦ રૂ. ગણાય) આપવામાં આવે છે. તેઓ મહીનામાં એકાદવાર ભાગ્યે નહાય છે. પહેલાં આ લોકો બીડીઓ પીતા, પણ હવે યુગાન્ડામાં સીગારેટ સારી આવે છે એટલે તેમણે બીડી છોડી દીધી છે અને સીગારેટ વાપરે છે!—જોકે હજી પીરસતી વખતે સીગારેટ રસોડામાં મુકીને બહાર આવે છે એટલું સારૂં છે! તેમના પગ પાટાથી ભાગ્યે જ મુક્ત હોય છે. હું કમલીમાં ગયો ત્યાં તો રસોઇઆ સાહેબે ચારપાંચ પાટા ચડાવેલા! માથે ટોપી, શરીરે હાફકોટ, અને ભાણું લઇને આવ્યા! 'પગે પાટા કેમ ભાઈ?' 'પગમાં ફુફ્ડ પડયાં હતાં.' અહીં જીન્જાનો રસોઇઓ પ્રમાણમાં ઠીક છે. પણ ન્યાત તો એની એ જ! હમણાંહમણાં-માં તેને આપણા ગૌરીશંકરે ચેલો બનાવ્યો છે એટલે રોજ નહાય છે ખરો; પણ એવી શરતે કે ગૌરીશંકરે તેને બીડી પીવા સંબંધમાં મનાઈ ન કરવી! એ જ રસોઈઓ સાંજે ફરવા નીકળે છે ત્યારે મારા શેઠ જેવો લાગે છે! મારી પાસે તો ગળે ફાંસો ખાવા પણ કૉલર ન મળે તેનું શું કરવું? અહીં આપણા ઘણા દેશી ભાઈઓ ટેબલ ઉપર ટેબલક્લૉથ પાથરીને છડી સવારીએ જમે છે. પરંતુ ટેબલ ઉપર જમનારા-ઓની સ્વચ્છતા, તેમની એટિકેટ અને સંસ્કારિતા અહીં ઓછી દેખાય છે. ટેબલક્લૉથ પાથરો કે ગ્રાઉન્ડક્લૉથ પાથરો, પણ દાળનો સબડકો તો લેવો જ જોઈએ, અને ક્લૉથ રંગબેરંગી થવું જ જોઇએ! રા. નાનજીભાઈ, મિ. મહેતા વગેરે કેટલાક તો જરૂર બહુ સુંદર રીતે જમે છે એમ મારે કબુલ કરવું જ જોઇએ.

નાનાભાઇ


તા. ક. કવરમાં બંધબેસતા ન થવાથી કાગળોને ગૌરીશંકરભાઇએ કાતર્યા છે. અહીંના ઉંદરો પણ આ પ્રમાણે કપડાંને કાતરે છે! તમે સાંભળ્યું હશે કે અહીંના ઉંદરોને બીલાડી મારી શકતી નથી. બીલાડી મારવા આવે ત્યારે ઉંદરો પોતાના મોંમાંથી એવી દુર્ગંધ કાઢે છે કે બીલાડી એથી નાસી જાય છે! આ ઉંદરોને પકડવા માટે યુરોપીઅન લોકોએ 'હોલ્ડ ફાસ્ટ ટ્રૅપ' નામનો ફાંસલો શોધ્યો છે. તેમાં આવેલો ઉંદર ફરી કોઇને કરડવા માટે જીવતો નથી. **ના.**



ટુચકા ને નુસખા

હવે તો શહેરેશહેર વીજળી આવી છે એટલે જ્યાં વીજળીની બત્તીઓ ગોઠવતા હોય ત્યાં આગળ સીસાના વાયરિંગના ટુકડા પડે છે. એવા ટુકડામાંથી એકાદો દસ આંગળનો ટુકડો લેવો અને તેની અંદરના બે તાર હોય તે રસોડામાંથી સાણુસી લાવી તે વડે પકડીને ખેંચી કાઢવા, એટલે સીસાની પોલી નળી બાકી રહેશે. આ નળીને વૈષ્ણવના તિલક કે અંગ્રેજી યુ અક્ષરની માફક સરખી વાળવી. વચ્ચેથી કાટખુણો ન નીકળે, પણ ગોળાઇદાર રહે અને નળી છુંદાઈને બંધ ન થઈ જાય એ સંભાળવું, અને બંને છેડા ઉંચાનીચા ન રહેતાં એકસરખા જ રહે તે બરાબર જોવું. આ એક યંત્ર તૈયાર થયું.

પછી ચાના કે બીજા કોઇ એક ખાલી ડબા પર, અથવા છેવટે વાટકો ઉંધો પાડી તેના પર ચાનો કપ અથવા જર્મન સિલ્વરનો પાણી ભરેલો પ્યાલો મુકવો અને એવો જ બીજો એક ખાલી પ્યાલો એની બાજુમાં ડબાની પાસે નીચે જમીન પર મુકવો. જુઓ નીચેનું ચિત્રઃ



આ પ્રમાણે કર્યા બાદ, પાણીના વાસણમાં પેલી સીસાની નળી બોળી આખી ભરી લેવી. ખુબ હલાવવાથી જલદી અને પુરી ભરાશે. નહિ તો અંદર પરપોટા રહી જશે અને પાણી ઓછું ભરાશે.

આ ભરેલી નળીને બે મોઢે બે આંગળી દબાવી પાણી ન નીકળી જાય તેમ પકડી ઉંધી વાળવી, જેથી બંને આંગળાથી દાબેલા છેડા જમીન તરફ આવે અને ખુંધ ઉપર આવે. પછી એક છેડો એમ ને એમ જ આંગળીથી દાબી રાખેલો પાણીના પ્યાલામા દાખલ કરવો અને બીજો છેડો બહાર બીજા પ્યાલા પર રહે એમ એ નળીને ધરવી. પછી બંને આંગળી છોડી દેવી, એટલે પ્યાલામાંનું બધું પાણી પોતાની મેળે ખાલી થઈ બીજા પ્યાલામાં પડશે ! પંપ કે પીચકારી કશાની જરૂર નહિ પડે અને પાણી ચાલ્યું આવશે.

આ યંત્રને અંગ્રેજીમાં સાઈફન કહે છે. આપણે વાસણ ઠાલું કરવાના તેના ગુણ પરથી તેને 'ઠાલણી' કહી શકીએ. આ સાદી દેખાતી ઠાલણી ઘણીવાર બહુ અગત્યના ઉપયોગમાં આવે છે. પાણી ભરેલી કોઈ મોટી ભારે કોઠીમાંથી કે મોટા હોજમાંથી પાણી ખાલી કરવું હોય ત્યારે માણસ ડોલ વતી ખાલી કરે તો થાકીને લોથ થઇ જાય. એ વેળા આ ઠાલણીનો સિદ્ધાંત જાણમાં હોય તો એક મોટી નળીને વાળી, પાણીથી ભરી લગાડી દીધી કે એની મેળે પાણી બહાર નીકળી આવે. મોટી કોઠીને કાણું પાડયા વિના તેને નળ લગાડી પાણી કાઢવું હોય તો ઠાલણીને એક છેડે નળનો કૉક બેસાડી દઈ જોડેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પાણી લઇ શકાય.

વળી ઠાલણીના સિદ્ધાંત ઉપરથી જુદાં જુદાં રમકડાં પણ બન્યાં છે. પાટણના માટીના હાથી પાણી પીતા જાય ને નીકળતું જાય તે, તથા 'વસુદેવ

પ્યાલા'માં કૃષ્ણના જમણા પગને પાણી અડે કે તરત ખાલી થઇ જાય તે બંને રમકડાંમાં દાલણીની જ યુક્તિ ઉપયોગમાં લીધેલી છે તે પણ ઉપલા ચિત્ર પરથી સમજી શકાશે.

દાલણીના બીજા ઘરગથુ ઉપયોગ તો ઘણા છે. એક પ્યાલામાં થોડી કોલસાની રાખ લઇ તેની અંદર પાણી રેડવું અને એક ખીલા કે સળીથી હલાવવું. હાથ અડાડવો નહિ. થોડી વારમાં કચરો ઠરીને નીચે બેસશે અને રાખમાંનો ખાર ઓગળી પાણી ઉપર રહેશે. હવે એ પાણીને નીતર્યું કાઢવું હોય તો હાથ વડે કાઢવું મુશ્કેલ પડે. એથી પ્યાલો હાલે તો કચરો પાછો ડહોળાઇ જાય અને નીતર્યું પાણી નીકળી ન શકે. આ વખતે પેલી દાલણીનો ઉપયોગ કરવાથી પાણી ઉપરઉપરથી નીતરી આવશે અને નીચેનો કચરો બેસી રહેશે. પણ આમ કરતી વખતે દાલણી માપસર જ લેવી. તેનો છેડો નીચેના કચરાના થરને ન અડે એટલા માપની જ તે કાપવી. કાપતી વખતે બંને છેડા સરખા જ રહે તે ધ્યાનમાં રાખવું. પછી પાણી ભરીને મુકો કે પેલું ખારનું પાણી નીતરી આવશે. એ પાણીને તડકે સુકાવી નાખવાથી સફેદ ખાર તૈયાર થશે. એ પોટાસ.

વળી બીજો એક પ્રયોગઃ કાળી, લાલ કે પીળી માટી લેવી. તેમાં છ ગણું પાણી નાખી તે કાલવવી. ખુબ કાલવીને એક પ્યાલામાં નાખવી. જરા ઠરવા દેવાથી કાંકરી નીચે બેસશે. પછી ઉપરનું કાદવ જેવું પાણી દાલણીથી કાઢી લેવું. એથી કાંકરી અને રેતી નીકળી જઈ પાણી સાથે સારી માટી આવી જશે. એ માટીવાળા પાણીને વળી જરા વાર (આશરે કલાકેક) ઠરવા દેવું. પછી પાછું એ જ મુજબ દાલણીથી ઉપરનું પાણી નીતારી લેવું. એ પાણી સાથે માટીનો જે ભાગ આવશે તે અત્યંત સૂક્ષ્મ સુંવાળો આવશે. એ સુંવાળી માટીવાળા પાણીને, ઘાસલેટની ગરણી જેવી બ્લૉટિંગ પેપરની એક ગરણી બનાવી તેમાં નાખો. એથી નીતર્યું કાચ જેવું પાણી નીચે વહી જશે અને બ્લૉટિંગની ગરણીમાં શુદ્ધ માટી રહી જશે. આ માટી ઉત્તમ દંતમંજનની ગરજ સારે છે. એ ગમે તેવાં નાનાં બચ્ચાંના દાંતને ઘસો તો યે જોખમ નહિ. આ શુદ્ધ માટીની પહેલાં ગાળેલી બીજા નંબરની જે માટી હતી તે પણ એમ જ બ્લૉટિંગની ગરણીથી ગાળીને કાઢી લેવી; તે મોટા માણસને દંતમંજન માટે અને મોઢે ચોપડવા માટે કામ આવશે. એનાથી મોઢા પર ખીલ વગેરે હોય તે મટી જાય, ચામડી સુંવાળી અને તેજદાર બને અને રૂંવાટી હોય તે જતી રહે. આને અંગ્રેજ લોક 'મડ બ્યુટીફાયર' કહે છે અને મડમો માટે આવી માટી મોંઘે ભાવે વેચાય છે. અહીં તો આપણા લોક માથે નહાવામાં પણ એવી ને એવી જ માટી વાપરે છે, એટલે આપણે તૈયાર કરેલી માટી કોઈ વેચાતી ન લે, પણ દંતમંજન તરીકે બધા વાપરે ખરા. અને 'મડ બ્યુટીફાયર' તરીકે પણ વાપરે.

લાલ માટીથી કપડા પર થોડોઘણો રંગ આવે છે, તેથી લાલ કોઇ આવા કામમાં ન વાપરે, પણ ગાલે ચોપડે તો તેથી લોહી ન હોય તો યે રાતામાતા દેખાય ! વળી એ લાલ માટી ચીતરવાના રંગ બનાવવા-માં વપરાય છે. એ જ પ્રમાણે કાળી અને પીળી માટીના પણ રંગ બને છે. તપખીરીઆ માટી કરવા માટે પીળી માટીને શેકી નાખવી પડે છે. પછી ઉપર પ્રમાણે ધોઇ લો કે સરસ ચીકાશદાર થઇ જશે અને એ વડે ભીંત પર કે કાગળ પર ચિત્ર કાઢી શકાશે. વારતહેવારે આપણે રંગોળી પુરીએ છીએ તે કોરી હોવાથી જરા પગ લાગતાં બગડી જઇ બધી મહેનત પાણીમાં જાય છે. પણ ચુનાની આઉટલાઈન કરીને વચ્ચે આવી માટીના લાલ, પીળા, તપખીરીઆ, કાળા અને એની મેળવણીથી થતા બીજા રંગ પુરવા-થી આકૃતિ બહુ સુંદર બને છે અને કદી છેકાઇ જતી નથી. વાદળી રંગની માટી આવતી નથી એટલે વાદળી અને લીલો બે રંગ માટીમાંથી નહિ બને. તે બજાર-માંથી લઇને ચલાવી લેવાય. ચુનાને બદલે સફેદ માટી પણ વાપરી શકાય.

સફેદ માટીમાં ઘણું કરીને કાંકરી હોતી નથી. પણ જો કદિ હોય તો તે નીકળી જાય તેટલા માટે ઉપર પ્રમાણે ધોઇ નાખીને જ બધા કામમાં વાપરવી. એ માટી વાપરવાથી કપડાં બગડવાની ધાસ્તી નથી રહેતી. તેથી મોઢે લગાવવામાં, માથે નાખી નહાવામાં

કે તાવ આવ્યો હોય ત્યારે માથે ચોપડવામાં તેનો છુટથી ઉપયોગ કરી શકાય. મીલવાળાઓ એવી માટી લાખો રૂપીઆની ખરીદ કરે છે અને કાપડને ચોપડી ચોપડીને વેચે છે. તેથી કાપડનું પોત ભરેલું દેખાય, અને વળી વજન પર વેચવાનું એટલે માટી નાખવાથી વજન વધ્યું હોય તેથી પૈસા વધારે આવે ! પણ એ દગો છે. ધોએલી સફેદ માટીના આ સીવાય બીજા ઘણા યે ઉપયોગ છે. તે કાગળ બનાવવામાં વપરાય છે; કાપડ, લાકડા કે ભીંત રંગવાના ડિસ્ટેમ્પર નામના રંગ આવે છે તેમાં એ નખાય છે. ગુજરાતમાં વીજાપુર-માં એવી સફેદ માટીની ખાણુ છે. ત્યાં એ જ પ્રમાણે માટીને ધોઇને વેચે છે.

આવી રીતે તમે જો દાલણીના જ માત્ર ગુણ જાણો તો હજારો ઠેકાણે એનો ઉપયોગ કરી શકો. વરસાદને લીધે કુવા નદીમાં કે નળમાં ડહોળું પાણી આવતું હોય તો માટલામાંથી રબરની નળી વડે નીતર્યું પાણી કાઢી લઇ શકો.

આમ રમતરમતમાં ગમ્મત કરતાં ઘરમાં વાપરવા માટે ગ્રૂઇંગ કે રંગોળીના રંગ બને, મોં ધોવાનો પાઉડર અને દાંતે ઘસવાનું મંજન બને અને વળી એક ધંધો શીખાય.

વળી એક વાત સાંભળો. નદીકીનારે બપોરે કે સવારે કેટલાક લોકો બેઠાબેઠા ધુળ ધોયા કરે છે. તમે જાણો કે તે ગાંડા હશે. પણ એ બડા ઉસ્તાદ હોય છે. એમનું નામ પણ 'ધુળધોયા' જ હોય છે. એ લોક સોનીને ઘેરથી કંઇક પૈસા આપી ધુળ લઇ જાય છે. કોઇ સોનીના ઘર આગળની સડક પરની ધુળ લઇ જાય છે તો કોઇ વળી ગટરની નીચેથી નીકળતો કાદવ લઇ જાય છે; અને પછી બધા નદીને કીનારે બેસીને, આપણે ઉપર જેવી રીતે ધોવાનું કહ્યું તેમ ધુએ છે. એ લોક કંઇ ઉપર કહી તેવી સુંવાળી માટી કાઢવા એ મહેનત નથી કરતા. તેઓ તો એ ધુળ હલાવી હલાવીને વહેવડાવી દે અને નીચેની રેતી વગેરે રહે તેમાંથી મોટા મોટા કાંકરા સુપડા વતી ઝાટકીને કાઢી નાખે. પછી બાકી જે વજનદાર રેતી બચે તેમાંથી નજરે સુઝે એવા સોનાના કણ વીણીને કાઢી લે. પણ તદ્દન ઝીણી સોનાની પાળને ભેગી કરવાનું કેમ કરવું ? તમને એનો ઉપાય કદિ નહિ સુઝી શકે. પણ એ ધુળધોયા તો ભારે ચાલાક હોય છે. તેઓ એ વિદ્યા જાણે છે. ખીસામાં-થી એક પારાની શીશી કાઢી પારો એ ધુળમાં રેડે કે સોનું હોય તે પકડાઇ જાય અને બીજું બધું રહી જાય ! પછી આ પારાની ગોળી બની ગઇ હોય તે કાઢી લઇ તેને ગરમ કરે કે પારો હવામાં ઉડી જાય અને સોનું ઓગળીને એક રવો તૈયાર થાય. આ પ્રમાણે જ ખાણમાંથી પણ ધુળ ધોઇધોઇને જ સોનું કાઢે છે. આમ માત્ર માટી ધોતાં શીખવાથી યે કૈંક ધંધા કરી શકાય.

વળી એક બીજી ગમ્મત. આંગળીએક ચુનો લઇ એક કાચના પ્યાલામાં નાખી તેમાં અરધો ચમચો પાણી રેડો. પછી એક લીંબુ ચીરીને ચાર ચીર કરી એકેકી ચીર વારાફરતી અંદર નીચોવતા જાઓ; એટલે અંદર ખદખદ થતું ખદખદતું બંધ થાય અને ચુનો દેખાય તો બીજું નીચોવવું. એ નીચોવ્યા પછી એમાં બેત્રણ ચમચા પાણી નાખી હલાવવું, અને નીતર્યું પાણી કાળજીથી જુદું કાઢી લઇ નીચે ચુનો રહ્યો હોય તેના પર ફરીથી લીંબુનો રસ નીચોવી ઓગાળી લેવું. એટલે બીજું નીતર્યું પાણી નીકળી આવશે, લોકો જાણશે કે આ પાણી જ છે. પછી બીજા ગ્લાસમાં જુલાબ લેવાના લીલાશ પડતી મીઠાનું (મૅગ્નેશિયમ સલ્ફેટ કહે છે તેનું) પાણી કરી રાખવું. હવે બધાની સામે આ બે પાણીને મેળવશો તો દુધ જેવું થઈ જશે અને લોકો કહેશે કે જાદુ કર્યો ! આ દુધીયું પાણી ઠરવા દો તો જેટલો ચુનો ઓગળેલો હશે તે બધો પાછો નીકળીને નીચે ઠરી જશે, અને લીંબુનો રસ અને જુલાબના મીઠાનો થોડોક ભાગ પાણીમાં ઓગળેલો રહી જશે.

મોહનલાલ માણેકલાલ ઝવેરી



માધુકરી

સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! રહો દિલે તું મૂર્તિમંત.

...

જગાવ આત્મજ્યોત ને સદાય રાખ એ જ્વલંત:
મળો ફતેહ–તાજ વા મરૂં થઈ જ વીર મર્દ.

...

બંધુપ્રેમ, ભક્તિનૂર, રુદ્રનૃત્યનું ઝનૂન,
કર્મશૂર, ધર્મશૂર, વીરને ઉરે ધગંત
દાઝ, મરતી, શાર્યે, સૌ વહી રહો જ ખૂનખૂન,
સત્યસંગ, ધરી ઉમંગ, સુત્રું ઘટે જ મૃત્યુઅંક.
સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! મચી રહો જ એક ધૂન,
મૃત્યુની મઝા મીઠાશ ભોગવીશ હું અનંત. —**ચન્દ્રવદન ચી. મહેતા**

જીવસટોસટનાં સાહસ ખેડનાર

ઉત્તર ધ્રુવ અથવા પૃથ્વીની ધરીના ઉત્તર છેડા ઉપર પહોંચ્યાની નામના ખાટવાને યૂરોપ અમેરિકાના સાહસિકોની ઉમેદનો પાર નથી.

ઘણાના ખ્યાલમાં યે નહિ હોય, કે છેલ્લાં સો વરસમાં ઉત્તર ધ્રુવના પ્રદેશની શોધમાં એક હજાર માનવ જીવ ગુલ થયા છે. ઇ. સ. ૧૮૪૭માં સર જ્હૉન ફ્રાંકિલને ઉત્તર તરફ ત્રીજો કાફલો હંકાર્યો તે સૌથી ભયંકર હોનારત ગણાય. પંદર પંદર કાફલા તેમની શોધમાં ગયા છતાં તેમાંનો એક પણ આદમી હાથ આવ્યો નહિ!

પહેલાં પણ એરોપ્લેનમાં ઉડીને ઉત્તર ધ્રુવે પહોંચવાનો અખતરો ઍન્ડ્રે નામના સ્વીડનના એક વતનીએ કર્યો હતો. તેનું શું થયું તે કોઈ હજુ જાણી શક્યું નથી. ઉત્તર ધ્રુવની શોધ કરનારા બહાદુરોની નામાવલિમાં દરેક દેશના માણસો આવી ગયા છે. કૅપ્ટન સ્કૉટના કાફલાનો કમનસીબ અંત એક અમર કીર્તિરૂપ બન્યો છે. દક્ષિણ ધ્રુવ તરફ ગએલા કૅપ્ટન શૅકલ્ટન ૧૯૨૨માં સાઉથ જ્યૉર્જીઆ આગળ મૃત્યુ પામ્યા તેની તવારીખ તાજી છે. એમ છતાં એટલા જ ઝનુનથી સાહસિકો એ શોધ પાછળ લાગ્યા છે. હમણાં જ ચાર કાફલા એ બાબત માટે નીકળવા તૈયાર થયા છે. તેમાં એક તો ખાસ બનાવટના ઝેપલિનનો ઉપયોગ કરનાર છે. આવાં સાહસોને ડાહ્યા લોકો ગાંડાઈ કહેશે, પણ અમેરિકા, ઑસ્ટ્રેલીઆ અને હીંદુસ્તાનના ધણી આવા ગાંડા સાહસો કરનારા જ થઇ શક્યા છે.

કૅપ્ટન ઍમંડસન નામનો એક અઠંગ સાહસિક ઉત્તર ધ્રુવ તરફ ઉડીને પહોંચવા સારૂ ગયા મેની ૨૧ મી તારીખે ચડ્યો હતો તેનો એક માસથી કશો પત્તો ન હતો, અને દિલગારી સાથે સૌ માનતા કે ઉત્તર ધ્રુવની કીર્તિએ તેના સાહસિક જીવનનો એક વધારે ભોગ લીધો. પણ હમણાં જ એ ત્યાંથી સહીસલામત પાછો ફર્યાના સમાચાર આવ્યા છે.

નંબર ૨૪ અને ૨૫ નાં બે એરોપ્લેન લઇને એ વીર શોધક ઍમંડસન ચાર અઠવાડીઆંથી ઉત્તર ધ્રુવના પ્રદેશમાં ઉપડી ગયો હતો—ગુમ થયો હતો. આખું સ્પિટ્ઝબર્ગેન એના આગમનની કાગને ડોળે વાટ જોતું હતું. એને શોધવા વહાણો દોડાવ્યાં, પણ કશો પત્તો ન લાગ્યો. અચાનક એક વહાણ કાંઠે આવ્યું અને કોઈ બોલી ઉઠ્યું: 'ઍમંડસન! ઍમંડસન!' તલપાપડ થએલાં લોકોનાં ટોળાંએ એને વળગીને ધન્યવાદથી વધાવી લીધો.

એ ઉપડ્યો ત્યારે કહેતો ગયો હતો કે 'મામલો જીવસટોસટનો છે; મોતનો પંજો છે. કાં તો મરૂં છું, કાં તો જીવતો પાછો આવું છું. બંને વિમાનો ભાંગી જશે તોયે જો જીવીશ તો પગે ચાલીને પણ પાછો આવીશ.' ઉડવાની મજલ ૬૮૭ માઇલની હતી. જોકે એરોપ્લેનને માટે એ સાતઆઠ કલાકનું કામ હતું, પણ તેણે ૭ અઠવાડીઆંનું ભાતું સાથે

બાંધી લીધેલું: ઠંડીનો પોશાક, પગના ખાસ જોડા, બરફની લપસણી ગાડી, હોડી, પથારી, દારૂ, બંદુક, રાંધવાનો થોડો સામાન, બિસ્કિટ, ચૉકલેટ વગેરે.

પછી એણે પોતાના સાહસની બધી વાત માંડીને કહી:

'અમે ઉપડયા ને પવનનું ઘમસાણ નડયું. રાતના એક વાગ્યે એરોપ્લેનનું તેલ ખુટયું. દિશા પણ ભુલેલા, એટલે વિમાન નીચે બરફ પર ઉતાર્યાં. ૨૫ નંબરનું વિમાન એકદમ ઉંડા બરફમાં ખુંચી ગયું અને બીજાને પણ લેતું ગયું. દિવસો વીતતા ગયા, ખોરાક ખુટતો ગયો, પણ વિમાન નીકળ્યાં નહિ. અંતે બધું બળ એકત્ર કરી જેમતેમ અમે એક વિમાન તો કાઢયું. બચારૂં હલમલી ગયું હતું. બને તેટલો થોડો ભાર ભરી અમે પછીના ૨૪ દિવસ તોફાની આર્કટિક મહાસાગરમાં કાઢયા. અને ઠંડીની તો વાત જ ન પુછો. તોબા, ભગવાન! અમે ઉંદરની પેઠે મોતના સકંજામાં સપડાયા હતા. મારા સાથીઓ પાછળ આવતા હતા. એકવાર તો બે જણને માંડમાંડ દરીઆમાં ડુબી જતા બચાવ્યા. અંતે અમે ત્યાંના ૧૬૦ હજાર કિલોમિટર જેટલા પ્રદેશની માહીતી આપે તેવી ૬૦૦ છબીઓ પાડીને પાછા વળ્યા. રસ્તે અમે દાઢીવાળું સીલ પ્રાણી અને બે હંસો પણ જોયાં! મળી તેટલી માહીતી વડે અમે હવે આખો ઉત્તર ધ્રુવ આવતી સફરે માપી લઈશું.'

જીવ્યો ધન્ય, એ બહાદુર ઍમંડસન.

કૅપ્ટન રોનાલ્ડ ઍમંડસન—હીંમતબાજ સાહસિક ઍમંડસન—ઉત્તર ધ્રુવ પ્રદેશનો અઠંગ શોધક ઍમંડસન!—એનું જીવન પણ જાણવા જેવું છે.

એ નાનો હતો ત્યારથી માનતો કે ઉત્તર તરફથી પશ્ચિમ ગોળાર્ધમાં જવાને રસ્તો છે જ. ઇ. સ. ૧૯૦૩ માં ૩૧ વરસની ઉમરે એ એક નાનીશી બોટમાં ઉપડયો અને ઉત્તર–પશ્ચિમનો પંથ શોધી કાઢયો. હવે એને આખો દક્ષિણ ધ્રુવ પ્રદેશ જોવાજાણવાની મહત્વાકાંક્ષા જાગી. અને એ દક્ષિણ ધ્રુવ પ્રદેશ એટલે એક બીજો વધુ મોટો યૂરોપખંડ! ઇ. સ. ૧૯૧૧ ના મધ્ય ડિસેમ્બરમાં વીર ઍમંડસન અનેક મુશ્કેલીઓ કાપી દક્ષિણ ધ્રુવ પહોંચ્યો અને પોતાના દેશ નૉર્વેનો રાષ્ટ્રધ્વજ દક્ષિણ ધ્રુવ ઉપર રોપ્યો!

કૅપ્ટન કહે છે કે એ સફરની તૈયારી વેળાએ અમે ન પુરૂં ખાઈએ પીએ, કે ન નીરાંતે ઉંઘીએ. બસ, ઉલ્લાસનું પુર વહેતું, અને દૃષ્ટિમર્યાદામાં એક અપાર લાંબું, વિશાળ, સફેદ મેદાન... એનું રચેલું 'દક્ષિણ ધ્રુવ' નામનું પુસ્તક યુરોપની બધી ભાષામાં છપાયું છે.

વયે વૃદ્ધ પણ પ્રાણે જુવાન એ ઍમંડસનમાં જાણે નર્યું ચેતન ભર્યું છે. છ ફુટનું કદાવર શરીર, આસમાની આંખો અને ધ્રાડી ભમર, માથે ટાલ અને કંઠ ઘેરો. સાહસ, જોમ અને શક્તિનો જાણે ભંડાર! દેખાવે જાણે તોફાનની આંધીમાં ઉભેલો બરફનો પહાડ!

છતાં, હજી યે આવા વિજયથી એ જગતશોધક સાહસિક ફુલાઈ ગયો નથી. જીવન એને મન હમેશનું જુદ્ધ છે. એ તો કહે છે કે 'જીતો તો પણ આગળ જાઓ, હારો તો પણ આગળ ધપો!'

વીર અલુ

ધોળેરા– રોજકાને રસ્તે આઠદસ કોળી છુપા છુપા કંઇ મસલત કરતા હતા.

એક કહે, 'આજ સાંજના તો જાન આવવી જ જોઈએ. સાંભળ્યું છે કે બહદ માલદાર છે. જો આજ ફાવ્યા તો આપણું જન્મારાનું દળદર ફીટયું સમજો.'

સાંજ પડી. અંધારૂં ઘેરાવા માંડયું. થોડી વારે દૂરથી બળદની ઘુઘરમાળના આવતા અવાજે ટોળીનું ધ્યાન ખેંચ્યું. જાન સીવાય કોઈ જ બીજું ન હોય એની સૌને ખાતરી હતી. અવાજ જેમ પાસે આવતો ગયો તેમ સૌ સાવચેત થતા ગયા. જાનની મસાલો દૂરથી દેખાઈ કે સૌ કાંટમાં લપાયા.

જાન કાંટ પાસેથી નીકળી જરા આગળ ગઈ કે દસે જણ બહાર નીકળી તેના પર તુટી પડયા અને જેને જેમ ફાવ્યું તેમ લુટવા માંડયું. જાન સાથે એક જ વોળાવી હતો. પણ એ એકમાં પુરા પાંચનું જોર હતું. તે જાનથી જરા પાછળ રહેલો. હુમલો સાંભળી દોડતા આવી તેણે ત્રાડ પાડી, 'બાયલાઓ! બાઈ માણસને લુટતાં શરમ નથી આવતી?' લુટારાઓ પળવાર ખચકાને એ નવા આવનાર તરફ જોઈ રહ્યા. ત્યાં તો એ જુવાન લગોલગ આવી ગયો અને બોલ્યો, 'તમારા ભાર છે કે હું જીવતો છું ત્યાં સુધી તમે આંગળી યે ઉંચી કરી શકો?'

બીજી જ પળે, જાનને પડતી મુકીને સૌ એના પર તુટી પડયા. ધીંગાણું ઠીક જામ્યું. એ પાંચ પળમાં તો એ જુવાને લુટારાઓને તોબા પોકરાવી અને બેએકને ધુળ ચાટતા કરી દીધા. એવામાં એની તલવાર ભાંગી ગઈ. છતાં એ ઠુંઠી તલવાર લઈ ઘુમતો જ રહ્યો. અરધઘડીમાં તો લુટારાઓએ એને ઘેરી લીધો. લડતો લડતો એ વીર ત્યાં ખતમ થયો.

આજ એ ઠેકાણે એ વીર અલુની યાદ આપતો એક નાનોશો પાળીઓ છિન્નભિન્ન ઉભો છે. **કાન્તિ જોશી**

પૅઆઓ નરમી

'જીતનાર, પૅઆઓ નરમી, ફિનલૅન્ડનો; વખત ૯ મીનીટ ૮ સેકંડ: દુનીઆમાં અત્યાર સુધી કદિ નહિ નોંધાએલો વખત!' બ્રુકલિનના લશ્કરી ચોગાનમાં શરતનું પરિણામ જણાવનાર અમલદારે પોકાર કર્યો, અને હર્ષથી ગાંડાતુર થએલાં બાર હજાર સ્ત્રીપુરુષોએ, આભ ફાડી નાખે



પૅઆઓ નરમી દોડતો



પૅઆઓ નરમી

તેના હર્દના અવાજેથી એ નાનાસરખા દોડનારને વગાડ્યો.

દુનીઆઆખીમાં કોઈ કદિ નહિ દોડેલું, તેટલા થોડા વખતમાં, પૅઆઓ નરમી લાંબી અને ટુંકી દોડની શરતોમાં જીતતો આવ્યો છે. મુળ એ ફિનલૅન્ડનો વતની. અમેરિકા જતાં પહેલાં તેણે દુનીઆના ઓગણીસ સર્વોપરિ દોડનારને હરાવ્યા. શારીરિક બળ, વર્ષોની અખંડ મહેનત, અને દુનીઆના સર્વોપરિ દોડનાર બનવાની દૃઢ મહત્ત્વાકાંક્ષાવાળા આ ૨૮ વરસના તરુણે, પોતાના પ્રચંડ હરીફ 'જોરે'ને અમેરિકામાં જઇ હરાવ્યો અને બાર હજાર અમેરિકનોનો ધન્યવાદ મેળવ્યો

મોટા અમેરિકન વ્યાયામ શિક્ષક જૅાપ થોર્પ તેને માટે કહે છે કે મોટા બનવાની પ્રબળ ઈચ્છા ધરાવનાર, દૃઢ નિશ્ચય ને અથાગ મહેનતથી શું નથી કરી શકતો ? નરમી આખી યે આલમના દોડનાર છોકરાઓનો આદર્શ છે. તે પહેલાં બહુ વિચિત્ર છોકરો હતો. પણ વરસોની મહેનત પછી દોડવાની શક્તિ કેળવી. આજે તે જગત આખામાં અદ્ભુત દોડનાર બન્યો છે.

આજે સુધી અમેરિકામાં ૪ મીનીટ અને દોઢ સેકંડથી ઓછા વખતમાં કોઈ જ ૧૫૦૦ મીટર દોડ્યું નથી, જ્યારે નરમી ૩ મીનીટ ૫૩ સેકન્ડમાં તેટલું અંતર દોડ્યો. તે જ નરમીને શરૂઆતમાં ૧૫૦૦ મીટર દોડતાં ૫ મીનીટ ૬ સેકંડ થએલી; પરંતુ તે વખતે તે ગામડી નીશાળમાં ભણતો હતો. પંદર વરસ સુધી તેણે દોડવાની તાલીમ લીધી ! કોઇવાર તેને દસબાર સેકંડ ઓછી લાગતી, તો કોઇવાર તેટલા વખતમાં દોડતાં તે હાંફી જતો. ને આજે ? તેને ૧૫૦૦ મીટર દોડતાં અગાઉ કરતાં ૭૩ સેકંડ ઓછી લાગે છે.

દોડવાની શક્તિ તેનામાં કુદરતી નથી. તેના બાપદાદા હાથમજુરી કરનાર સુતાર હતા. ૧૯૦૬ માં વિલ જેરવીનેન નામનો ફિનલૅન્ડનો વતની પહેલી જ વાર 'ઍથેન્સ ઓલિંપિક' શરતોમાં જીત્યો, અને તે દિવસથી નરમીમાં દુનીઆના મોટામાં મોટા દોડનાર બનવાની મહત્ત્વાકાંક્ષા જાગી.

૧૯૧૨માં સ્ટૉકહોમની ઓલિંપિક શરતોમાં હૅન્સ કૉલેહમેનેન નામનો બીજો ફિનલૅન્ડવાસી જાગ્યો. તેણે ત્રણ દોડમાં જીત મેળવી. આ જીતે નરમીમાં વધુ પ્રેરણા રેડી. તે જ વરસથી તેણે વધુ પ્રયત્નો આદર્યાં. આઠ વર્ષ પછી ઍન્ટવર્પની ઓલિંપિક શરતોમાં તે હૅન્સ કરતાં પણ ચડી ગયો !

તે દસ વરસનો હતો ત્યારથી જ દોડતો. પણ મોટા દોડનાર થવા ઉપરાંત, મોટા ઍન્જીનીઅર થવાની પણ તેની નેમ હતી. પંદરમે વરસે નીશાળ છોડી ને એક એન્જીનીઅરિંગ કંપનીમાં મજુર છોકરા તરીકે ત્રણ વરસ સુધી તે કામ શીખ્યો. ધીમેધીમે તેને એ લાઇનમાં વધુ રસ પડવા લાગ્યો, અને ૧૯૧૫ માં તેણે ફિનલૅન્ડની સરકાર પાસેથી વધુ ભણવા માટે સ્કૉલરશિપ મેળવી. ૧૯૧૮માં તો તે એન્જીનીઅરિંગનો ગ્રૅજ્યુએટ પણ થયો.

આપણો ઇતિહાસ


'ગુજરાત' માસિકમાં એના તંત્રી શ્રી કનૈયાલાલ મુનશી 'સ્વપ્નદ્રષ્ટા' નામની સુંદર ચાલુ વાર્તા લખી રહ્યા છે. તેમાં છેલ્લા બે હપતાથી એ વાર્તાના નાયક સુદર્શનનો બાલ્યકાળ, તેના મનોરથ અને તેનું ઘડતર કેમ થયું તેનું વર્ણન આવે છે. જેને એ મળી શકે તેને વાંચવાની ભલામણ કરી, તેમાંનો એક ટુકડો વાનગી દાખલ આ નીચે ઉતારીએ છીએ :

"પોતાના પાદરીકૃત હીંદના ઇતિહાસ તરફ સુદર્શન ફર્યો, અને સિંહગઢથી સ્મિથના બંગલા સુધીની હીંદની કારકીર્દિ સમજવાનો પ્રયત્ન કર્યો. પાદરીએ અંગ્રેજી ગર્વથી ઇતિહાસ લખ્યો હતો; એમે દેશીઓની શક્તિ, ન્યાય કે લાગણીને માન આપવાની પરવા કરી નહોતી. તેને મન હીંદીઓ એટલે જંગલી ને નિર્માલ્ય પ્રજા; અંગ્રેજ એટલે દેવના દૂત; અને

ઇતિહાસ એટલે કાળા રાવણ પર ગોરા રામના વિજયનું રામાયણ! સુદર્શને આ અ ામતાનું વિષ, ઘુંટડે ઘુંટડે પીધું. દરેક પાને હાર, નિર્વીર્યતા ને અવ્યવસ્થા મૂર્તિમાન થયાં. કંપની આવી; પટા લી ા; થાણા થાપ્યાં; દેશીઓને દેશ વિરૂદ્ધ તૈયાર કર્યા; દેશી રાજાઓને માંહોમાંહે લડાવ્યા; પ્લાસીના ક્ષેત્ર પર પરદેશી કંપનીએ સ્વદેશી લોહી વડે સત્તા ખરીદી; મ્હૈસુર પડયું; અવધ પડયું; બંગાલ પડયું; અંધારામાં ગભરાતા સૈનિકોની માફક દેશીઓએ દેશીઓનાં ગળાં કાપ્યા કર્યાં. મુગલ સલ્તનતનું ભભકભર્યું ગૌરવ ધુળભેગું થયું. મરાઠી સત્તા નબળા પાંયાનો ભોગ થઈ પડવા લાગી. ખડકીને ક્ષેત્રે વેપારી કંપની હીંદની ધણી થઈ. સત્તાવનના બળવે અંગ્રેજી સલ્તનત મુગલાઈ સિંહાસને ચઢી. સુદર્શન ફાટેલી આંખે, શરમથી કંપાયમાન, પરાજયની તીવ્ર વેદનાથી તરફડતો હાથમાંથી પુસ્તક ફેંકી ભોંય ફસડાઇ પડયો; ને દેશની અ ામતાનું લાંછન ઉનાં આંસુથી ધોવાને નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યો.

ઘડીઆળનો ઇતિહાસ

દુનીઆમાં પહેલવહેલી સૂર્ય-ઘડીઆળ હતી. તે વડે સૂર્યનાં તેજછાયાના વિસ્તાર માપીને વખત જાણી શકાતો. ત્યાર પછી શાલ્ડીઅન અને ઇજીપ્શિયન લોકોએ 'ક્લીપ્સિદ્રા' નામની ઘડીઆળ બનાવી. ગ્રીસ, બૅબિલોન અને હીંદુસ્તાનમાં પણ એ વપરાતી. અત્યારે પણ એવાં સંખ્યાબંધ ઘડીઆળ વપરાય છે. તેનું ચિત્ર અહીં આપ્યું છે. નીચેની પાણીની બરણીમાં ગળતીની પેઠે એકસરખું અને નિયમિત પાણી ટપકયા કરે છે. પાણીમાં એક ગઠ્ઠો તરતો મુકયો હોય છે, તે, બરણીમાંનું પાણી જેમ ઉંચું ચડતું જાય તેમ ઉંચો ચડતો જાય છે. એ ગઠ્ઠો એક સળીઆની જોડે બાંધીને, એ સળીઆને, મથાળે, આંકડાવાળા ચંદા પર એક કાંટા સાથે એવી રીતે જોડયો હોય છે કે, ગઠ્ઠાની સાથે જેમ સળીઓ ઉંચો ચડે તેમ પેલો કાંટો હલે અને વખત બતાવે.



આ ઘડીઆળની શોધ થયા પછી લિટપ્રેન્ડ નામના પાદરીએ ઈ. સ. ૩૩૦માં રજ-યંત્ર બનાવ્યું, તે તો હજી પણ ઘણે ઠેકાણે પ્રચલિત છે. શરૂઆતમાં તો એમાં કાળા આરસની રજને દળી, દારૂમાં ૯ વાર બાફી, ઉકાળીને ભરવામાં આવતી. ઇંગ્લંડના રાજા મહાન આલ્ફ્રેડે મીણબત્તીની ઘડીઆળ બનાવી હતી. એકેક ઇંચીઆ કાપાવાળી મીણબત્તી પોલીસના પહેરા નીચે બળતી. ૨૦ મીનીટે એક કાપો બળી રહે, અને પહેરેગીર ઘડીઆળના ડંકા મારે.

હવે તો કોલસા, વાંસ અને ઘાસનાં ઘડીઆળો, અને વાયરલેસથી ચાવીઓ દેવાનાં સાધનોનો જમાનો આવી ગયો!

લીલો મેવો

બ્રિટનનાં બે મોટામાં મોટાં ઘરાક હીંદુસ્તાન અને અમેરિકા છે.

દુનીઆમાં સૌથી વધુ કોયલાની ખાણોવાળી જમીન (આશરે ત્રણ લાખ ચોરસ માઈલ) ચીનમાં છે.

અમેરિકામાં ઈસ્ટ ઇન્ડીઝ ટાપુઓના પૂર્વસુમાત્રા બેટમાં દુનીઆને સૌથી વધારે કલાઈ પુરી પાડે એવી જમીન છે.

આજ સુધી વીએના દુનીઆનાં શહેરોમાં સાતમે નંબરે હતું. હવેથી ટોકીયોએ તે નંબર મેળવ્યો છે.

જે પ્રદેશમાં ૫૦ ડિગ્રી ગરમી પડે અને વરસે દહાડે ૩૦ ઇંચ વરસાદ પડતો હોય ત્યાં જ જંગલો સંભવે છે.

સોનાથી પણ કીંમતી પ્લૅટિનમ નામની ધાતુ ખાસ કરીને યુરલ પર્વતના એકટેરિન્બર્ગ ભાગમાંથી મળે છે.

કોકો, ઝાડના છાંયા નીચે ઉગે છે.

દુનીઆની હાથીદાંતની પેદાશનો પોણો ભાગ આફ્રીકામાંથી જ આવે છે, પણ તેની બજાર તો ખાસ કરીને બેલ્જીઅમના ઍન્ટવર્પ શહેરમાં ભરાય છે.

ડેન્માર્કમાં એવો કાયદો છે કે જે માણસ જંગલો કાપી નાખે તેણે તેટલા પુરતાં ઝાડ વાવવાં જોઇએ.

અમેરિકાના પેન્સિલ્વેનિયા પ્રાંતમાં ૨૦૦ માઈલ લાંબા એક જમીનના ટુકડામાં ૪૦,૦૦૦ તેલના કુવાઓ છે.

રશીઆના બેપંચમાંશ ભાગમાં જંગલ જ જંગલ છે.

હીંદી નટો (ઍકટરો) વડે તૈયાર કરેલી, 'પદ્મિની' નામની પહેલવહેલી સીનેમા ફિલ્મ હમણાં ઇંગ્લંડમાં બતાવવામાં આવી છે.

બ્રિટનને બાદ કરીએ તો સુએઝની નહેર વાટે ઝાઝા ટન માલ મોકલનાર દેશ હોલંડ છે.

દુનીઆઆખીના કપાસનો બેતૃતીઆંશ યુનાઇટેડ સ્ટેટ્સમા જ થાય છે.

જર્મનીના એક પ્રોફેસર પાસે ૨૫૦ જાતિની બોલીઓનો સંગ્રહ છે. તે ઉપરાંત પ્રાણીઓની બોલીઓનો સંગ્રહ પણ છે. ફોનોગ્રાફથી તે સંભળાવે છે અને પડદા ઉપર લખેલો નમુનો બતાવે છે.

હમણાં હમણાં એક નવો શબ્દ ઘણીવાર આપણી અડફેટે આવે છે: 'રેડીઓ'. રેડીઓ એટલે વાયરલેસ-દોરડાં વિનાના તાર. અમેરિકા તો એ રેડીઓની પાછળ ઘેલું

બન્યું છે. રેડીઓની મદદથી, ઘેર બેઠાં, હજારો માઈલ દૂરનાં ગીતો સાંભળવા, નાચરંગ જોવા, મોઢાની કે લેખીત વાતચિત કરવી, ફોટા પાડવા વગેરે ચમત્કારો અનુભવવાનો ત્યાંના દરેક જણને જાણે નાદ લાગ્યો છે.

અમેરિકાના શિકાગો શહેરના એક દરજીએ હમણાં એક ઉડતી સાઈકલ બનાવી છે. રોજ સાંજે પોતાના કામધંધાથી પરવારી એ આ અખતરા પાછળ મચતો, અને એવી પચીસ વર્ષની અખંડ મહેનત પછી આજ તે સફળ થયો છે. એ સાઈકલ ઉપર ગોળ ભુંગળાં અને ચક્કરની બે પાંખો ગોઠવી છે. પેડલ ફરતાં જાય તેમ પાંખો ફફડે અને સાઈકલ ઉંચે ચડે!

જર્મનીના એક માણસે એક નવું યંત્ર શોધ્યું છે. ટપાલના પત્તા જેવડી ૬૦૦ થી ૮૦૦ શબ્દો સમાઈ શકે એવડી એક જીલેટાઈનની ફિલ્મ તૈયાર કરી છે. પછી જેમ ફોનોગ્રાફની પ્લેટમાં ગાયન ઉતરે છે, તેમ આપણે ટપાલમાં જે સમાચાર મોકલવા હોય તે તેમાં ઉતરી જાય છે. એ ફિલ્મ ટપાલમાં સામા માણસને મળે, અને એ ફોનોગ્રાફ ઉપર ચડાવે એટલે આપણો બોલેબોલ સંભળાય! ટપાલ વાંચવાને બદલે કાનોકાન સાંભળી જ લેવી!

આજકાલ કૅલીકો શબ્દ બોલવાની કોઈને નવાઈ નથી, પણ એ શબ્દનું મુળ ભારે રમુજી છે. સેંકડો વરસ પૂર્વે મલબારના એક મહારાજાએ પોતાના એક સામંત પર ખુશ થઈ, અમુક મંદિરમાંનો કુકડો કૂકરેકૂક કરે, તે આસપાસ જેટલે દૂર સુધી સંભળાય, તેટલી જમીન એને ભેટ આપી એ ઠેકાણે જે ગામ વસ્યું, તેનું નામ કાલિકોડા (અથવા 'કૂકરેકૂક') એમ પડ્યું, તેના પરથી કાલિકટ થયું. અને આ કાલિકટથી જ સુતરાઉ કાપડ પહેલવહેલું વિલાયત જવા લાગ્યું, અને તેનું નામ કૅલીકો પડયું.

કાંગારૂ પ્રાણી ૬૦ થી ૭૦ ફુટનો લાંબો કુદકો સહેજે મારી શકે છે! ઘોડો લાંબામાં લાંબો કુદકો ૩૦ ફુટ મારી શકે.

ખજુર અને ખારેકમાં એટલાં બધાં પોષક તત્ત્વો છે કે માંસાહાર કરતાં પણ તે બમણી શક્તિ આપનારાં છે; અને છતાં આખો દહાડો બેસી રહીને કામ કર્યા કરનારને પણ તે હજમ થઈ જાય છે. તેને રાંધવાની જરૂર નથી પડતી, એટલે વળી એ વધારે સસ્તાં પડે છે; અને પાછાં સ્વાદિષ્ટ! આપણા કમનશીબ દેશની સ્ત્રીઓએ એ ખારેક અને બદામ ઘસીને છોકરાંને ચટાડવાની છોડી દીધી છે અને ભારે ખરચે વિલાયતી 'ફુડ' ખવડાવવા માંડયાં છે! (ગુ. કેસરી)



તરૂણ આંધ ચિત્રકાર સ્વ. રામરાવે પોતાના અવસાન સુધીમાં આશરે ત્રણસો ઉપરાંત ચિત્રો દોરેલાં છે. એ બધાં ચિત્રો આવતી તા. ૧૮મીએ રાજમહેન્દ્રીમાં 'દામરલ્લા રામરાવ આર્ટ ગૅલેરી'ના નામથી જાહેર ઉપયોગ માટે ખુલ્લાં મુકવામાં આવશે. તેની સાથે આંધ્ર આર્ટસ્કુલના વિદ્યાર્થીઓનાં પણ થોડાં ચિત્રો મુકવામાં આવનાર છે.

આવતા આસો વદમાં ઉમરેઠ વિદ્યાર્થીમંડળનું ચોથું સંમેલન ભરાવાનું છે.

કાઠીઆવાડના ટાણા ગામમાં એક કન્યા પાણી સીંચતાં કુવામાં પડી ગઈ. પાસે ઉભેલી સ્ત્રીઓની ચીસ સાંભળી એક જુવાન દોડયો આવ્યો અને તત્કાળ લુગડાં સાથે કુવામાં ઝંપલાવી, બાળાને જીવતી બહાર કાઢી.

સુરતની પારસી બૅટેલીઅનના સારજંટ અરદેશર પંડોલ, બરજોરજી પાલીઆ તથા હર્બર્ટ નામના ત્રણ જણ સાઈકલ પર આખી દુનીઆની મુસાફરી કરવા ઉપડવાના છે.

ઇંગ્લંડનો મિ. રલ્ફ સ્ટોક નામનો એક લેખક ટેમ્સ નદી ઉપર એક સબમરિનમાં જ પોતાનું ઘર કરીને રહે છે, એટલે એને કોઈ પણ જાતના કરવેરા આપવા નથી પડતા!

અમેરિકાના ૪૫૦ વિદ્યાર્થીઓને લઈને એક વહાણ યુનિવર્સિટીને ખરચે જગતનો પ્રવાસ કરવા નીકળવાનું છે. આઠ મહીના સુધી આ વહાણ દેશદેશને કિનારે સફર કરશે અને વિદ્યાર્થીઓને તે તમામ સ્થળોનું અવલોકન કરવાની સગવડ અપાશે. રસ્તામાં વહાણની અંદર વર્ગો પણ જેમના તેમ ચાલુ જ રહેશે.

ફ્રાંસના એક કરોડપતિએ ૧૦૭૦૦૦ પાઉંડ પારીસ પાસે એક બાગ બનાવવાને માટે આપ્યા છે. તેમાં ગરીબ વિદ્યાર્થીઓને જુજ ખર્ચે રાખવામાં આવશે.

અમેરિકાના ફિલાડેલ્ફીઆ શહેરમાં ધરતીકંપ થયો અને જેલ તુટી ગઈ, તેથી કેદીઓએ, પ્રભુ તરફથી છુટકારો થયો માની પોતપોતાને મનગમતો માર્ગ લીધો છે!

આવતે મહીને

કુમારીઓને અનુકુળ રસસામગ્રીવાળો

વીરપસલી અંક

ભુલ

ગયા અંકની જ્ઞાનલીલાના બીજા સવાલમાં પાંચમા શબ્દનો અર્થ 'હડસેલા' નહિ પણ 'એક જાતિ' એવો થાય છે.